નડીઆદના શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય દ્વારા
પ્રકાશિત ગ્રંથમાલા

ग्रन्थरत्न १५

## श्रीमद्वल्लभाचार्य विरचितं

# ॥ नवरत्न ॥

પ્રાચીન સંસ્કૃત ટીકાઓના આધારે
શાસ્ત્રી વસંતરામ હરિકૃષ્ણે રચેલી
શુદ્ધ ગુજરાતી સરળ અને વિસ્તારવાળી ટીકા સાથે

છપાવી પ્રકટ કરનાર

**ત્રીભોવનદાસ પીતાંબરદાસ શાહ.**
શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી અને
શ્રીવલ્લભીય ગ્રંથપ્રકાશક ફંડના વ્યવસ્થાપક,
નડિયાદ.

સંવત ૧૯૯૯ વલ્લભાબ્દ ૪૩૫

અમદાવાદ
ધી 'ગુજરાત' પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યો.

ન્યોછાવર અઢી આના.

॥ विजयतान्तरां श्रीवागीशचरणाः ॥

# પ્રાસંગિક.

શ્રીમદ્વલ્લભાધીશ્વરવિરચિત ષોડશ ગ્રંથો પૈકી **શ્રીનવરત્ન** ગ્રંથ કેટલું સાંપ્રદાયિક તારતમ્ય ઉપદેશે છે, અને ભગવદીયોને ઉત્પન્ન થતી અનેક શંકાઓનું કેવું સંતોષકારક સરલ સમાધાન કરે છે, એ વિષયપરત્વે અત્ર વિશેષ વિવેચન ન કરતાં ઉપોદ્ઘાત અને ગ્રંથનું પરિશીલન કરવાની સૂચના કરીને જ વિરમું છું.

**સિદ્ધાંતરહસ્ય** પછી **નવરત્ન** ગ્રંથનો ઉપક્રમ છે, માટે તે ગ્રંથ પછી તેનો અનુવાદ ટીકાદ્વયનો આશ્રય લઇને સરલ ગુર્જરભાષામાં કરવામાં આવ્યો છે. પ્રથમ ટીકા તો શ્રીમદગ્નિકુમાર સાક્ષાત્ શ્રીવિઠ્ઠલાધીશ્વરની જ છે. તેની સંજ્ઞા 'નવરત્નપ્રકાશ' છે. દ્વિતીય ટીકા દશદિગંતવિજયી ગોસ્વામિકુલભૂષણ શ્રીમત્પુરુષોત્તમજી મહારાજની છે. બંને ટીકાઓ વૈષ્ણવપરિષત્કાર્યાલયમાંથી જ ઉપલબ્ધ થઇ છે. 'નવરત્નપ્રકાશ' માં લેખકના સ્ખલનથી કેટલેક ઠેકાણે મૂલપાઠનો તિરોભાવ થયલો લાગતાં કોસીવાલા વૈષ્ણવ **મુરલીદાસ** પાસેથી તે ટીકાનું એક આદર્શ પુસ્તક મેલવીને તેના સાહાય્યથી મૂલ શુદ્ધ પાઠ યોજવામાં આવ્યો છે. વૈષ્ણવ મુરલીદાસજી અવારનવાર પુસ્તકદાન કરી જે સાહાય્ય કરે છે, તેને માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે. **શ્રીપુરુષોત્તમજી**કૃત ટીકાનું નામ 'વિવરણ' છે. તેઓશ્રીએ **નવરત્ન**ગ્રંથ ઉપર સ્વતંત્ર ટીકા ન યોજતાં શ્રીગુંસાઇજીએ કરેલી ટીકાનું તાત્પર્ય સમજાવવામાં જ કૃતકૃત્યતા માની છે. જનકજન્ય વચ્ચે ભેદનું દર્શન ઇતરવત્ તેમને થયલું જ નથી. આ ટીકાદર્શ પુસ્તક ઘણે સ્થળે અશુદ્ધ છે. તેનું અન્યાદર્શના અભાવમાં શોધન થયું નથી; પરંતુ સંદિગ્ધ સ્થલો કે અસંતોષનું બીજ તો રહેવા પામ્યું નથી. એ સર્વ ભગવચ્છાસ્ત્રાધ્યાપક વે. શા. સં. **મન્નલાલશાસ્ત્રીજીની** કૃપાથી જ થયું છે, એમ હું માનું છું.

આ ગ્રંથ ઉપર આ બે ટીકા ઉપરાંત શ્રીમદગ્નિકુમારપૌત્ર શ્રીમુરલીધરજીની અને ગીતાટીકાકર્તા શ્રીવલ્લભજીની એમ બંને ટીકાઓ છે, અને ઘણું કરીને તે તૃતીયગૃહના શ્રીદ્વારકાધીશના (કાંકરોલીમાંના) સરસ્વતીગૃહને અલંકૃત કરે છે, એમ શ્રવણપથને પ્રાપ્ત થયું છે, પણ તેનું હું દર્શન કરવા

ભાગ્યશાળી થયો નથી. વળી એક પાંચમી પં. લાલૂભટ્ટજીએ પણ કરેલી છે, એમ સાંભળ્યું છે.

આ ગ્રંથનું પૃથક્ પૃથક્ ભાષાંતર કેટલાક વર્ષો પહેલાં બે ગોસ્વામીઓ તરફથી મુદ્રિત થયું હતું. એક તો ગોસ્વામી શ્રી ૬. શ્રીવિઠ્ઠલેશરાયજીકૃત ઠા. દયાલ મૂલજીએ સંવત ૧૯૩૯ માં પ્રસિદ્ધ કર્યું હતું. બીજું ગોસ્વામિકુલકમલદિવાકર શ્રીમન્નૃસિંહલાલજી તરફથી પ્રકટ થયું હતું. ગોસ્વામિશ્રીવિઠ્ઠલેશરાયજી પોતે વિદ્વાન્ અને સ્વસંપ્રદાયમાં આસક્તિવાળા હતા, અને મુંબાઇના વૈષ્ણવોને યથાસમય શ્રીવાક્પતિવાક્સુધાનું પાન કરાવતા હતા, એમ તેમના વાગમૃતનું પાન કરનાર વૈષ્ણવો કહે છે. તેમના પછી અત્યાર સુધીમાં કોઇપણ ગોસ્વામિબાલકે વૈષ્ણવો ઉપર આવી કૃપા કરી હોય, એમ મેં સાંભળ્યું નથી. તેમણે **નવરત્નનું** ભાષાંતર શ્રીગુંસાઇજી અને શ્રીપુરુષોત્તમજીની ટીકાઓને આધારે જ કર્યું છે. એ પુસ્તક મને મારા મિત્ર રા. રા. ભગવાનદાસ હરિકૃષ્ણદાસ પુરોહિત તરફથી મળ્યું હતું. એમાંની ભાષાંતરની શૈલી અક્ષરાર્થ કરીને જ અટકવાની છે, વિસ્તારપૂર્વક લખીને સમજાવવાની નથી. મહારાજશ્રી જ્યારે વૈષ્ણવોને ગ્રંથો સમજાવતા ત્યારે તેને વૈષ્ણવો લખી લેતા, પછી સંગ્રહ કરીને મુદ્રિત કરતા એમ તેની પ્રસ્તાવનાથી જણાય છે. અર્થાત્ મહારાજશ્રીનો ઉદ્દેશ ખાસ ભાષાંતર કરીને, તેને પ્રસિદ્ધ કરીને વૈષ્ણવોને લાભ આપવાનો ન હતો. આવાં ભાષાંતરો સુબોધ અને સુગમ ન થાય એ સ્વાભાવિક છે. બીજું ભાષાંતર ગોસ્વામિશ્રીનૃસિંહલાલજી તરફથી પ્રકટ થયલું છે. તેમાં ફક્ત શ્રીગુંસાઇજીની ટીકાનો જ સમાશ્રય કર્યો છે, એ વ્રજભાષામાં છે. તે કેટલેક અંશે સરલ હોવાથી સમજાય એવું લાગે છે. શ્રીનૃસિંહલાલજી મહારાજનો વૈષ્ણવોને પરિચય કરાવવો એ સૂર્યને ઓલખાવવા બરોબર છે.

ગ્રંથપ્રકાશક રા. ત્રિભુવનદાસભાઇની સૂચનાથી આ ભાષાંતર વિસ્તૃત અને સરલ બનાવવામાં આવ્યું છે. શૈલી તો **સિદ્ધાંતરહસ્ય** જેવી જ રાખી છે.

**સિદ્ધાંતરહસ્યની** પ્રસ્તાવનામાં મેં લખ્યું હતું કે આ ગ્રંથમાલાના પૂર્વે પ્રકટ થયલા ગ્રંથો સંપ્રદાયમર્મજ્ઞ શાસ્ત્રીજી છગનલાલને હસ્તે લખાયલા છે અને હવેથી પણ તેમને હસ્તે જ લખાશે. શાસ્ત્રીજી છગનલાલજીએ આ ગ્રંથમાલામાં જે ગ્રંથો પ્રકટ કરવા આપ્યા હતા, તે પહેલાં એકવાર તેમને જ હસ્તે પ્રસિદ્ધ થઈ ગયલા હતા. તે સર્વ જ્યારે પ્રસિદ્ધ થઇ રહ્યા ત્યારે **સિદ્ધાંત-**

રહસ્યાદિ ગ્રંથો પૂર્વે પોતે સવિસ્તૃત પ્રસિદ્ધ ન કરેલા હોવાથી ટીકાઓને આધારે સવિસ્તૃત નવા લખવાની આવશ્યકતા ઉભી થઇ. એક તરફ શાસ્ત્રીજીની વૃદ્ધાવસ્થા, એક તરફ શં. માધવતીર્થ અને તેમને અનુસરનારી 'ટોળકી' ( સુરત, શંકરજયંત્યુત્તેજકસમાજ ) તરફથી થયલા હુમલાનો જવાબ આપવો, વગેરે કાર્યજાલ, અને અન્ય કંઇ કારણથી શાસ્ત્રીજીએ નવીન ગ્રંથો લખવાની પ્રકાશકને અશક્તિ જાહેર કરી. પ્રકાશકે શાસ્ત્રીજી મગ્નલાલભાઇ ઉપર પત્ર લખ્યું અને જણાવ્યું કે આ આરબ્ધ કાર્ય અપૂર્ણ ન રહિ જાય, માટે આ સંબંધે આપના તરફથી કંઇ મદદ મળે તો તે ઘણીજ ઉપયોગી થઇ પડે. શાસ્ત્રીજી મગ્નલાલભાઇ અનેકકાર્યવ્યાકુલ હોવાથી પોતે તે કાર્ય કરવાનું ન સ્વીકારતાં મને સોંપ્યું. જોકે તે કાર્ય યથાયોગ્ય હું કરી શકું એવી મારામાં યોગ્યતા ન હતી, પરંતુ તેમણે પોતાના તરફથી અપેક્ષિત યોગ્ય સાહાય્ય આપવાનું કબૂલ કર્યું ત્યારે મેં આ કાર્ય ઉપાડી લીધું. અવશિષ્ટ સિદ્ધાંતરહસ્ય ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો. તે પહેલુંજ કાર્ય હોવાથી તે કરવામાં મને સ્વાભાવિક ઘણો જ વિલંબ થયો. એટલે પ્રકાશકે પુનઃ શાસ્ત્રીજીને ( છગનલાલજી ) ને વિનતિ કરી કે આપ હવે સમય હોય તો આ કાર્ય કરવા યત્ન કરશો. શાસ્ત્રીજી છગનલાલજીએ તે કાર્ય કરવાનું કબૂલ્યું એટલે પ્રકાશક તરફથી તે કબૂલ્યાનું વૃત્તાંત સાંભળીને મને આનંદ થયો, તેથી મેં સિદ્ધાંતરહસ્યની પ્રસ્તાવનામાં આગળના ગ્રંથો એમને હાથે લખાવાનું લખ્યું હતું. પછી '**અંતઃકરણ પ્રબોધ**' ગ્રંથ શાસ્ત્રીજીએ લખી પણ આપ્યો, તે મુદ્રિત પણ થઇ ગયો છે. ત્યારપછી **નવરત્ન** લખવાનો પણ શાસ્ત્રીજીએ આરંભ કરી દીધો હતો. જ્યારે તેઓ અત્ર આવ્યા ત્યારે પોતે **નવરત્ન** પ્રારંભવાનું મને કહ્યું હતું. પરંતુ ભગવદિચ્છા કંઈઓર જ હોવાથી પ્રકાશકે આરબ્ધ કાર્ય પૂર્ણ કર્યા વગર જ શાસ્ત્રીજીએ આ લોકનો ત્યાગ કર્યો. શાસ્ત્રીજીના પરલોકગમનથી આખા સંપ્રદાયને અને વિશેષતઃ આ ગ્રંથમાલાને ઘણી જ હાનિ પોંચી છે. શાસ્ત્રીજીએ ભગવન્નામસેવા કરી પોતાનું નામ ચિરસ્મરણીય કર્યું છે, એ નિઃસંદિગ્ધ છે. હવે પુનઃ આ કાર્ય કરવાની મને જ સૂચના થઇ. હું કંઇ સમર્થ પંડિત કે સાંપ્રદાયિક મર્મનો એટલો બધો જ્ઞાતા નથી, કે આ કાર્ય વિના વિલંબે કરી શકું. બીજું તે કાર્ય પ્રધાનપણે પણ મારાથી નથી બનતું, કેમકે તેથી અભ્યાસમાં સ્ખલન થાય. આ જ કારણે આ ગ્રંથનો ઉપોદ્ઘાત લખવાને પણ રા. **મૂલચંદ્ર તુલસીદાસ તેલીવાલા,** B. A., એઓને જણાવ્યું. તેઓએ આ કાર્ય સહર્ષ સ્વીકાર્યું, માટે તેમની કૃતજ્ઞતા પણ પુનઃપુનઃ સ્મરૂં છું. વળી જે કાર્ય આરંભ્યું હોય તે સારૂં થવાને

ગમે એટલા સમયનો ભોગ આપવો પડે તો આપવો, પરંતુ કાર્ય સંગીન કરવું આ જ દૃષ્ટિબિંદુથી આ કાય થાય છે, તેથી પણ વિલંબનો અવકાશ રહે છે.

પૂર્વ ગ્રંથવત્ આ ગ્રંથમાં પણ કંઈ સંતોષકારક જણાતું હોય, તેથી કંઇ અસર થતી હોય તો તે ભગવચ્છાસ્ત્રાધ્યાપક શાસ્ત્રીજી મગનલાલભાઈના સાંપ્રદાયિક ગ્રંથના અધ્યાપનનું જ ફલ છે, એમ વૈષ્ણવગણે અવધારવું.

વૈષ્ણવપરિષત્કાર્યાલય,
મુંબાઇ, ૪.
વલ્લભાબ્દ ૪૩૫.

આચાર્ય ચરણપરાગાનુરાગી,

વસંતરામ હરિકૃષ્ણ ભટ્ટ.

# श्रीनवरत्नतात्पर्य.

સૃષ્ટિમાં પ્રકટ થઇને પરમ કલ્યાણ પ્રાપ્ત કરવાની ઇચ્છા સર્વ વિચારશીલ મનુષ્યને થાય છે. અનિત્ય મોહક સાંસારિક સુખ પ્રાપ્ત કરવામાં કૃતાર્થતા તેઓ માનતા નથી. સર્વત્ર દૃષ્ટિ નાખવાથી તેમનો નિશ્ચય થાય છે કે સકલ જગત્‌માં પરમ આનન્દ–સુખનું નિધાન પ્રભુ–રસરૂપ–કૃષ્ણ સિવાય અન્ય કોઇ નથી. પ્રભુ સિવાય અન્ય સર્વ આર્ત છે, દુઃખી છે, અને તેમાં મચ્યા રહેવાથી દુઃખ વિના અન્યની પ્રાપ્તિ થવી એ અસંભવ છે; આવો નિશ્ચય થવાથી **'सन्त कृष्णं भजेद् बुधः'** એ શ્રીમદાચાર્યજીના વાક્યાનુસાર સર્વ વસ્તુનો પરિત્યાગ કરીને આનન્દ–રસરૂપ–કૃષ્ણ–ને ભજે છે; અર્થાત્ પરમાનન્દની પ્રાપ્તિનું પરમ કારણ રસરૂપ કૃષ્ણની ભક્તિ છે, અને એ ભક્તિની ઉત્કૃષ્ટતાના પ્રમાણમાં આન્દપ્રાપ્તિની ઉત્કૃષ્ટતા સંધાય છે; ઉત્તમ પ્રકારની ભક્તિ જ જીવનું પરમ કલ્યાણ કરી શકે એમ હોવાથી શ્રીમદાચાર્યચરણ કર્મ, ઉપાસના, જ્ઞાન અને વિહિતભક્તિ એ સર્વને ગૌણ ગણીને સ્વતઃપુરુષાર્થરૂપ પ્રેમરૂપ નિખિલ પ્રપંચ-વિસ્મૃતિપૂર્વક અત્યન્ત નિરોધાત્મક સ્વતંત્ર ભક્તિનો આધુનિક સર્વસાધનહીન જીવોને પ્રાયઃ ઉપદેશ કરે છે, અને સૂચવે છે કે એનાથીજ સર્વની પ્રાપ્તિ થશે. આ ભક્તિ નિરોધાત્મક છે, પ્રેમરૂપ છે. પ્રેમની ઉત્તમોત્તમ અવસ્થામાં ભક્ત પોતાનું સ્વત્વ પ્રભુને નિવેદન કરે છે, પ્રભુને પોતાનું સર્વસ્વ ઐહિક પારલૌકિક સમર્પે છે; અને **'दासोहं कृष्ण तवास्मि'** એવું વારંવાર અનુભવે છે; વલી દાસનો ધર્મ એવો છે કે પોતાના પ્રભુની જે ઇચ્છા તેજ પોતાની ઇચ્છા; તે પ્રમાણે પ્રભુની ઇચ્છાથી જે કંઈ સુખ વા દુઃખ લૌકિક વા અલૌકિક થાય છે તે સહન કરે છે; અને પ્રભુની ઇચ્છાને અનુસરવામાંજ કૃતાર્થતા માને છે. પ્રભુની ઇચ્છાને અનુસરતી વખતે એને પ્રભુનું સર્વકર્તૃત્વ અને સર્વફલદાતૃત્વ પણ સ્ફુરે છે; સર્વકર્તા અને સર્વફલદાતા પ્રભુ જ છે એમ એનો નિશ્ચય થાય

છે અને પોતે એ પ્રભુને સર્વસ્વ પોતાનું નિવેદન કરેલું હોવાથી, અને પ્રભુ સ્વજનહિત કરવાવાલા હોવાથી સ્વતઃ નિશ્ચિન્ત બને છે; અને સ્વધર્મ–પ્રભુની સેવારૂપ–નિરન્તર સપ્રેમ આચરે છે; અને યદ્યપિ ભક્ત પોતે સ્વતઃ પ્રભુથી તો અત્યન્ત અધઃકક્ષામાં છતાં પણ પ્રભુ સ્વઅલૌકિક અનુગ્રહથી તેનું સ્વસમાનયોગ્યત્વ સંપાદન કરીને તેને ઉત્તમોત્તમ ફલનો આસ્વાદ કરાવે છે. અને ભક્ત પ્રભુની પરિચર્યાને જ સાધનરૂપ નહિ ગણતા સ્વતઃ ફલરૂપ માને છે.

આ તો ઉત્તમોત્તમ અધિકારીની વાર્તા થઈ, પરંતુ કેટલીક વખત બ્રહ્મસંબંધ થવા છતાં તે પ્રતિબંધયુક્ત હોય છે. શ્રીમદાચાર્યજીની કૃપા દૃષ્ટિવૃષ્ટિથી બ્રહ્મસંબંધ થયું છે તથાપિ પ્રભુ એ જીવનો સર્વાંશે સ્વીકાર નથી કરતા. અને તેથી એ પ્રતિબંધના પ્રમાણમાં એ જીવની નિશ્ચિન્તતામાં ન્યૂનતા આવે છે, જેને પરિણામે ચિન્તાનો ઉદ્ભવ થાય છે. આ ચિન્તાને લીધે ભગવત્સેવામાં ન્યૂનતા આવે છે, અને તેથી જીવ કૃતકૃત્ય થતો નથી. આવું પરિણામ જીવને પ્રાપ્ત મા થાઓ એવી દયાથી શ્રીમદાચાર્યજી **'सिद्धान्तरहस्य'** પછી **नवरत्नग्रन्थ**નો ઉપદેશ કરે છે; પ્રથમ જ બ્રહ્મસંબંધ થયલું હોવાથી ભગવદીયત્વ સંપાદન થયું છે છતાં પણ કાંઈ પ્રતિબંધને લીધે જીવ કાંઈક રીતે સંશયાત્મા બનીને ચિન્તાતુર થાય છે, અને તેથી ભગવત્સેવા કરતી વખતે પ્રભુમા એનું ચિત્ત સર્વાંશે પરોવાતું નથી; અને આ ન્યૂનતા જીવની કૃતાર્થતાને ખંડિત કરે છે તેથી શ્રીમહાપ્રભુજી નવ ગ્રહના રત્નરૂપ રક્ષા કરવાવાલા એવા નવ શ્લોક ઉપદેશે છે.

જીવની કૃતાર્થતા ભગવદીયત્વ સંપાદન કરવાને જીવે કરેલું પ્રભુને આત્મસર્પણ, પ્રભુનું સર્વકર્તૃત્વ અને તેથી ફલદાતૃત્વ, સર્વની પ્રભુની ઇચ્છાને અધીનતા, પ્રભુનું સર્વાત્મત્વ, નિખિલ પ્રપંચની ભગવલ્લીલારૂપતા, સર્વ પ્રપંચ ભગવાનની ક્રીડારૂપ છે; અને પ્રભુ જ રક્ષક છે એનું વારંવાર સંસ્મરણનું નવરત્નમાં શ્રીમહાપ્રભુજી સ્પષ્ટતાથી નિરૂપણ કરે છે.

સૌથી પ્રથમ દુઃખ અને ચિન્તાનું કારણ લૌકિક અહંતા તથા મમતા છે. 'આ મારું છે' 'આ તારું છે' ઇત્યાદિ મોહથી જીવ દુઃખ પામીને ચિન્તાગ્રસ્ત થાય છે, અને ચિન્તાગ્રસ્ત થવાથી વિક્ષિપ્તચિત્ત બને છે, અને તેથી ભગવત્સેવામાં તેને અન્તરાય પડે છે. આ અન્તરાય જીવને સ્વતઃ પુરુષાર્થરૂપ ભગવત્સેવા સિદ્ધ કરવામાં મહાન્ બાધક થાય છે; તેથી શ્રીમહાચાર્યજી આનો મૂળ માંથી જ ઉચ્છેદ કરવાને જીવે પ્રભુને સ્વકૃત આત્મસમર્પણનું સ્મરણ કરવાને વારંવાર ઉપદેશે છે, પ્રભુને પોતે જે આત્મસમર્પણ કર્યું છે તેના સંસ્મરણથી પોતાની લૌકિક આસક્તિ-પ્રાકૃત પદાર્થોમાં સર્વ પ્રકારની અહંતા મમતા-નિવૃત્ત થાય છે; અને પોતાનું સ્વીયત્વ પ્રભુને પોતે નિવેદન કરેલું સ્મરવાથી, તત્તદ્વસ્તુજન્ય સુખ-દુઃખાદિનો સ્પર્શ એને થતો નથી; અને તેથી ચિન્તા પણ થતી નથી; એટલું જ નહિ પણ પ્રભુને પોતે આત્મસમર્પણ કર્યું છે, તેથી પોતે પ્રભુનો જ દાસ છે એવું હૃદયમાં એને સ્ફુરે છે, અને પ્રભુની સેવા ચિન્તાવિયુક્ત થઈને સતત કર્યા કરે છે, અને આ ભગવત્સેવા કાયિક, વાચનિક અને માનસિક એમ ઉત્તરોત્તર અવસ્થામાં પહોચતા સ્વતઃ ફલરૂપ થાય છે. અત્ર ચિન્તાનો ત્યાગ કરવાનો પ્રકાર જે શ્રીમહાચાર્યજીએ ઉપદેશ્યો તે માયાવાદીના વૈરાગ્ય, શમદમાદિથી અત્યન્ત વિભિન્ન છે. અત્ર ચિન્તાના કારણરૂપ વસ્તુને મિથ્યા ગણી હેય માનવામાં નથી આવતી, પરન્તુ એ વસ્તુ પ્રભુને નિવેદન થયલી હોવાથી, એ વસ્તુમાં પોતાની મમતાનું તિરોધાન થાય છે, અને જેમ મમતા વિનાના પદાર્થોથી આપણને દુઃખ થતું નથી તેમ અત્ર પણ તેમ જ થાય છે, અને તેથી ચિન્તા થતી નથી. વલી આહ જે વસ્તુમાં આપણને મમતા છે તે વસ્તુ સાક્ષાત્ પ્રભુને જ નિવેદન થયલી છે, એટલે સર્વના વશી અને સર્વના ઈશાન પ્રભુ પોતાને નિવેદન થયલી વસ્તુનું અહિત કેમ કરે? આથી જીવ આત્મસમર્પણથી વિશેષ નિશ્ચિન્ત બને છે, અને પોતે પ્રભુને પોતાનું સર્વસ્વ નિવેદન કરેલું છે એમ સંસ્મરણ વારંવાર થવાથી સ્વતઃ કૃતકૃત્ય માનીને, પ્રભુની સેવા ચિન્તાવિયુક્ત થઇને

દૃઢાસક્તિથી કરીને પરમ કલ્યાણપથમાં સંચરતો પરમ ફલ પણ કદાચિત્ પ્રભુકૃપાથી અનુભવે છે.

આ પ્રમાણે ચિન્તા દૂર કરવાનો એક પ્રકાર ઉપદેશીને શ્રીમહાચાર્યજી દ્વિતીય ઉપાય નિરૂપણ કરે છે. આ સકલ બ્રહ્માંડના નાયક પ્રભુ છે, આ સકલ વિશ્વનું તંત્ર પ્રભુ ચલાવે છે, એ સત્યનું અનુસંધાન અલ્પજ્ઞ જીવ વિસ્મરીને પોતેજ કંઈ કરે છે એમ દૃઢ આસક્તિથી માને છે; મેં આમ કર્યું તેથી આમ થયું, જો મેં આમ ન કર્યું હોત તો આમ ન થાત ઇત્યાદિ અનેક સંકલ્પ વિકલ્પ પોતાના અહંકારજન્ય કર્તૃત્વ ઉપરિ કરે છે; અને તેથી નિશ્ચિન્ત બનતો નથી, એટલું જ નહિ પણ વારંવાર દુઃખી થઇને સ્વધર્મ પ્રભુની સેવા કરવામાં શિથિલ બને છે. મુખ્ય કર્તા ભગવાન્ છે, અને તેના સંબંધથીજ પોતે પણ કર્તા છે, તે ભૂલી જાય છે. જ્યારથી પ્રભુએ સૃષ્ટિ પ્રકટ કરવાની ઇચ્છા કરી ત્યારથી જ પ્રભુએ તો નિર્માણજ કર્યું છે કે આ જીવ કને હું આ કરાવીને આ ફલ આપીશ. '**तमेव साधु कर्म कारयति यमेभ्यो लोकेभ्य उन्निनीषति**' ઇત્યાદિ શ્રુતિ પ્રમાણે પ્રભુ જે ફલ જે જીવને આપવું હોય તે પ્રમાણે તેની કને કર્મ કરાવે છે. અર્થાત્ સુખ વા દુઃખની પ્રાપ્તિ સ્વ ( જીવના ) કર્તૃત્વમાંથી ઉદ્દભવતી નથી પણ પ્રભુ કૃતજ છે, સર્વ કર્તા તથા સર્વ ફલદાતા ભગવાન્ જ છે, અને પોતે ભગવાનને પોતાનું સર્વસ્વ નિવેદન કરેલું હોવાથી, ભગવાન્ સર્વકર્તા અને સર્વફલદાતા પોતાનું અહિત ન જ કરે એવો નિશ્ચય જીવને થાય છે, અને તેથી નિશ્ચિન્ત થઇને પ્રભુની સેવા નિરન્તર કરવા પ્રવૃત્ત થાય છે. અત્ર કર્તૃત્વમાંથી ઉદ્દભવતી ચિન્તા નિવૃત્ત કરવાનો પ્રકાર માયાવાદથી વિલક્ષણ છે. માયાવાદમાં એ ચિન્તા દૂર કરવાને પ્રભુના કર્તૃત્વને તિલાંજલિ અપાય છે, અને ભક્તિમાર્ગના શાત્રવને લીધે ભગવાનના માહાત્મ્યનો નાશ કરવાને પ્રવર્તે છે. પ્રભુનું કર્તૃત્વ મિથ્યા છે એમ કહીને જીવ પણ જે વસ્તુતઃ અલીક તેનું કર્તૃત્વ તો સુતરાં મિથ્યા છે, અને તેથી જીવે ભ્રાન્તિથી પોતાના માનેલા કર્તૃત્વને ત્યજીને ચિન્તા દૂર

કરવી એ માયાવાદનું મર્મ છે; પરન્તુ એ સર્વ આ કોટિબ્રહ્માંડમાં પ્રકટ થતાં ભગવન્માહાત્મ્યનો નાશ કરતું હોવાથી ભગવદ્ભક્તને તો સર્વથા ત્યાજ્ય છે. ભક્તિમાર્ગીય દૃષ્ટિથી તો ચિન્તાનિવૃત્તિપ્રકાર ઉપર દર્શાવેલો તે જ સમજવો.

શ્રીમહાપ્રભુજી હજુ પણ ચિન્તાનિવૃત્તિનો અન્ય ઉપાય ઉપદેશે છે; કદાચિત્ સ્થૂલ બુદ્ધિથી પ્રભુનું કર્તૃત્વ સર્વત્ર સ્ફુરતું ન હોય તોપણ આ કોટિબ્રહ્માંડનું તંત્ર એમની ઇચ્છાને અધીન છે. સર્વ પ્રભુની ઇચ્છાથી જ થાય છે. નિજેચ્છાથીજ પ્રભુ સર્વ કરે છે. અખિલ વિશ્વની પ્રવૃત્તિ તથા નિવૃત્તિ પ્રભુની ઇચ્છાને અનુસરે છે, તેથી સુખ વા દુઃખ જે કાંઇ જીવને થાય છે, તે પ્રભુની ઇચ્છાથી જ થાય છે, જગત્માં ક્ષુદ્રમાં પણ ક્ષુદ્ર એવી કોઈ પણ વસ્તુ નથી કે જે પ્રભુની ઇચ્છા વિના થઈ શકે; અને પ્રભુ નિવેદિતાત્માનું–સ્વજનનું–સર્વથા હિત કરવાવાલા હોવાથી જીવ નિશ્ચિન્ત બનીને સ્વધર્મ ભગવત્સેવા કરતો કૃતાર્થ થાય છે. સર્વ પ્રભુની ઇચ્છાથી જ થતું હોવાથી અને પ્રભુ નિજજનોનું સર્વથા કલ્યાણ કરવાવાળા હોવાથી નિવેદિતાત્માને તો ચિન્તાનો અત્ર અવકાશ જ નથી. આ જ ઇચ્છાને વેદમાં ઈક્ષારૂપે વર્ણવી છે અને તેનો સંભ્રમ પ્રાકૃત મનુષ્યોની ઇચ્છા સાથ ન કરવો. પ્રભુની ઇચ્છા–ઈક્ષા–પ્રભુના અલૌકિક સ્વરૂપ જેવી જ અલૌકિક છે. એમાં પ્રાકૃતત્વની ગંધ માત્ર પામર મનુષ્યોને જ આવે. આ ઈક્ષા માયાવાદીના શબલ બ્રહ્મની ન સમજવી, કારણકે શબલ બ્રહ્મ સ્વતઃ માયિક હોવાથી ઉપર દર્શાવેલું સ્વતંત્ર નિરંકુશ કર્તૃત્વ એમાં કિંચિન્માત્ર પણ સંભવતું નથી; આ તો શુદ્ધ નિર્ગુણ બ્રહ્મની જ ઇચ્છા સમજવી. સૃષ્ટિપ્રાક્કાલીન આ જ ઇચ્છાથી પ્રભુ પોતે બહુરૂપ થયા. એ ઇચ્છા અનુસરવામાં જ ભક્તની કૃતાર્થતા છે. પોતે પણ જે કંઇ કરે છે તે પણ ભગવદિચ્છાપ્રેરિત સમજે છે, અને '**बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसीदतु**' ઇત્યાદિનું સુખ નિશ્ચિન્તતાથી અનુભવીને ભગવત્સેવા કરે છે.

આથી પણ અધિક ચિન્તાનિવૃત્તિનો ઉપાય શ્રીમદાચાર્યજી ઉપદેશે છે. પ્રભુ સર્વાત્મા છે, જે ભક્તે પ્રભુને પોતાનું સર્વસ્વ નિવેદન કરેલું છે તેના આત્મરૂપ પણ પોતે થાય છે; તેથી પણ જીવને ચિન્તા કરવી યોગ્ય નથી. અથવા હૃદયમાં સ્થિતિ કરવાવાલા પ્રભુ આપણને સ્વશક્તિથી યંત્રવત્ ફેરવે છે; તેથી પણ જીવને ચિન્તા કરવી યોગ્ય નથી. જે તંત્ર પોતે ફેરવે છે એમ માને છે, તે પણ પ્રભુ સ્વશક્તિથી પોતાના ( જીવના ) હૃદયમાં બિરાજીને ચલાવે છે, તો પછી જીવે ચિન્તા શા વાસ્તે કરવી ? કિંચિજ્જ્ઞ જીવ પોતાનું અહિત કરે પરન્તુ સર્વજ્ઞ પ્રભુ એવું કદાંપ ન કરે એવો દૃઢ નિશ્ચય થવાથી ચિન્તોદ્વેગ છટી જાય છે, અને તેથી ભગવત્સેવા અન્તરાય વિનાની સ્વતઃપુરૂષાર્થરૂપ થાય છે.

આટલું કહેવાથી પણ જો જીવની ચિન્તા નિવૃત્તિ ન થાય તો એક અધિક સત્ય શ્રીમદાચાર્યજી ઉપદેશે છે. આ સકલ કોટિ-બ્રહ્માંડ પ્રકટ કરવાનું પ્રયોજન પ્રભુને સ્વલીલા સિવાય અન્ય કંઈ નથી, અને એ લીલાવૈચિત્ર્ય અખંડિત રહે એવા આશયથી પ્રભુ સ્વેચ્છાનુસાર પોતે તત્તદ્રૂપ ધારણ કરીને સૂત્રધાર જેમ સૂત્રથી કાષ્ઠની મૂર્તિઓને નચાવે છે તેમ પ્રભુ આપણને નચાવે છે. યાસ્કાચાર્ય નર શબ્દનો સંબંધ નૃત્ ધાતુ સાથે દર્શાવે છે, તે પણ એમ જ સૂચવે છે. જીવ પણ પ્રભુની ઇચ્છાને આધીન એક નર્તક છે. પ્રભુએ એક મહત્ નાટક આરંભ્યું છે તેમાં જે જે પાઠ પ્રભુએ જે જે જીવને નિર્માણ કરી આપ્યા છે તે તે ભજવીને પ્રભુ સમીપ પાછું જવાનું છે. ભગવાન્ વ્યાસ આ જ **'लोकवत्तु लीलाकैवल्यम्'** સૂત્રમાં ઉપદેશે છે, આ લીલાનું અનુસંધાન કરનારને પણ મોક્ષનું ફલ પ્રાપ્ત થાય છે, એમ વ્યાસ કૈવલ્યપદથી સૂચવે છે. પ્રભુ નિત્ય વિચિત્ર ખેલ રમવાને અનેક જીવને સુખ વા દુઃખ ઇત્યાદિ સાધન સામગ્રી કોઇ જીવને આપે છે, કોઇને રાય બનાવે છે તો કોઇને રંક બનાવે છે, કોઇને મહા-પંડિત બનાવે છે તો કોઇને મહામૂર્ખ બનાવે છે, અને આ સર્વ

પ્રથમ કરવામાં પ્રભુની ઇચ્છા અને લીલા સિવાય અન્ય પ્રયોજન નથી સુખ વા દુઃખ પણ લીલારૂપ જ છે. માટે જીવે સર્વથા ચિન્તા ત્યજવી અને પ્રભુની સેવા નિરન્તર સપ્રેમ કરીને ફલરૂપ તેને અનુભવી કૃતાર્થ થવું.

આટલું કહેવા છતાં પણ જો જીવની ચિન્તા ન છૂટે તો શ્રીમદાચાર્યજી હજુ એક સરલ ઉપાય ઉપદેશે છે. **'श्रीकृष्णः शरणं मम'** એ મંત્રનું વારંવાર જપ કરીને અનુસંધાન કરવાનું ઉપદેશે છે. પ્રભુ જ મારા રક્ષક છે, અને જેને માથે આવા સમર્થ રક્ષક હોય તેને ચિન્તા શા માટે કરવી જોઇએ ? અખિલબ્રહ્માંડના નાયક પ્રભુ જ્યારે પોતાના રક્ષક તરીકે બિરાજે છે, તો પછી હિતાહિતનો પ્રશ્ન જ નથી. પ્રભુ રક્ષક હોવાથી સર્વથા રક્ષણ કર્યા કરશે જ એવો દૃઢ નિશ્ચય થઇ જાય છે અને ભક્ત પછી નિશ્ચિન્ત થવાને પોતાને બ્રહ્મસંબંધ થવાથી જે દાસધર્મ સ્વીકારાયો છે તે ભગવત્સેવારૂપ સતત કરવાને પ્રવૃત્તિ કરે છે અને તેમાં જ પ્રભુ તેને ઉત્તમોત્તમ લીલારસ વિરહાવસ્થા અનુભવાવે છે. આ પ્રમાણે **नवरत्नग्रन्थनुं** તાત્પર્ય છે એમ લાગે છે. **श्रीकृष्णार्पणमस्तु.**

માર્ગશીર્ષ શુક્લ દ્વિતીયા.
વલ્લભાબ્દ ૪૩૫–**મુંબાઇ.**

**Mulchandra T. Telivala.**

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

## श्रीमद्वल्लभाधीश्वरप्रकटितः

# ॥ श्रीनवरत्नग्रन्थः ॥

ગ્રંથના પ્રારંભમાં [1]ત્રિવિધ મંગલમાંથી કોઇ પણ એક–**मङ्गलाचरण** વિધ મંગલ આચરવાનો પ્રાચીનતમ શિષ્ટ પુરૂષોનો સદાચાર છે, તે શિષ્ટાચારને અનુસરીને અત્ર પણ મંગલાચરણ કરીને જ ગ્રંથના પરિશીલનનો પ્રારંભ સુયોગ્ય ગણાશે. જો કે આ અપૂર્વ ગ્રંથ નથી; નવીન પ્રારંભાતો નથી; માત્ર અન્ય ભાષામાં અનુવાદ જ થાય છે: તેમાં પૂર્વે લખાયલાં '**श्रीकृष्णाय नमः**' વગેરે વાક્યો મંગલરૂપ જ છે, તથાપિ જે મંગલ અને તેનો ભાવાર્થ હૃદયમાં સ્થિર કરવા આકર્ષાઈએ છીએ, તેને અને પ્રસ્તુત ગ્રંથને ઘણો જ ઉત્કટ સંબંધ છે; માટે તેવાં મંગલ આચરવાની ઇચ્છાને ન રોકી શકાય એ સ્વાભાવિક જ છે. તે મંગલ નવીન રચાતું નથી, પણ સ્વપિતૃચરણપ્રણીત 'નવરત્ન' નો 'પ્રકાશ' કરતાં જે પિતૃ [2]ચરણામ્બુજપ્રણમનાત્મક મંગલ શ્રીમદ્વિઠ્ઠલાધીશ્વરે આચર્યું છે, જેનો ભગવદીયો પ્રભાતમાં નિયમપૂર્વક પ્રેમથી પાઠ કરે છે, તે જ મંગલનું અનુસંધાન અત્ર પણ કર્તવ્ય છે.

मूलम्—चिन्तासन्तानहन्तारो यत्पादाम्बुजरेणवः ॥
स्वीयानां तान् निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः॥१॥

---

१. आशीर्वादात्मक, वस्तुनिर्देशात्मक, नमस्कारात्मक.

૨. સ્વાપતા (શ્રીમહાપ્રભુજી)ના ચરણકમલને પ્રણમન કરવારૂપ.

**सान्वयपदार्थ—यत्पादाम्बुजरेणवः** ( જેમના ચરણકમલના પરાગો ) **स्वीयानां** ( નિજજનોના ) **चिन्तासन्तानहन्तारः** (ચિંતાના સમૂહનો નાશ કરનારા) **तान्** (તે) **निजाचार्यान्** **શ્રીમ**હા ચાર્યજીને) **मुहुर्मुहु** (વારંવાર) **प्रणमामि** (પ્રણમું છું).

**विवेचन**—આ મંગલ શ્રીગુસાંઇજીએ નવરત્નગ્રંથની ટીકાનો પ્રારંભ કરતાં પ્રથમ યોજ્યું છે. પ્રાચીન વિદ્વાનોની શૈલી એવી હોય છે કે સ્વલ્પ લેખનમાં પણ વિસ્તૃત ભાવાર્થનું દ્યોતન કરાવવું. શ્રીમત્પ્રભુચરણ આ જ રૂઢીનું અવલંબન કરીને આ મંગલમાં ઘણા ગૂઢ તાત્પર્યનો સમાવેશ કરે છે. સિદ્ધાંતરહસ્ય પછી નવરત્ન વચ્ચે શું સંગતિ છે, અર્થાત્ સિદ્ધાંતરહસ્ય પછી નવરત્ન પ્રારંભવાનું શું કારણ? વળી નવરત્નગ્રંથ શ્રીવાગીશચરણે શામાટે પ્રકટ કર્યો? તેમાં શું તાત્પર્ય સમાયલું છે? વગેરે ઘણાં તાત્પર્યો એતન્મંગલાચરણમાત્રથી ઉપદેશે છે.

સિદ્ધાંતરહસ્યમાં આત્મનિવેદન કરનારાઓના પૂર્વના સર્વ દોષોના વિનાશનો ઉપાય પ્રભુએ ઉપદેશ્યો છે. તેની સાથેજ પછીથી ઉત્પન્ન થતા દોષોનો નાશ પણ બતાવ્યો છે. આ પ્રકાર ભોગસાધક છે. ભોગ પણ સાધારણ લૌકિક નહિ, પણ અલૌકિક. આથી સિદ્ધાંતરહસ્યમાં નિર્દિષ્ટ પ્રકાર અલૌકિક ભોગનો સાધક છે, એમ નિશ્ચય થાય છે, પરંતુ સેવાના સર્વ પ્રતિબંધોની નિવૃત્તિ કરી શકતો નથી. જ્યાં સુધી સેવાના સર્વ પ્રતિબંધો નષ્ટ ન થાય ત્યાં સુધી સેવા આધદૈવિકી ન બને. આધિદૈવિકી સેવા એટલે સેવાપયોગિ પદાર્થ માત્રમાં અલૌકિક બુદ્ધિ થવી તે. જેમ કે પ્રભુને ધારણ કરાવવાના વસ્ત્રમાં વસ્ત્રબુદ્ધિ ન થતાં—અર્થાત્ રૂના તંતુના બનેલાં સાધારણ વસ્ત્ર જેવાં આ વસ્ત્ર છે, એવી બુદ્ધિ ન થતાં તેમાં અલૌકિક ભાવના—શ્રીવ્રજભક્તોની ભાવના થાય ત્યારે સેવા આધિદૈવિકી કહેવાય. [1]શુદ્ધપુષ્ટયૈકમર્મજ્ઞ શ્રીહરિરાયચરણે ગ્રંથોમાં જેવા અલૌકિક ભાવ ઉપદેશ્યા છે, તેવા

---

૧. શુદ્ધ પુષ્ટિનું મમ સમજવામાં એક્કા.

ભાવો જ્યારે [1]અનુભવપથને પ્રાપ્ત થાય ત્યારે સેવાની આધિદૈવિકતાનો નિશ્ચય થાય. સેવા આધિદૈવિક ક્યારે બને કે જ્યારે સર્વ પ્રતિબંધો સમૂલ ધ્વસ્ત થઈ જાય. થોડો પણ પ્રતિબંધનો અંકુર જ્યાં સુધી વિદ્યમાન છે, ત્યાં સુધી સેવાની આધિદૈવિકતાની સંભાવના પણ ન જ રખાય. અને સેવા આધિદૈવિકી ન બને તો શ્રીકૃષ્ણપ્ર[2]વણાન્તઃકરણરૂપા માનસી સેવા તો ક્યાંથી? આ અસંભવનો શ્રીમદાચાર્યશ્રીએ કર્યો.

સેવામાં ત્રણ પ્રતિબંધ નાખનારા છે. ૧. ઉદ્વેગ, ૨ પ્રતિબંધ, ૩ ભોગ. આ ત્રણ પ્રતિબંધકો કાલ, કર્મ અને સ્વભાવથી થાય છે. આ ત્રણે પ્રતિબંધકોની નિવૃત્તિ **સે**વાફલવિવરણમાં શ્રીમહાપ્રભુજીએ બતાવી છે. ઉપર બતાવેલા ત્રણ પ્રતિબંધકોમાંનો છેલ્લો " ભોગ " એ પ્રકારનો છે. ૧ લૌકિક, ૨ અલૌકિક. બીજો અલૌકિક ભોગતો ફલરૂપ છે, એટલે તેની ગણના ત્રણ પ્રતિબંધકોમાં નથી થતી. પહેલો લૌકિક ભોગ બાધક છે, તે જ પ્રતિબંધક થઇ પડે છે, અને તેનો જ ત્યાગ કરવાનો ઉપદેશ પ્રભુએ **સે**વાફલમાં કર્યો છે. 'લૌકિક[3] ભોગ વિઘ્નવાલો છે, અને અલ્પ છે, માટે તે ત્યજવો.' આનું તાત્પર્ય એ છે કે, લૌકિક ભોગ અનેક વિઘ્નવાલો છે, દુઃખોત્પાદક છે, ચિરકાલ રહે એવો સંભવ પણ નથી, મૃગતૃષ્ણિકાવત્ આપાતતઃ સુખદર્શન થાય છે, પણ પરિણતિ તો દુઃખોદધિમાં જ મગ્ન કરે છે, આ પ્રમાણે મનન કરીને, ઊહાપોહ કરીને તે લૌકિક ભોગનો સદૈવ ત્યાગ કરવો, એમાં મસ્ત–ઉન્મત્ત થવું નહિ. આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણે લૌકિક ( પ્રતિબંધક ) ભોગની નિવૃત્તિ માટે બીજો કશો ઉપાય ન ઉપદેશતાં લૌકિક ભોગનું તુચ્છ સ્વરૂપ જ જાણવું, એ ઉપાય સૂચવ્યો. લૌકિક ભોગનું નિંદ્ય સ્વરૂપ લક્ષ્યમાં આવ્યા પછી તેનો સ્વતઃ જ ત્યાગ થઇ જાય છે, એમાં બીજા કશાની અપેક્ષા રહેતી

૧. અનુભવના માર્ગને.

૨. પ્રભુ શ્રીકૃષ્ણમાં અંતઃકરણ પરોવાયલું રહે તે માનસી સેવા.

૩. **सविघ्नत्वादल्पत्वाद्भोगस्त्याज्यः, सेवाफलविवरणे.**

નથી. આ પ્રમાણે સેવાના ત્રણ પ્રતિબંધકોમાંના ત્રીજા લૌકિક પ્રતિબંધની નિવૃત્તિ સ્પષ્ટ કહી.

સેવાનો બીજો [1]પ્રતિબંધક 'પ્રતિબંધ' છે. આ આ પ્રતિબંધ પણ બે પ્રકારનો છે. ૧ સાધારણ, ૨ ભગવત્કૃત. તેમાં સાધારણ પ્રતિબંધનો બુદ્ધિથી જ ત્યાગ કરવો. અર્થાત્ સાધારણ પ્રતિબંધની નિવૃતિમાં બુદ્ધિવ્યાપાર જ ઉપાયરૂપ છે. બુદ્ધિથી તેને ત્યજવો–તિલાંજલિ આપવી એટલે તેનું અસ્તિત્વ સદાને માટે સ્થિતિ કરતું નથી. બીજો પ્રતિબંધ ભગવત્કૃત છે. ભગવત્કૃત એટલે પ્રભુએ કરેલો. હવે જ્યારે ભગવાને જ પ્રતિબંધ કર્યો ત્યારે તેની નિવૃત્તિ કરવાનું સામર્થ્ય કોણ ધરાવી શકે? ભગવત્કૃત પ્રતિબંધ આવી પડતાં પછીથી એમ જ માનવાનું પ્રભુ ફલ આપવાના નથી, તેથી આ પ્રતિબંધ પ્રાપ્ત થયો છે. તદનંતર અન્યસેવા પણ વ્યર્થા જ છે. આ આપત્તિગ્રસ્ત જે થયલો હોય તે જીવ આસુર જ કહી શકાય. તેના આસુરત્વનો નિશ્ચય જ થઇ જાય. આમ થવાથી તે જીવને શોક ઉત્પન્ન થાય છે, પણ તે ન કરતાં જ્ઞાનમાર્ગમાં જ તેણે સ્થિતિ કરવી, આ સેવામાર્ગની ઉત્કૃષ્ટ દિશા તરફ અવલોકવું નહિ. આ ભગવત્કૃત પ્રતિબંધનો ઉપાય છે.

આ પ્રમાણે શ્રીવલ્લભાગ્નિએ **સે**વાફલ અને તેના **વિ**વરણમાં ત્રણ પ્રતિબંધકોમાંના બીજા અને ત્રીજા પ્રતિબંધકની નિવૃત્તિનો ઉપાય પ્રકટ કર્યો, પણ પહેલા પ્રતિબંધક ઉદ્વેગની નિવૃત્તિ વિસ્પષ્ટ ઉપાય ઉપદેશ્યો નહિ, તેથી તેની નિવૃત્તિ થવા સારૂ કંઇ વિશેષ સાધનનું સમુદ્દઘાટન કરવું જોઇએ, એમ શ્રીવાક્પતિચરણે વિચાર્યું.

અત્ર અભિજ્ઞ આશંકા કરશે કે **સે**વાફલમાં શ્રીમહાપ્રભુએ ત્રણે પ્રતિબંધકોની નિવૃત્તિ ઉપદેશી છે. ત્રણે પ્રતિબંધકોની

---

૧. આટલું વિસ્તૃત વિવેચન જોકે ટીકાકાર કરતા નથી, પરંતુ તેમનાં રહસ્યમય કથનનો અંતઃસ્પર્શ કરાવવા ખાતર જ આટલો બધો વિસ્તાર કરવો પડયો છે. આ ભાગમાં લગભગ સેવાફલવિવરણના સર્વ ભાવાર્થનો **સમાવેશ** થઇ જાય છે.

નિવૃત્તિમાં સામાન્ય એક કારણ પણ આપે તેજ ગ્રંથમાં સ્ફુટ કર્યું છે. તે કારણ એજ કે તત્ત્વનો નિશ્ચય અને વિવેક. તત્ત્વ-નિર્ધાર અને વિવેકથી ત્રણે પ્રતિબંધકો પરાવૃત્ત થાય છે. ત્રણે પ્રતિબંધકોને ઉત્પન્ન કરનાર તત્ત્વનો અનિશ્ચય અને અવિવેક છે, માટે પ્રતિબંધકોને ઉત્પન્ન કરનારથી ઉલટા તત્ત્વનિશ્ચય અવિવેક પ્રતિબંધકોને દૂર કરેજ, તેમાં આશ્ચર્ય શું ?

આ આશંકાનું સમાધાન આ પ્રમાણે છે. જો કે ત્રણે દોષની નિવૃત્તિનો ઉપાય પ્રભુએ ઉપદેશ્યો છે પણ તે સામાન્ય રીતે ઉપદેશ્યો છે. તેમાં પણ ત્રણ પ્રતિબંધકોમાં પણ બીજા અને ત્રીજા પ્રતિબંધક નિવૃત્ત થવાનો જેવો સ્પષ્ટ વિશેષ ઉલ્લેખ છે, તેવો ઉદ્વેગ માટે નથી. વળી કદાચ ત્રણે પ્રતિબંધકોની નિવૃત્તિનો ઉપાય (સામાન્યરૂપે ઉપદેશેલો પણ) સેવાફલમાં ઉપદિષ્ટ જ છે, એમ ક્ષણભર માની લઇએ તો પણ તત્ત્વનો નિશ્ચય શાથી કરવો ? તેનો પ્રકાર ક્યાં સૂચવ્યો છે ? અને વિવેકનું સ્વરૂપ ક્યાં નિરૂપ્યું છે ? વગેરે પ્રશ્નો ઉઠે છે. અહિ પણ કોઈ કહેશે કે, **વિ**વેકધૈર્યાશ્રયમાં વિવેકનું સ્વરૂપ વર્ણવ્યું છે, પણ તે સ્વરૂપ અત્ર ઉપયુક્ત નથી, કેમ કે **વિ**વેક-ધૈર્યાશ્રયમાં ઉપદેશેલું વિવેકસ્વરૂપ આશ્રયાંગ છે, એટલે આશ્રયનું અંગ વિવેક છે, માટે તેનું સ્વરૂપ વિષદ કર્યું છે. અહિ તો સેવાપ્રકરણ છે, માટે સેવાનું અંગ ગણીને જો વિવેક સ્વરૂપ બતાવ્યું હોય તો પ્રતિબંધકનિવર્તક થાય, તેવું તો છે નહિ માટે તે અત્ર ઉપયુક્ત નથી.

ઉપર પ્રમાણે સેવાના ત્રણ પ્રતિબંધકોની નિવૃત્તિ માટે ઉપદેશેલું કારણ તો સંશયમાં આવી પડયું, માટે તેની નિવૃત્તિ થાય તેવું કંઇ દૃઢ કારણ જણાવવું જોઇએ, કેમ કે જ્યાં સુધી પ્રતિબંધક પડયા છે ત્યાં સુધી સેવા આધિદૈવિકી ન જ થાય. માટે શ્રીમદાચાર્યચરણ સેવામાં પ્રતિબંધ કરનારનું સ્વરૂપ બતાવી તેનો નાશ આ ગ્રંથમાં ઉપદેશે છે. સર્વ પ્રતિબંધકોને ઉત્પન્ન કરનારી ચિંતા છે. તે જો નિવૃત્ત થાય તો પ્રતિબંધકો ઉભા પણ રહે

નહિ. તેથી 'કારણના નાશથી કાર્યનો પણ નાશ થાય' એ ન્યાયે પ્રતિબંધકોને સ્થાન આપનારી ચિંતાનો સમૂલ નાશ આ **નવરત્ન** ગ્રંથમાં શ્રીવૈશ્વાનરાચાર્ય ઉપદેશે છે.

અહિં સંશય ઉદ્‌ભવે છે કે ચિંતા ન કરવી એવો શ્રીમહાપ્રભુ ઉપદેશ કરે છે, પણ તે ઉપદેશ તો અત્યંત કઠિન લાગે છે, કેમ કે ચિંતા તો સ્વાભાવિક છે-જીવનો સ્વભાવ જ છે કે ચિંતા કર્યા કરે, તો તેવી અનિવાર્ય ચિંતાની નિવૃત્તિ કેમ થાય? આ શંકાનું ઉત્તર શ્રીગુસાંઇજી **નવરત્નની** ટીકા યોજતાં પ્રથમ નિર્દિષ્ટ મંગલાચરણમાં આપે છે-ચિંતા કેવી ઉદ્‌ભવે, તેની નિવૃત્તિ કેમ થાય વગેરે સર્વ સંતોષકારક સમાધાન નિરૂપતાં મંગલાચરણ કરે છે.

**અક્ષરાર્થઃ**—'જેમના ચરણકમલના પરાગો નિજજનોના ચિંતાના સમૂહનો નાશ કરનારા (છે), (એવા) તે શ્રીમદાચાર્યજીને વારંવાર પ્રણમું છું.'

**રહસ્યઃ**—શ્રીમદાચાર્યચરણકમલપરાગો ચિંતાના નાશક છે. ચિંતા એટલે શું? અત્ર ચિંતાનો કેવો અર્થ કરવો? આ વિષય પરત્વે નીચે પ્રમાણે ઊહાપોહ થાય છે.

[1]ચિંતાનો એવો અર્થ થાય છે કે 'સ્મરણ કરવું.' ઉત્કંઠાપૂર્વક વારંવાર સ્મરણરૂપી માનસિક વ્યાપાર તે ચિન્તા. ચિન્તા સ્વપ્રયત્ન વિના પોતાના બીજરૂપ અદૃષ્ટાદિ ઉદ્‌બોધકોથી જન્મે છે. તેનું નિવારણ અશક્ય છે. ઉપર પ્રમાણે ચિંતાનો અર્થ સ્મરણરૂપ મનોવ્યાપાર લઇએ અને 'ચિંતા ન કરવી' એમ કહેવા તત્પર થઇએ તો **નવરત્નગ્રંથની** સાથે વિરોધ થાય છે. કેમ કે તેમાં તો શ્રીમહાપ્રભુએ એવી આજ્ઞા કરી છે કે '[2]નિવેદન તો સ્મરવું.' સ્મરણાર્થક ચિંતાનો પ્રતિષેધ

---

१. 'चिति स्मृत्या' मित्यतो भावेऽङि चिन्ताशब्दः सेत्स्यति, 'स्याच्चिन्ता स्मृतिराध्यान'मितिकोशादप्ययमर्थो निश्चीयते । आध्यानं, पुनःपुनरुत्कण्ठापूर्वकं स्मरणम् ।

२. निवेदनं तु स्मर्तव्यम् ।

થતાં સ્મરણ પણ પ્રતિષિદ્ધ જ ગણાય. જો તેમ થવા જાય તો ઉપરના શ્રીમદાચાર્યવાક્યનો વ્યાક્ષેપ પ્રાપ્ત થશે. માટે 'ચિંતા ન કરવી' એવી આજ્ઞા થઈ શકે નહિ.

આનું સમાધાન આ પ્રમાણે કરવું. ચિંતાનો અર્થ જેવી રીતે સ્મરણ થાય છે, તેવી રીતે તેનો અર્થ વિચાર પણ થાય છે. અત્ર સ્મરણાર્થક ચિંતાનો નિષેધ નથી, પણ વિચારાર્થક ચિંતાનો છે. ચિંતાનો વિચારાર્થે શાસ્ત્રોમાં ઘણે સ્થલે સ્વીકારાયલો છે. 'હવે[1] આ ચિંતન કરિએ છીએ,' એમ વદીને શાસ્ત્રકારો સ્વવક્તવ્ય પ્રકટ કરે છે. હવે આ ચિંતન કરિએ છીએ એટલે હવે આનો વિચાર કરિએ છીએ. તે વિચાર પણ એક જાતનો સ્મરણવિશેષ–સ્મરણભેદ કથવામાં આવે તો તે અર્થ ન લેતાં આ અર્થ લેવો. ચિંતા એટલે શોક. 'હું કેવી આપત્તિમાં આવી પડયો છું? હવે મારૂં શું થશે?' આવી જાતનો એક વિચાર થવો, જે વિચાર મનમાં ખટકયા કરે, જેમાં લીન થતાં સ્તબ્ધ બની જવાય તેવી જાતનો એક અનુભવ, તે જ ચિંતા તેવી ચિંતા ન કરવી, એવો શ્રીમહાપ્રભુનો આદેશ છે.

ચિંતાના સંતાન એટલે ચિંતાની પરંપરા–વારંવાર ઉત્પન્ન થતા તરંગો. આ પરંપરાનો નાશ કરવામાં સમર્થ શ્રીમદાચાર્ય-ચરણકમલના[2] પરાગો છે, માટે જ્યારે જ્યારે ચિંતાનો જન્મ થાય ત્યારે ત્યારે વારંવાર કાય, વાણી અને મનથી તેમને પ્રણામ કરવો. આથી એમ પણ જણાય છે કે, ભગવદીયોની ચિંતાનિવૃત્તિનું સાધન, દીનતાપૂર્વક શ્રીમદાચાર્યચરણકમલપરાગપ્રણમન જ છે.

આ પ્રમાણે દીનતાપૂર્વક શ્રીમદાચાર્યચરણકમલને વારંવાર

---

૧. अथेदं चिन्त्यते.

૨. ચરણકમલને પ્રણમન કરવામાં વિરામ ન માનતાં પરાગપર્યંત જવાનું કારણ એ છે કે, જેમ ભ્રમર અરવિંદમકરંદના રસમાં અત્યાસક્ત થઇ બધું ભૂલી જાય છે તેમ શ્રીમદાચાર્યચરણકમલના પરાગરસમાં સ્વચિત્તને લોલુપ બનાવી દેવાથી ચિંતાને લેશ પણ સ્થાન મલતું નથી.

પ્રણમીને પછીથી તેમની વાણીમાં અવગાહન-પ્રવેશ કરવો સુયોગ્ય છે.

## ગ્રંથાવગાહન.

**નવરત્ન** ગ્રંથમાં ભગવદીયોને ચિંતા ન કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ કરી છે. આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ જ ચિન્તાની નિવૃત્તિ કરવાનો છે. ચિન્તા ઘણા પ્રકારની છે, પરંતુ ભગવદીયત્વ સંપાદન કર્યા પછી કોઇ પણ પ્રકારની ચિંતા ન જ કરવી, એવો આ ગ્રંથનો આશય છે.

અત્ર આ વિચાર ઉદ્દ્ભવે છે. બ્રહ્મસંબંધકરણથી એક અધિકાર પ્રાપ્ત થાય છે. તે અધિકાર સેવાકરણ વિષયક છે. અર્થાત્ આત્મનિવેદનરૂપ અધિકારથી સેવામાં યોગ્યતા પ્રાપ્ત થાય છે. આવો ઉત્કૃષ્ટ અધિકાર પ્રાપ્ત થયા પછી ચિંતા કેમ થાય ? અને નિવેદન કરેલા ભગવદીયોનો ધર્મ જ છે કે ચિંતા ન કરવી. (એ વિષય પરત્વે જ **નવરત્ન**માં આજ્ઞા છે.) તો હવે ભગવદીયોને ચિંતા શી ? વળી **સિદ્ધાંતરહસ્ય**માં સ્પષ્ટ જ ઉપદેશ્યું છે કે બ્રહ્મસંબંધકરણથી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. પૂર્વના સર્વ દોષો નષ્ટ થાય છે. ભાવી દોષોનો સંપર્ક ન થાય તેટલા માટે અસમર્પિત વસ્તુને વર્જવાનો પણ ઉપદેશ છે. આ પ્રમાણે વ્યવહારને અનુસરતા ગૌણ ધર્મના ઉપદેશથી લૌકિક અને અલૌકિક, એમ બંને વ્યવહારના નિર્વાહનો પ્રકાર ઉક્ત જ છે. તેમ જ નિરંતર પ્રભુસ્મરણ પરાયણ ભગવદીયોની આ લોક અને પરલોકની ચિંતા તો નષ્ટ જ થઈ છે, તો તેના ઉદ્દ્ભવની સંભાવના જ શી ? જો ચિંતા ઉદ્દ્ભવતી હોય તો તેને નિવારવાનો ઉપાય ઉપદેશવો યોગ્ય છે, પણ તેનું ઠેકાણું જ્યાં નથી, તો પછી '**નવરત્ન**' ગ્રંથ પ્રારંભવાથી શો અર્થ સરશે ?

(આ પ્રમાણે સાભિપ્રાય વિચારથી તેવા ભગવદીયોને ચિંતાનો ઉદ્દ્ભવ તો ન થવો જોઈએ, એમ સિદ્ધ થવા જાય છે, માટે તેવા ભગવદીયોને કેવી ચિંતા થવી જોઈએ અને તેની નિ-

વૃત્તિ પણ શી રીતે, એ પ્રકાર કથવામાં આવશે. વળી નિવેદન અધિકારરૂપ છે–નિવેદનથી ભગવદ્ધર્માચરણ–ભગવત્સેવાદિમાં અધિકાર પ્રાપ્ત થાય છે, તે પ્રકાર પણ કોઇ ગ્રંથમાં સ્પષ્ટ રીતે જણાતો નથી. તે પ્રકાર ઉપદેશીને નિવેદનની આવશ્યક્તા સંશયરહિત–દૃઢ કરવી જોઇએ. લૌકિક ચિંતારહિત ભગવદીયોનું સ્વરૂપ પણ પ્રકટ કરવું આવશ્યક છે. આ કારણોથી પહેલાં એવી વિચાર શ્રેણી દોરી છે કે ચિંતા કેવી થાય? અને તે શા કારણથી થાય? આ પ્રશ્ન ઉપર વિચાર ચલાવતાં અને ઉત્તરનું મનન કરતાં ઉપરની આકાંક્ષાનું શમન થઈ જશે.)

ઉપર પ્રમાણે ભગવદીયોની ચિન્તોત્પત્તિ થવામાં કેટલાક વિચારો આડા આવે છે, તેથી ચિન્તોત્પત્તિના અભાવમાં એતદ્ગ્રન્થપ્રક્રમની સાર્થકતા પણ સંશયસ્પૃષ્ટા થાય, માટે ભગવદીયોને કેમ ચિંતા થાય, એના પ્રત્યુત્તરમાં નીચે પ્રમાણે ઉદ્ઘોષ કરવામાં આવે છે.

આત્મનિવેદનવાલાઓજ ભગવદ્ ભજનમાં યોગ્યતા ધરાવે છે, અન્ય નહિ, એ નિશ્ચયસિદ્ધ જ છે. આત્મનિવેદન જેમનું થયું છે એવાઓની એક પણ એવી વસ્તુ અવશિષ્ટ નથી રહેતી કે જે સમર્પિત ન હોય, અર્થાત્ નિવેદન કરેલા ભગવદીયનું આ લોક કે પરલોકનું એવું કંઇ અવશિષ્ટ નથી રહેતું જે પ્રભુને સમર્પ્યા વિનાનું હોય. જ્યારે સર્વ પ્રભુને સમર્પ્યું ત્યારે તે સર્વના સ્વામી ભગવાન્જ થયા. એટલે સર્વ પદાર્થ ઉપર પોતાનું સ્વામિત્વ કહેવાતું હતું તે ન રહેતાં પ્રભુનું પ્રભુત્વ તેમાં આવ્યું. ત્યારે એવો વિચાર પ્રાપ્ત થાય કે સર્વ પ્રભુને સમર્પ્યું એટલું પ્રભુનું થયું, તો હવે દેહાદિનો નિર્વાહ કેમ કરવો? પ્રભુને નિવેદેલા પદાર્થથી કે નહિ નિવેદેલા પદાર્થથી? આ પ્રકારે ચિંતા ઉદ્ભવે છે.

જો કે **સિદ્ધાંતરહસ્ય**માં તો નિવેદિત પદાર્થનેજ ઉપયોગમાં લેવાની શ્રી મહાપ્રભુએ આજ્ઞા કરી છે, તેથી ઉપરની ચિંતાને અવકાશ મલતો નથી, પરંતુ દેહાદિના નિર્વાહનો પ્રકાર જેવો

જોઇએ તેવો સ્પષ્ટ ખુલ્લે ખુલ્લો નિઃસંશય રીતે તત્ર ઉપદિષ્ટ **નથી.** વળી પ્રભુએ ગીતામાં આજ્ઞા કરી છે કે;–'અન્યના[1] ન થતાં જે જનો મારીજ ભક્તિ કરે છે, મારૂંજ સ્મરણ કરે છે, તેઓને કોઈ પણ ઉપયુક્ત પદાર્થ મેળવી આપું છું અને તેનું રક્ષણ પણ હુંજ કરૂં છું.' આ પ્રકાર જો કે ગીતામાં પ્રભુએ વ્યક્ત કર્યો છે, પણ દેહાદિનો નિર્વાહ કેમ કરવો ? નિવેદિત પદાર્થથી કે અનિવેદિત વસ્તુથી ? એવી વિકલ્પરૂપ ચિંતા તો સ્થિરજ છે, માટે **નવરત્નગ્રંથ**ની આવશ્યકતા દૃઢ થઈ રહે છે.

ઉપરના વિકલ્પ ઉપર ઊહાપોહ કરતાં આ વિચાર પરંપરા ઉદ્‌ભવે છે. દેહાદિનો નિર્વાહ નિવેદિત પદાર્થથી કે અનિવેદિતથી, એ વિકલ્પ છે. તેમાં ૧ લો (નિવેદિત પદાર્થથી નિર્વાહ કરવાનો) પક્ષ વિચાર કરતાં ગ્રહણ કરવા યોગ્ય લાગતો નથી, કેમકે પ્રભુને નિવેદેલો પ્રદાર્થ પ્રભુનો થયો, તેમાં આપણો કશો હક્ક રહ્યો નહિ; તો પ્રભુની ઇચ્છા, આજ્ઞા વિના તે પદાર્થ આપણા ઉપયોગમાં કેમ લેવાય ? ન લેવાય તો દેહાદિનો નિર્વાહ નિવેદિત પદાર્થથી કરવાનો પક્ષ પણ કેમ સ્વીકારાય ? ભગવદિચ્છા, ભગવદાજ્ઞા જાણી શકાય એવી નથી, માટેજ આ પક્ષ ઉપપન્ન–યુક્તિસહ જણાતો નથી.

આ ઠેકાણે એક સંશય પ્રાપ્ત થાય છે. એકાદશસ્કંધમાં ભગવાને ઉદ્ધવને ફરીથી ભક્તિયોગ અને તેનું કારણ ઉપદેશતાં આત્મનિવેદન કરનારાઓના આવા ધર્મો દર્શાવ્યા છે. 'મારી[2]

---

१. अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते, तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।

२. श्रद्धामृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् । परिनिष्ठा च पूजायां स्तुतिभिः स्तवनं मम । आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् । मद्भक्तपूजाभ्यधिका सर्वभूतेषु मन्मतिः । मदर्थेष्वङ्गचेष्टा च वचसा मद्गुणेरणम् । मय्यर्पणं च मनसः सर्वकामविवर्जनम् । मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च । इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद्व्रतं तपः । एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोऽन्योर्थोऽस्यावशिष्यते ?

श्रीमद्भागवतैकादशस्कन्धे श्लोकाः–२०–२१–२२–२३–२४.

અમૃત તુલ્ય કથામાં શ્રદ્ધા રાખવી, નિરંતર મારૂં જ કીર્તન કરવું, પૂજામાં જ સ્થિતિ, સ્તુતિથી મારૂં (જ) સ્તવન, મારી સેવામાં આદરભાવ, સર્વ અંગથી મને અભિવંદન, મારા કરતાં પણ મારા ભક્તની પૂજા અધિક ગણવી, સર્વ ભૂત માત્ર ભગવત્સ્વરૂપ છે, એવી બુદ્ધિ, અંગનો સર્વ વ્યાપાર મારા પદાર્થમાંજ, વાણીથી મારાજ ગુણનું પ્રેરણ–ગાન, પોતાના મનને મારામાંજ અર્પણ કરવું–પરોવવું, સર્વ કામથી રહિત–મુક્ત થવું, મારે માટે અર્થ, ભોગ અને સુખનો પણ પરિત્યાગ, જે ઇષ્ટ, જે દાન કરેલું, જે હોમેલું, જે જપ કરેલો, જે વ્રત કરેલું, જે તપ આચરેલું, તે સકલ મારે માટે જ, આવા ધર્મોથી હે ઉદ્ધવ, આત્મનિવેદન કરનારા મનુષ્યોની, મારામાં ભક્તિ થાય છે. તે પછી તેને કયો પુરુષાર્થ બાકી છે? આત્મનિવેદનવાલાઓના આ ધર્મો પ્રભુએ ઉપદેશ્યા છે. ભગવદીયના આ ધર્મો ભગવદીયમાં ક્યારે સંભવે, કે જ્યારે તેના દેહની સ્થિતિ હોય, દેહની સ્થિતિ તો જ્યારે દેહનો નિર્વાહ થતો હોય તો જ સંભવે, ત્યારે પહેલાં દેહનો નિર્વાહ કરાતો હોય, તેથી દેહની સ્થિતિ હોય, પછી ભગવદુક્ત ધર્મો ભગવદીયમાં સંભવે. ભગવાને જે ધર્મો ઉપદેશ્યા છે, તે ધર્મો દેહના નિર્વાહનો નિશ્ચય કરીને જ ઉપદેશેલા હોવા જોઇએ, નહિ તો તે ધર્મો સંભવે જ નહિ. આ વિચારથી અત્ર એમ સિદ્ધાંત થવા જાય છે કે, ભગવાને ભગવદીયના ધર્મો કહ્યા છે, તેથી જ દેહનો નિર્વાહ કરવાની ભગવદિચ્છા છે તે આ પ્રમાણે જાણી શકાય છે, તો હવે દેહનો નિર્વાહ કરવા માટે કશો સંશય નથી. દેહનો નિર્વાહ તો કરવો જ, એમ પ્રાપ્ત થયું.

આ સંશયનું સમાધાન આ છે. ભગવદીય ભગવદિચ્છાને જાણી લઇને દેહાદિનિર્વાહ કરે એ ઉપપન્ન–યોગ્ય છે, એમાં સંશય લાવવા જેવું રહેતું નથી, પરંતુ પ્રભુની ઇચ્છા છતાં પણ પ્રભુના –સ્વામીના પદાર્થનો ઉપયોગ ભગવદીયે–સેવકે કરવો, એ કંઇક અસંતોષના બીજવાળું હોઈ અયોગ્ય લાગે છે. ભગવદિચ્છાનું જ્ઞાન ભલે હોય, પણ ભગવદ્વાક્યના તાત્પર્યનું જ્ઞાન તો નથી જ, ભગ-

વાને શ્રીમુખે તેને આજ્ઞા પણ કરી નથી, તો હવે પોતે સ્વેચ્છાથી જો વિચરે તો સ્વતંત્રતારૂપ દોષ લાગશે. સ્વતંત્રતાદોષ ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે, તેનો બાધક છે. માટે પ્રત્યક્ષ સ્વામીની આજ્ઞા વિના સેવકે ભગવત્પદાર્થનો ઉપયોગ કરવો અનુચિત લાગે છે.

વસ્તુતઃ આનું તાત્પર્ય આ છે. આ ઠેકાણે એમ કહેવામાં આવે કે, સર્વ પદાર્થ પ્રભુને અર્પ્યા, તેની સાથે દેહ પણ પ્રભુને જ અર્પ્યો છે, એટલે નિવેદન પછી સર્વ પદાર્થો જેમ ભગવાનના થયા, તેમ દેહ પણ ભગવાનનો જ થયો, એટલે ભગવાનના જ દેહનું પોષણ ભગવાનના પદાર્થથી થાય તો તેમાં દોષ શું? આ કથન પણ ખરૂં છે. પરંતુ તેમાં પણ ઉપરનો જ દોષ સમાયલો છે. અર્થાત્ ભગવાનના પદાર્થથી ભગવાનના દેહનું પોષણ થવામાં કંઇ અંતરાય નથી, પણ ભગવદાજ્ઞા ક્યાં થઇ છે? ભગવદાજ્ઞા થઇ હોય અને તેમ કરવા ધારે તો બાધ નથી. વળી પ્રભુની ઇચ્છા સ્પષ્ટ રીતે જાણવી અશક્ય છે, એમ પૂર્વે કહ્યું પણ છે.

આ પ્રમાણે નિવેદિતપદાર્થથી દેહાદિનિર્વાહ કરવાનો પ્રથમ પક્ષ સુઘટ નથી, તેથી જ તે સ્વીકારતાં સંકોચ થાય છે. કેમ કે વિચાર કરતાં પણ છેવટે સ્વતંત્રતારૂપ (ભક્તિમાર્ગનો બાધક) દોષ તો નિવૃત્ત થતો નથી, તેથી જ તેનો સ્વીકાર અશક્ય થઇ પડે છે.

અનિવેદિત પદાર્થથી દેહાદિનિર્વાહ કરવો, એ બીજો પક્ષ છે. આ પક્ષ તો અત્યંત અગ્રાહ્ય-અસ્વીકાર્ય છે. તેમાં સંશય જેવું હોયજ નહિ. અનિવેદિત-પ્રભુને નહિ નિવેદેલો પદાર્થ પોતાના ઉપયોગમાં લેવો, એ આત્મનિવેદનવાલાઓનો ધર્મ જ નથી, માટે તેનો અસ્વીકાર કરવા સારુ કંઈ પણ વિચાર કરવો વ્યર્થ છે.

ભગવાને આત્મનિવેદન જે જે સ્થલે ઉપદેશ્યું છે, તેનું રહસ્ય એ છે કે, દેહ, ગેહ, ધન, સ્ત્રી, પુત્ર વગેરેમાં રહેલા અહંતામમતારૂપ સંસારનો ત્યાગ કરવો, અને સર્વ જગન્નિયન્તા પ્રભુનું છે, મારું કંઈ નથી, એવી બુદ્ધિ ઉત્પન્ન થવી. એકાદશ-

સ્કંધમાં ઉદ્ધવ પ્રત્યે ભક્તિના અધિકારી તરીકે આવા ત્યક્તસંસાર આત્મસમર્પણવાલા ભગવદીયોને જ ઓળખાવ્યા છે, આત્મનિવેદનપૂર્વક કરેલી ભગવત્સેવા જ મહાપુરુષોથી ઓળાતી ભક્તિનું કારણ છે. તેમાં પણ ભક્તિનું સાધારણ કારણ નહિ, પણ ઉત્કૃષ્ટ–અસાધારણ કારણ છે. અર્થાત્ એકાદશસ્કંધમાં ઉદ્ધવને ભગવાને બે સ્થલે ભક્તિયોગ ઉપદેશ્યો છે. એક તો એકાદશાધ્યાયમાં અને બીજો ઓગણીસમા અધ્યાયમાં. એકાદશાધ્યાયમાં એકવાર ભક્તિયોગ ઉપદેશ્યા પછી પુનઃ તેનો જ ઉપદેશ ઓગણીસમા અધ્યાયમાં કર્યો તેનું શું કારણ? એમ સ્વાભાવિક આકાંક્ષા થાય, તેના નિવારણ માટે પ્રભુ આપ જ નિજવાક્યમાં ઉદ્ધવને આજ્ઞા કરે છે કે, મારી ભક્તિનું ઉત્કૃષ્ટ કારણ હું તને જણાવું છું. આ ઉપરથી એમ સમજાય છે કે એકાદશાધ્યાયમાં નિરૂપણ કરેલાં કારણો કરતાં ઓગણીસમા અધ્યાયમાં ઉપદેશેલાં કારણો ઉચ્ચકક્ષાનાં જ હોવા જોઇએ, નહિ તો પ્રભુ એમ કેમ આજ્ઞા કરે કે તને મારી ભક્તિનું ઉત્કૃષ્ટ કારણ જણાવું છું. આ ઉત્કૃષ્ટ કારણ કયું? તેના ઉત્તરમાં સંક્ષેપમાં એટલું જ પર્યાપ્ત છે કે, નિવેદનપૂર્વક નિરંતર ભગવત્સેવા. હવે જેમ નિવેદન કરેલા અનેક પદાર્થોમાં જેમ મમત્વબુદ્ધિ રહેતી નથી, તેમ આ દેહ પણ ભગવાન્નો જ છે, એવો નિશ્ચય થવો જ જોઇએ. એટલે ભગવાન્ના થયલા દેહનો નિર્વાહ પ્રભુને નહિ નિવેદેલા પદાર્થથી કેમ કરી લેવાય? જો તેમ કરે તો દેહ ઉપરની મમતા સ્થિર થઇ જાય, તે સ્થાન કરીને રહે, એમ માનવામાં શો પ્રતિબંધ? વળી દેહનો નિર્વાહ અનિવેદિત પદાર્થથી કરી લેવામાં નિવેદન પણ સંપૂર્ણ રીતે થયલું નથી, એમ સ્પષ્ટ જણાઈ આવે. માટે અનિવેદિત પદાર્થથી દેહાદિનો નિર્વાહ કરવો, એ ઘણું જ અયોગ્ય કાર્ય છે.

આ પ્રમાણે દેહાદિનો નિર્વાહ સંશયમાં આવી પડયો છે. એટલે ઉપરની વિચાર શ્રેણીથી તો દેહાદિર્નિર્વાહ ન થાય નિવેદિત પદાર્થથી કે ન થાય અનિવેદિત પદાર્થથી એમ નિર્ણય ઉપર

આવવાનું થયું. જ્યારે નિવેદિત કે અનિવેદિત, એમ બંનેથી ન થાય ત્યારે શાથી થાય, એ સંશયનો જન્મ પણ સાથે જ થવાનો. કોઈ પણ રીતે તેનો નિર્વાહ કરવાને અશક્ત નીવડીએ તો દેહનો નાશ પણ સમીપમાં જ ઉભો રહે. દેહનો નાશ થતાં સેવા પણ ક્યાંથી થાય ? સેવા જો ન થાય તો નિવેદન શા અર્થનું ? સેવામાં અધિકાર પ્રાપ્ત થવા સારૂ નિવેદન છે, તે નિવેદન થયા પછી તો દેહનો ભાવ જ સંદિગ્ધ થાય છે, નિવેદિતા-નિવેદિત પદાર્થનો ઉપયોગ સંશયગ્રસ્ત હોવાથી દેહની સ્થિતિ પણ સંશયસ્પૃષ્ટા થાય, તેમાં શું આશ્ચર્ય ? તો દેહની સ્થિતિના અભાવમાં સેવા કેમ થાય ? સેવા માટે નિવેદન, નિવેદન પછી તો સેવાની અશક્યતા, તો હવે નિવેદનની સાર્થકતા શી ? નિવેદન વ્યર્થ કેમ નહિ ? જો આવી વિચારપરંપરામાં જ વિરામ પામીએ તો ભક્તિમાર્ગનો પણ ઉચ્છેદ થાય ! આવી રીતે બંને તરફથી પાશમાં સપડાયાનો પ્રસંગ આવ્યો ! !

એકાદશસ્કંધમાં પણ ભગવાને આત્મનિવેદનને ભક્તિનું પરમ કારણ કહ્યું છે, તે શા અભિપ્રાયથી ? તેનો ભાવાર્થ સમજાય નહિ તો તેમાંના ઉપદિષ્ટ અર્થનું આચરણ કેમ થાય ? તે ન થાય તો પરમભક્તિનો લાભ પણ ક્યાંથી ?

આ પ્રમાણે અવનવી સંદેહપરંપરા પ્રાપ્ત થાય છે. તેનો પરિહાર કરવાની નીચેની સબલ, પ્રમાણયુક્તિપરિપુષ્ટ વિચારપરંપરાનો સમાશ્રય સુયોગ્ય ગણાશે. તેની સાથે જ આત્મનિવેદનની પણ સપ્રમાણતા અને આવશ્યકતાનો પુનઃ નિશ્ચય કરવામાં આવશે.

એકાદશસ્કંધમાં પ્રબુદ્ધ નામના યોગેશ્વર નિમિ રાજાને ભાગવત ધર્મના શિક્ષણ માટે ઉપદેશ આપે છે. પહેલાં ભાગવતધર્મો કોની પાસે શિખવા, એ વિષય પરત્વે ઉપદેશે છે. [૧]"તેટલા માટે ઉત્તમ શ્રેયસ્‌ના જીજ્ઞાસુએ શબ્દપ્રતિપાદ્ય પરબ્રહ્મમાં નિ-

---

૧. तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम्। शाब्दे परं च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम्। भा. ए. स्कं. २०-२२.

ણાત ઉપશમગુણયુક્ત ગુરુને શરણે જવું, ત્યાં જઇને ગુરુને જ પોતાનું દૈવત સમજીને ભાગવત ધર્મો શિખવા. કાપટય ન રાખતાં ગુરુને અનુસરવું, જે ધર્મોથી સ્વસ્વરૂપનું દાન કરનાર પ્રભુ સંતુષ્ટ થાય છે.' આ પ્રમાણે ઉપર કહેલા ગુરુ પાસે શુદ્ધ ભાવના રાખી ભાગવત ધર્મો શિખવાથી પ્રભુને સંતોષ થાય છે, એમ યોગેશ્વરે જણાવ્યું. પછી તે ભાગવત ધર્મો કયા, તે સ્પષ્ટ ઉપદેશ્યા. ભાગવત ધર્મનું નિરુપણ કરતાં છેવટે ઉપદેશે છે કેઃ—**સ્ત્રી,**[2] **સુત, ગૃહ, પ્રાણ,** એ **પરમાત્માને નિવેદવાં.'** આ પણ ભાગવત ધર્મ છે, અને ગુરુ પાસે શિખવાથી ભગવાન્ સંતુષ્ટ થાય છે. આ પ્રમાણે [3]**દારાદિસમર્પણ** ભગવત્તોષહેતુ છે, એમ સિદ્ધ થાય છે. પુનઃ આત્મનિવેદન ઓગણીસમા અધ્યાયમાં ઉદ્ધવને ભગવાને શ્રીમુખે ઉપદેશ્યું છે. પુનઃ [4]'મારી ભક્તિનું પરમ કારણ તને જણાવીશ.' એમ ઉપક્રમ કરીને પ્રભુએ નિવેદનની આજ્ઞા કરી છે. પ્રભુ ઉપદેશે છે કેઃ—'હે ઉદ્ધવ,[5] આત્મનિવેદનવાલા મનુષ્યોના આ ધર્મોથી મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે, પછી એને કયો પુરુષાર્થ અવશિષ્ટ રહે છે?' '[6]દાસ્યથી આત્મનિવેદન કરવું' એ ભગવદ્વાક્ય અને 'પોતાનું ગોત્ર વિત્ત અને આત્મા તેના સમર્પવાથી' એ આચારબોધક વાક્ય પણ અત્ર પ્રમાણીભૂત છે. આ પ્રમાણસંદોહથી નિ-

---

**૨. दारान् सुतान् ग्रहान् प्राणान् यत्परस्मै निवेदनम् । भा. ए. स्कं. ૩-૨૮.**

૩. એક પીઠાધિરૂઢ 'આચાર્ય' નામધારી માયાવાદી પુષ્ટિમાર્ગીયોને 'દારાદ્યર્પણવાદી' કહે છે. તેના શુષ્ક, નિષ્ઠુર હૃદયને શ્રીમદ્‌ભાગવતના પરમોત્કૃષ્ટ આ પરમ માર્મિક સિદ્ધાંતનો સ્પર્શ નહિ થયલો હોય એમ લાગે છે. પરંતુ ભગવત્સ્વરૂપાત્મક ગ્રંથના 'ટુકડે ટુકડા કરીને કૂપમાં પધરાવવાનું' પ્રકટમાં કથનાર પામર હૃદયને આવા હૃદયંગમ સિદ્ધાંતો ન સ્પર્શ કરે તેમાં જ શ્રેયસ છે.

**૪. पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम्–भा. ए. स्कं. ૧૯-૧૯.**

૫. આ શ્લોકો પહેલાં આપવામાં આવ્યા છે.

**૬. दास्येनात्मनिवेदनम् । ૭. स्वगोत्रवित्तात्मसमर्पणेन ।**

વેદનની અત્યાવશ્યકતા ઉપર વિચાર કરવો અવશિષ્ટ નથી. પોતાનું કહેવાતું સર્વસ્વ અને આત્મા વગેરેનું સમર્પણ ભક્તિમાર્ગમાં આવશ્યક છે. નિવેદન તો સાક્ષાત્ શ્રીગોકુલેશની ભક્તિના અધિકારરૂપ છે. દ્વિજને વૈદિક કર્મમાં અધિકાર પ્રાપ્ત થવા સારૂ ગાયત્રીના ઉપદેશરૂપી સંસ્કાર કરવામાં આવે છે, તેમ શ્રીગોકુલેશની અલૌકિક વેદમૂર્ધન્ય સેવા માટે નિવેદનરૂપી સંસ્કારની આવશ્યકતા છે.

અત્ર એક સંશય ઉદ્દભવે છે. એકાદશના ઓગણીશમા અધ્યાયમાં ભગવાન્ આજ્ઞા કરે છે કેઃ—'એ પ્રમાણે શ્રદ્ધાદિ ધર્મોથી આત્મનિવેદનવાળાઓની મારે વિષે ભક્તિ ઉદ્દભવે છે.' મનુષ્યમાં મનુષ્યત્વ ધર્મ નિવેદન થયા પહેલાંનો છે. શ્રદ્ધા વગેરે ધર્મોથી મનુષ્યમાં મનુષ્યત્વ આવે છે એવું કંઇ નથી. માટે 'શ્રદ્ધાદિ ધર્મોથી આત્મનિવેદનવાલા (આત્મનિવેદનરૂપ ધર્મવાલા)' એવું મનુષ્યનું વિશેષણ યોજ્યું છે. 'શ્રદ્ધાદિ ધર્મથી મનુષ્યત્વરૂપ ધર્મવાલા' એમ નહિ, પણ 'શ્રદ્ધાદિધર્મથી આત્મનિવેદનરૂપ ધર્મવાલા'. આ ઉપરથી ફલિતાર્થ એ નિઃસરે છે કે, શ્રદ્ધાદિરૂપધર્મથી મનુષ્યમાં આત્મનિવેદનરૂપ ધર્મ ઉત્પન્ન થાય છે, અને તે ઉત્કૃષ્ટ ભક્તિનું કારણ બને છે. અર્થાત્ શ્રદ્ધાદિધર્મરૂપી કારણથી નિવેદનરૂપ ફલાત્મક કાર્ય બને, અને નિવેદનરૂપ કારણથી ભક્તિરૂપ કાર્ય પ્રકટે. આ ઉપરથી અર્થ તો એવો નિકળ્યો કે શ્રદ્ધાદિધર્મથી નિવેદનરૂપ ધર્મ થાય; એટલે પહેલાં શ્રદ્ધાદિકધર્મનું આચરણ અને પછી નિવેદન. આવી રીતે માનતાં નિવેદનની અધિકારસંપાદકતા નષ્ટ થાય છે. શ્રદ્ધાદિ ધર્મ આચરવામાં નિવેદન અધિકારરૂપ થઈ પડતું નથી. એટલે નિવેદન અધિકાર પ્રાપ્ત કરાવી આપે છે એવો મુદ્દો મુદ્દલે સંભવતો નથી. આ પ્રમાણે સંશય પ્રાપ્ત થતાં તેનું નિરાકરણ કરવામાં આવે છે.

શ્રદ્ધાદિ ધર્મો ક્રિયારૂપ છે. તેને નિવેદન પ્રતિ કારણ કલ્પવામાં કંઇ પણ બીજ નથી. અને શ્રદ્ધાદિધર્મો નિવેદનરૂપી ફલમાં જ

ઉપક્ષીણ થતા હોય-નિવેદનરૂપી ફલ ઉપજાવી અટકી જતા હોય તો નિવેદનરૂપ ફલ પ્રાપ્ત થયા પછી તે ધર્મનું આચરણ કરવાની આવશ્યકતા શી? દાસ્યથી આત્મનિવેદન થાય છે, એમ પહેલાં નિરૂપણ કર્યું છે જ, દાસ્યથી તો શ્રદ્ધાદિધર્મો ન્યૂન છે, ઉતરતી કક્ષાના છે, આધક નથી, તો હવે તેવા ધર્મોથી થયલું નિવેદન પણ ઉત્કૃષ્ટ કેમ ગણાય? ઉપર કહ્યા પ્રમાણે શ્રદ્ધાદિધર્મોથી નિ-વેદનરૂપ ફલ પ્રાપ્ત થયા છતાં પણ દાસ્યરૂપ પ્રધાન બીજની સ્થિતિ નથી. માટે નિવેદન અધિકારરૂપ છે ભગવદ્ધર્મ સંપાદન કરવામાં નિવેદનથી યોગ્યતા થાય છે, *લોકમાં પણ 'શ્રદ્ધાદિધર્મોથી આત્મનિવેદનવાલા' એમ નહિ પણ 'આત્મનિવેદનવાલાના શ્રદ્ધા-દિધર્મોથી' એવો અર્થ લેવો. તેથી એમ જ સિદ્ધ થશે કે નિવેદન-રૂપ અધિકાર પ્રાપ્ત થયા પછી શ્રદ્ધાદિધર્મોનું આચરણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને વૈદિક કર્મમાં સ્વરૂપયોગ્યતા છે, તો પણ ઉપન-યન સંસ્કાર વિના જેમ વૈદિક કાર્યમાં અધિકાર નથી, તેમ અત્ર પણ નિવેદન વિના ભગવત્સેવામાં મુદ્દલે અધિકાર નથી. ભક્તિ-માર્ગમાં સર્વની સ્વરૂપયોગ્યતા છે, એમ સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદજી કહે છે:—'[1]દેવ, અસુર અથવા તો મનુષ્ય, યક્ષ, ગંધર્વ, (કોઇ પણ હો), મુકુંદ ચરણકમલને ભજતાં તેમનું કલ્યાણ થાય છે—જેમ અમે.' એમ જ એકાદશ સ્કંધમાં પણ ઉપદેશ્યું છે કે:-હે [2]રાજન્, દેવશ્રેષ્ઠોએ પણ ઉપાસ્ય મુકુંદ ચરણકમલને, ચોતરફ મૃત્યુથી ઘેરાયલો કયો ઇંદ્રિયવાલો ભજતો નથી?' આ પ્રમાણો જો કે ભગવદ્ ભક્તિમાં સર્વને અધિકાર છે, એમ શબ્દ કરે છે; પ-રંતુ નિવેદનરૂપ અધિકાર વિના જેવી જોઈએ તેવી ઉત્કૃષ્ટ મહદ્વિ-મૃગ્ય (મોટા પુરૂષોએ શોધવા યોગ્ય) ભક્તિમાં તો અધિકાર પ્રાપ્ત થતો નથી જ.

---

१. देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम्।

२. को नु राजन्निन्द्रियवान् मुकुन्दचरणाम्बुजम्। न भजेत् सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः।

નિવેદનની આવશ્યકતાને દૃઢ કરવાને આટલો સપ્રમાણ વિસ્તૃત વિચાર કર્યા પછી, નિવેદનની મહત્તા સિદ્ધ થયા પછી તે વિષે વધારે વિચાર કરવો અસ્થાને છે. માટે અતિ વિવેચનનો અંગીકાર ન કરતાં પ્રસ્તુત વિષયનું અવલંબન જ યોગ્ય કહેવાશે.

નિવેદન થયા પછી તેની સાર્થકતા માટે, ભક્તિ સિદ્ધ થવા સારૂ, અન્ય આવશ્યક વ્યવહારાર્થ, નિવેદિત–પ્રભુને નિવેદેલો જ પદાર્થ સ્વાર્થોપયોગમાં લેવો. તેમ કરવાથી જ નિવેદન પણ સિદ્ધ થાય છે; સાર્થક બને છે. ભક્તિની સિદ્ધિ પણ તેને જ આભારી છે અને આવશ્યક વ્યવહાર પણ તેથી જ યોગ્ય રીતે ચાલે. આવી રીતે નિવેદનનું સ્વરૂપ ન સમજાયલું હોય તો ભજન પણ સિદ્ધ થાય નહિ, એ નિઃસંદિગ્ધ છે. હવે નિવેદિત પદાર્થનો ઉપયોગ કરવો કે અનિવેદિતનો, એ વિષય ઉપર વધારે વિચારગ્રસ્ત ન થતાં થોડાજ ઊહથી તેનો નિર્ણય થશે. નિવેદિત પદાર્થનો જ ઉપયોગ કરવો, એવો આશય છે. તેમ ન હોય તો આ દોષ પ્રાપ્ત થશે. સ્ત્રીનું પાણિગ્રહણ કર્યા પછી તેનું નિવેદન કરવું અત્યાવશ્યક છે, એમાં લેશ પણ સંશય નથી . પરંતુ તે નિવેદન જો ન કરવામાં આવે તો પ્રભુએ જે આત્મનિવેદન સ્વરૂપ અધિકારની આજ્ઞા કરી છે તે પણ પ્રાપ્ત થશે નહિ. તેથી તે સ્ત્રીનો સેવામાં પણ વિનિયોગ થશે નહિ, તો પછી [1]પાણિગ્રહણનું ફલ શું ? સ્ત્રીનો પરિગ્રહ વ્યર્થ જ થશે. માટે નિવેદિત પદાર્થનો ઉપયોગ કરવો એ જ્ઞાન અવશ્ય હોવું જોઇએ. જેમ ગાયત્રીના ઉપદેશથી થયલો સંસ્કારરૂપી અધિકાર, વૈદિક કર્મમાં સાધનભૂત દેહનો નિર્વાહ કરનાર ભિક્ષાદિ કાર્યને રોકતો નથી, તેમ જ ઉપર કહ્યા પ્રમાણે નિવેદનરૂપ સંસ્કાર પણ ભક્તિ સિદ્ધ થવામાં ઉપકારક દેહનો નિર્વાહ કરનાર નિવેદિત પદાર્થના ઉપયોગમાં બાધક નથી.

ઉપર પ્રમાણે સર્વ વિચાર કરતાં આ અર્થ ફલિત થાય છે.

---

૧. સ્ત્રીપાણિગ્રહણનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રીનો ભગવત્સેવા વિનિયોગ જ હોવો જોઇએ, એમ આ ઉપરથી નિશ્ચિત થાય છે.

એક તો મનુષ્ય જ્યારે પોતે નિવેદન કરે છે, ત્યારે પોતાની સાથે સ્ત્રી, પુત્ર વગેરેનું પણ નિવેદન કરે છે. આ તો નિવેદન એક ધર્મરૂપ જ થયું. એ ધર્મ નિવેદન કરનારનો છે. જો કે તે નિવેદનથી સ્ત્રી વગેરે સર્વ પરિકર નિવેદિત છે, તો પણ તેઓએ સ્વતંત્ર નિવેદન નહિ કરેલું હોવાથી તેમનો સેવામાં અધિકાર થતો નથી. માટે સ્ત્રી વગેરે સર્વ પરિકરને પણ પોત પોતાનો સ્વતંત્ર સંસ્કાર થવા સારૂ પૃથક્ પૃથક્ સમર્પણ આવશ્યક છે.

આવી રીતે ભગવદિચ્છા જણાયા પછી દેહનો નિર્વાહ નિવેદિત પદાર્થથી કરવો, એમ નિશ્ચય થાય છે. એટલે પહેલાં બન્ને તરફથી પાશમાં સપડાયા જેવું થયું હતું તે નિવૃત્ત થશે. કેમ કે નિવેદિત થયા પછી નિવેદિત પદાર્થથી દેહનો નિર્વાહ પણ થશે. સેવામાં પણ કશો બાધ રહેશે નહિ. હવે એક સંશયનું બીજ રહે છે. પહેલાં એમ નિરૂપણ કર્યું છે કે પ્રભુની ઈચ્છા જાણ્યા છતાં આપણે તેમના દાસ હોવાથી, તેમને નિવેદિત વસ્તુ તેમની આજ્ઞા સિવાય કેમ સ્વોપયોગમાં લેવાય? આ સંશયની નિવૃત્તિ કેમ થાય? એવી આકાંક્ષા થતાં તેનું નિરસન કરવામાં આવે છે.

પુષ્ટિમાર્ગમાં સર્વ પદાર્થનું ભગવાન્‌ને નિવેદન છે, દાન નથી. ભગવાન્‌ને સર્વસ્વનું જો દાન કર્યું હોય તો પોતાનો તેના ઉપર કશો હક્ક રહે નહિ અને તે પદાર્થ પોતાના ઉપયોગમાં લેવાય પણ નહિ. નિવેદન કરીને તે પદાર્થ પોતાના ઉપયોગમાં લઇ શકાય છે. દાન અને નિવેદન વચ્ચે આ વૈલક્ષણ્ય છે. જે વસ્તુ પોતાની કહેવાતી હોય તે વસ્તુને બીજાની બનાવવી, બીજાની કહેવરાવવી, ‘આ હું તને આપું છું’ એમ વદીને બીજાને તે વસ્તુ આપી દેવી, તે દાનનું શુદ્ધ સ્વરૂપ છે. આવી રીતે દાન કરેલી વસ્તુનો સ્વાર્થમાં વિનિયોગ થતો નથી. હવે નિવેદન એટલે આ પદાર્થમાત્ર—મારું કહેવાતું સર્વ પ્રભુનું જ છે, મારું તારું કહેવાય છે, તે મિથ્યા છે, વૃથાભિમાન જ છે, એમ નિશ્ચયપૂર્વક સમજીને

'હું આપને નિવેદું છું—સમર્પું છું' એમ ઉચ્ચારીને ભગવાન્‌ને સમર્પવું, તે નિવેદનનું યથાર્થ સ્વરૂપ છે, આવી રીતે ભગવાન્‌ને નિવેદેલા પદાર્થને પોતાના ઉપયોગમાં લેવામાં કશી હરકત નથી. દાન દીધેલું પાછું લેવું તેમાં મહાન્ દોષ છે, નિવેદનમાં નથી. જો દાન અને નિવેદન એક જ હોય, અર્થાત્ તે બંનેમાં બિલકુલ તફાવત ન હોય તો અનિવેદિત પદાર્થનો ઉપયોગ કરવાનો પુરાણોમાં સદંતર નિષેધ છે, એટલે નિવેદિત અને દાન કરેલો પદાર્થ સરખો, માટે દાન કરેલો જેમ પોતાના ઉપયોગમાં ન આવે તેમ નિવેદિત પદાર્થ પણ ન આવે, પુરાણમાં અનિવેદિતનો તો નિષેધ જ છે, તો નિવેદિત પણ ન લેવાય અને અનિવેદિત તો ક્યાંથી લેવાય ? માટે નિવેદન અને દાન પૃથક્ પૃથક્ જ છે. નિવેદિતનો જ ઉપયોગ કરવા માટે આ પ્રમાણે ઉદ્‌ઘોષ કરે છેઃ—

**સ્કંદ**પુરાણમાં કહ્યું છે કેઃ—'જે[1] પુરૂષ તુલસીમિશ્રિત, વળી વિશેષમાં ભગવચ્ચરણજલથી સિંચન કરેલું નૈવેદ્ય શ્રીમુરારિ સમક્ષ નિત્ય જમે છે, તે અયુતવાર કોટિયજ્ઞનું પુણ્ય મેળવે છે.' 'છ[2] માસના ઉપવાસથી જે જે ફળ થવાનું કહ્યું છે, તે ફળ વિષ્ણુના નૈવેદ્યના એક સિક્થ કોળીઆથી ભોજન કરનારને પ્રાપ્ત થાય છે.'

**ગરૂડ**પુરાણમાં પણ—'હરિનું[3] ચરણજલ નિત્યપાન કરવું, અને શ્રીહરિનું નૈવેદ્ય ભક્ષણ કરવું, અને તુલસીમાલા મસ્તકે ચડાવવી' એમ કથન છે.

---

१. नैवेद्यशेषं तुलसीविमिश्रं विशेषतः पादजलेन सिक्तम् । योऽश्नाति नित्यं पुरतो मुरारेः प्राप्नोति यज्ञायुतकोटिपुण्यम् ।

२. षड्‌भिर्मासोपवासैस्तु यत्फलं परिकीर्तितम् । विष्णोर्नैवेद्यसिक्थेन तत्फलं भुञ्जतः कलौ ।

३. पादोदकं पिबेन्नित्यं नैवेद्यं भक्षयेद्धरेः । शेषा च मस्तके धार्या इति वेदानुशासनम् ।

**બ્રહ્માંડ**પુરાણમાં પણ કહ્યું છે કેઃ–"[1]પત્ર, પુષ્પ, ફલ, જલ, અન્ન, પાન, ઔષધ વગેરે જે જે પદાર્થ આહાર માટે કલ્પ્યો હોય તે ભગવાન્‌ને નિવેદ્યા વિના ઉપયોગમાં લેવો નહિ.' 'નિવેદન કર્યા વગર જમનાર માણસ પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે. માટે નિત્ય સર્વ વિષ્ણુને નિવેદીને જ જમવું.'

**પદ્મ**પુરાણમાં ગૌતમ અંબરીષને કહે છે કેઃ–'હે અંબરીષ,[2] પોતાને જે અતિ પ્રિય હોય તેવું, ગૃહમાં પક્વ થયલું (અન્ન) હરિને નિવેદ્યા સિવાય જમનારો સાત જન્મસુધી નર્કનો અધિકારી થાય છે' 'હે અંબરીષ, નવું વસ્ત્ર, ફલ, અન્ન અને રસાદિક સર્વ વિષ્ણુને ભોગ ધરીને વૈષ્ણવોએ ઉપયોગમાં લેવું.'

**શ્રીમદ્‌ભાગવત**ના ષષ્ઠ સ્કંધમાં અદિતિએ કરેલા પયોવ્રતની સમાપ્તિના છેલ્લા અધ્યાયમાં વચન છે કેઃ–'દેવને [3]પોતાના ધામમાં પધરાવીને તેમની આગળ નિવેદેલો પ્રસાદ, સર્વ કામના પૂરી થવા માટે અને આત્મશોધન સારૂ ભક્ષણ કરવો.

આ પ્રમાણદલથી આ અર્થ નિષ્પન્ન થાય છે. ભગવત્પ્રસાદ –ભગવાને આરોગેલું અન્ન આત્માની શુદ્ધિ કરે છે. પ્રભુને નિવેદેલા પદાર્થોનો ભગવદ્‌ભોગાર્થ વિનિયોગ થયા પછી ભગવાને આપેલા પ્રસાદરૂપે પોતે સર્વ પદાર્થનો ઉપયોગ કરવો, એ યોગ્ય છે. દાસનો ધર્મ જ એવો છે. ઉદ્ધવજી પ્રભુને વિનવે છે કેઃ– '[4]અમે આપનું ઉચ્છિષ્ટ ભક્ષણ કરનારા દાસો આપની માયા

---

१. पत्रं पुष्पं फलं तोयं अन्नं पानाद्यमौषधम् । अनिवेद्य न भुञ्जीत यदाहाराय कल्पितम् । अनिवेद्य च भुञ्जानः प्रायश्चित्ती भवेन्नरः । तस्मात्सर्वं निवेद्यैव विष्णोर्भुञ्जीत सर्वदा ।

२. अम्बरीष गृहे पक्कं सदाभीष्टं यदात्मनः । अनिवेद्य हरेर्भुञ्जन् सप्त जन्मनि नारकी । अम्बरीष नवं वस्त्रं पानमन्नं रसादिकम् । कृत्वा विष्णूपभोग्यं तु सदा सेव्यं हि वैष्णवैः ।

३. उद्वास्य देवं स्वे धाम्नि तन्निवेदितमग्रतः । अद्यादात्मविशुद्ध्यर्थं सर्वकामाप्तये तथा ।

४. उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि ।

ઉપર જય મેળવીએ છીએ.' આ વાક્યથી પ્રભુનું ઉચ્છિષ્ટ ભક્ષણ આત્મશોધન કરે છે, એમ ભાવાર્થ ઉદ્ભવે છે.

આ પ્રમાણદલથી પહેલાં થયલી શંકા નિવૃત્ત થાય છે. ભગવત્સાદ લેવો એ તો દાસનો-અનુચરનો ધર્મ છે. એટલે તે ઉપરથી જ ભગવદાજ્ઞા પણ સિદ્ધ છે. દાસ સ્વામીની આજ્ઞા વિના કંઈ કરે જ નહિ. તે ઉપરથી ભગવદાજ્ઞા અર્થાત્ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ભગવદાજ્ઞાનું જ્ઞાન થયા પછી, 'ભગવદિચ્છાનું જ્ઞાન છતાં ભગવદાજ્ઞા ન હોવાથી નિવેદિત પદાર્થ પણ ઉપયોગમાં લેવો નહિ, કેમ કે તેથી ભક્તિમાર્ગે વિરૂદ્ધ સ્વતંત્રતારૂપ દોષ પ્રાપ્ત થાય છે' વગેરે આપત્તિ પરાસ્ત થાય છે.

તથાપિ એક શંકા અવશિષ્ટ રહે છે. ઉપરના સર્વ પ્રમાણ વાક્યમાં અને 'આપે આરોગેલું અમે લઈએ છીએ' એ વાક્યમાં પણ સર્વત્ર ભગવત્પ્રસાદરૂપ અચેતન પદાર્થ જ અવલોકવામાં આવે છે, ચેતન પદાર્થ નહિ. તો હવે પ્રભુને નિવેદેલા સ્ત્રી, પુત્ર વગેરે ચેતન પદાર્થનો વિનિયોગ સેવામાં ન થાય, એમ પ્રતીતિ થાય છે.

આ શંકા આ રીતે શમે છે. સ્ત્રી વગેરેનો પણ સેવામાં વિનિયોગ સિદ્ધ જ છે, માટે ઉપરની શંકાને અવકાશ નથી.

આ ઠેકાણે **સિદ્ધાંતરહસ્યોક્ત** સર્વે પ્રકાર સ્મરણમાં લાવવો. **સિદ્ધાંતરહસ્યમાં** ઉપદેશ્યા પ્રમાણે અને તેના નિષ્કર્ષરૂપ વિચારોથી કોઈ પણ પ્રકારની લૌકિકી ચિંતાનો ઉદય થતો નથી; પરંતુ બીજા પ્રકારથી તે થાય છે. તે પ્રકાર આવો છે. ભગવાન્‌ને નિવેદેલા પદાર્થનો વિનિયોગ થઈ ગયો, પછીથી પુનઃ ભગવાન્‌ને સમર્પવાને અન્ય પદાર્થોને સંપાદન કરવા માટે યત્ન કરવો કે નહિ? આ ચિંતા થાય છે. જો યત્ન કરવા જાય તો બહિર્મુખતા પ્રાપ્ત થાય. કેમ કે ભગવદર્થ અન્ય વસ્તુને મેળવવા જતાં ભગવાન્‌માં પ્રવણ-પરોવાયલું ચિત્ત ત્યાંથી નીકળીને પદાર્થમાં જાય તેથી બહિર્મુખતા પ્રાપ્ત થાય. જેટલો યત્ન પદાર્થને મેળવવા માટે કરે તેટલો સેવામાં પ્રતિબંધ થાય. વૃત્રાસુર ઇંદ્ર પ્રતિ કહે છે

કે;–' હે [1]ઇન્દ્ર, અમારા પતિ ભગવાન્ ધર્મ, અર્થ, કામ માટે આદરેલા પ્રયત્નનો નાશ કરે છે. તેથી જ ભગવત્કૃપાનું અનુમાન થાય છે. તે પ્રત્યક્ષ નથી, અને અન્યને દુર્લભ છે.' આ ઉપરથી એમ સમજાય છે કે, ધર્માદિ ત્રિવર્ગ માટે કરેલો યત્ન ભગવાન્ જ નિષ્ફલ કરે છે, તેથી ભગવાને જ તે પ્રતિબંધ કર્યો એમ કહેવાય છે. હવે પ્રભુને ધરાવવા સામગ્રી તો જોઇએ, અને તે મેળવવા યત્ન તો બહિર્મુખતા દોષની ભીતિથી થાય નહિ, તો સેવા શી રીતે સિદ્ધ કરવી? આ પ્રકારની ચિંતારૂપી દુઃખથી દુઃખિત થયલા જનોને પરમકૃપાલુ શ્રીમદ્વાગીશચરણ આ ગ્રંથ રચીને આ પ્રમાણે આજ્ઞા કરે છે:—

**मूलम्--चिन्ता[2] कापि न कार्या निवेदितात्मभिः कदापीति भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥ १ ॥**

**सान्वयपदार्थः**--**निवेदितात्मभिः** (આત્મનિવેદન કરેલાઓએ) **कदापि** (કદી પણ) **इति** (એ પ્રકારે) **का** (કશી) **अपि** (પણ) **चिन्ता** (ચિંતા) **न** (નહિ) **कार्या** (કરવી) **च** (અને) **पुष्टिस्थः** (પુષ્ટિમાર્ગીય) **भगवान्** (ભગવાન્) **अपि** (પણ) **लौकिकीं** (લૌકિકી) **गतिं** (ગતિને) **न** (નહિ) **करिष्यति** (કરે).

**અક્ષરાર્થ**—આત્મનિવેદન કરેલાઓએ કદી પણ એ પ્રકારે કશી પણ ચિન્તા ન કરવી. (કેમ કે તે જીવ) પુષ્ટિમાર્ગીય (છે, તેથી) ભગવાન્ પણ લૌકિક ગતિ નહિ કરે.

---

१. त्रैवर्गिकायासविघातमस्मत्पतिर्विधत्ते पुरुषस्य शक्र । ततोऽनुमेयो भगवत्प्रसादो यो दुर्लभो किञ्चन गोचरोऽन्यैः ।

२. श्लोकेऽत्रोपगीतिच्छन्दः, तल्लक्षणन्त्वभाणि वृत्तरत्नाकरे–'आर्याद्वितीयकेऽर्धे यद् गदितं लक्षणं तत्स्यात्। यद्युभयोरपि दलयोरुपगीतिं तां मुनिर्ब्रूते ।

**વિવેચન**—લૌકિક ચિંતા પ્રાપ્ત થતી નથી; પરંતુ ભગવત્સેવોપયુક્ત પદાર્થની ઉપલબ્ધિ માટે પણ જે ચિંતા થાય છે, તે પણ કરવી નહિ. માટેજ 'કશી પણ ચિંતા કરવી નહિ' એમ શ્રીવલ્લભ પ્રભુ આજ્ઞા કરે છે. કારણ કે પોતે પોતાનુ કહેવાતું સર્વ ભગવાન્‌ને સમર્પ્યું છે, તો હવે ચિંતા શાની? પ્રભુને સર્વસ્વ નિવેદ્યું, પ્રભુએ જીવે નિવેદેલાં સર્વસ્વનો અંગીકાર કર્યો, હવે સર્વ ભગવાન્‌જ કરશે એવો દૃઢ–અચલ વિશ્વાસ રાખવો, એ જ પરમ કર્તવ્ય પ્રાપ્ત થાય છે. અવિશ્વાસ–અશ્રદ્ધાના પ્રવેશથી કાર્ય માત્ર નિષ્ફલ થાય છે, એ લોકસિદ્ધ જ છે. **દૃષ્ટાંત**—શ્રી **રામચંદ્રના** પરમ ભક્ત **હનુમાનનું** બંધન કરવા **રાવણે** બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો; પરંતુ તે સાથે તેના મનમાં અશ્રદ્ધાએ પ્રવેશ કર્યો કે આવો મહાન્ બલવત્તર વાનર કેમ આવા બંધનથી બંધાશે? **રાવણની** સ્થિતિ જ્યાં સંશયગ્રસ્તા થઈ ત્યાં બ્રહ્માસ્ત્રનું બલ પરાહત–ક્ષીણ થઇ ગયું, અને તેનો કશો પણ ઉપયોગ થયો નહિ. માટે વિશ્વાસરૂપી પ્રકાશથી સંશયતિમિરનો નાશ કરી અડગ–શ્રદ્ધા રાખવી. ભગવાન્ જેનો અંગીકાર કરે છે, તેનું સર્વ પ્રકારે રક્ષણ કરે છે. આ નિયમ આપે ગીતામાં સ્વમુખેજ પ્રકટ કથ્યો છેઃ— '[1]જે જનો અનન્ય (બીજાનો આશ્રય ન કરતાં) થઇને મને ઉપાસે છે, તેવા નિત્યાભિયુક્ત પુરૂષોનો યોગક્ષેમ હું જ કરૂં છું.' કોઈ વખતે ભગવાન્ જીવવૃત્તિની પરીક્ષા કરવા માટે અથવા તો પ્રારબ્ધના ભોગ માટે વિલંબ કરે છે, ત્યારે પણ સહનશીલતા રાખીને ચિંતાને સ્વલ્પ સ્થાન આપવું જ નહિં.

અત્ર શંકા થાય છે. ચિંતા ન કરવી એ આજ્ઞા માન્ય છે, અને ભગવાન્ પોતે જ આ જીવ મારી આજ્ઞાને અનુસરશે એમ જાણીને તેના ભગવદર્થ અને લૌકિકાર્થ એમ બંનેનો નિર્વાહ કરે છે, છતાં સર્વ અધિકારી કંઈ ઉચ્ચ કક્ષાના નથી હોતા, કોઇ

---

१. अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।

ઉતરતી કક્ષાના પણ હોય છે, તો તેવી ઉતરતી કક્ષાના અધિકારિઓનો નિર્વાહ ઉચ્ચ કક્ષાના અધિકારિઓ પ્રમાણે થાય કે નહિ ? આ ચિંતા થાય છે. વળી લોકમાં જેવી રીતે દ્રવ્યસંપન્ન પુરૂષો પોતાના સેવકોની આસક્તિ સ્વામિકુટુંબ તરફ ન રહેતાં પોતાના જ કુટુંબમાં અવલોકે તો ઉદાસીન થઇ જાય છે, તેમ નીચી કોટિના અધિકારીઓની આસક્તિ સ્વકુટુંબમાં જુએ તો ભગવાન પણ ઉદાસીન થઈ જાય. આ સંશયનું નિરાકરણ શ્રીવલ્લભાધીશ્વર કરે છે.

તે જીવ પુષ્ટિસ્થ છે. ભગવત્કૃપાનો પાત્ર થયો છે. એટલે ભક્તિબીજરૂપ ભગવદનુગ્રહ તેમાં છે, તેથી અનુગ્રહ બલથી માર્યાદિકી વૈરાગ્યાદિ સાધન સંપત્તિ ન હોય તો પણ તેની લૌકિક ગતિ તો ન જ થાય. કેમકે તે જીવોને મહાપુરૂષે—શ્રીવલ્લભાગ્નિએ સાક્ષાત્ શ્રીનંદનંદન સમક્ષ નિવેદન કર્યા છે. માટે લૌકિક ગતિ પ્રભુ કરશે એમ સ્વપ્ને પણ ભાવના કરવી નહિં. ભક્ત નારદના વાક્યને સત્ય કરવાને **નલકૂબર** અને **મણિગ્રીવના** ઉપર પ્રભુએ અનુગ્રહ કર્યો. દશમસ્કંધની ગર્ભસ્તુતિમાં આ ભાવાર્થ સ્ફુટ છે. 'હે [1]ભગવન્, નિષ્કપટ મૈત્રીવાલા મહાન્ પુરૂષો પોતે તો આ દુસ્તર, ભયંકર સંસારને તરીને આપના ચરણકમલરૂપી નાવને અત્ર સ્થાપીને ગયા. કેમ કે આપ સત્પુરૂષો ઉપર અનુગ્રહ રાખો છો.' આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ભક્તિમાર્ગના એક પ્રવર્તક આચાર્યચક્રચૂડામણિ શ્રીમદ્વલ્લભાધીશ્વરનો જેના ઉપર અનુગ્રહ થયો તેના ઉપર ભગવત્કૃપા થયલી જ છે, એમ સમજવું. ભગવાન્ પણ આચાર્યચરણે નિવેદેલા જીવને પોતાના કરે છે, માટે કદી ઉપેક્ષા કરતા નથી. વૃત્રાસુર કહે છે કે;—' સ્વકર્મથી [2]સંસારચક્રમાં ભ્રમણ કરનારા મને ઉત્તમ શ્લોક ભગવાન્ વિષે ( અને તેમના ભક્તને

---

१. स्वयं समुत्तीर्य सुदुस्तरं भवार्णवं भीमभदभ्रसौरभाः ।
भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान् ।
भा. द. स्कं. पू. अ. २३–१.

२. ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः
त्वन्माययात्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ।

વિષે ) સખ્ય (થાઓ), હે નાથ, આપની માયાથી આત્મા, પુત્ર, ઘર અને ગૃહમાં આસક્તિવાલા ચિત્ત સાથે સખ્ય મા થાઓ.' આ શ્લોકમાં વૃત્ર નિવેદન કરે છે કે, 'સ્વકર્મસ્વપ્રારબ્ધથી સંસારચક્રમાં હું ભમું છું' અર્થાત્ ક્લેશોત્પત્તિમાં હેતુ પ્રારબ્ધ જ છે એમ સમજીને ચિંતા કરવી નહિ. તનુજા સેવા જો શરીર સુખી ન હોવાના કારણે ન બની શકે તો પણ ચિંતા ન કરવી, કેમ કે પ્રભુ લૌકિક અને વૈદિક ગતિ કદાપિ નહિ કરે. જેમ મર્યાદામાર્ગમાં અક્ષરબ્રહ્મની પ્રાપ્ત માટે અનેકવિધ સાધનોની અપેક્ષા છે, તેમ અત્ર પ્રભુ નહિ કરે. 'ચાક્રાયણ જ્યારે આપત્તિમાં આવી પડ્યો, ત્યારે તેને અન્યના ઉચ્છિષ્ટ–ભક્ષણ કરેલા કલ્માષાદિ અન્ન ભક્ષણ કરવાનો સમય આવ્યો. આ કથાનક વેદમાં છે. એવું ભક્તિમાર્ગમાં બનતું નથી. અનન્ય ભક્તના યોગક્ષેમનો ભાર સાક્ષાદ્ વ્રજાધિપ ઉપર છે, એટલે ભગવદીયોને કશી ચિંતાનો અવકાશ નથી.[1]

આ પ્રમાણે કુટુંબમાં આસક્તિ રાખવા છતાં પણ ભગવાન્ તો નિર્વાહ ચલાવશે, ઉપેક્ષા નહિ કરે, તો હવે ભગવદ્ભોગાર્થે વસ્તુનું સંપાદન કરવા માટે યત્ન શા માટે કરવો? શા માટે ક્લેશ સહન કરવો? સ્વચ્છંદ વ્યવહાર કેમ ન ચાલવા દેવો? વગેરે બહુવિધ બહિર્મુખતા પ્રાપ્ત થાય છે. માટે વાક્પતિચરણ તેનું નિરાકરણ કરવા દ્વિતીય શ્લોકનો પ્રારંભ કરે છે.

**मूलम्–निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः।**
**सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति ॥२॥**

**સાન્વયપદાર્થ—सर्वथा** ( સર્વાંશે ) **तादृशैः** ( નિવેદિતાત્મા એવા ) **जनैः** ( જનોએ ) **निवेदनं** ( નિવેદન ) **तु** ( તો ) **स्मर्तव्यं**

---

૧. આ વેદોક્ત પ્રસંગને અનુસરીને જ શ્રીવ્યાસપાદ પણ બ્રહ્મસૂત્રમાં ઉપદેશે છે કે;–પ્રાણનો નાશ પ્રાપ્ત થાય, આહાર દુર્લભ થઈ પડે ત્યારે સર્વના અન્નના ભક્ષણમાં અનુમતિ–સંમતિ છે!

( સ્મરવું ). **सर्वेश्वरः** ( સર્વના ઈશ્વર ) **च** ( અને ) **सर्वात्मा** ( સર્વના આત્મા ) **निजेच्छातः** ( સ્વેચ્છાથી ) **करिष्यति** ( કરશે ).

**અક્ષરાર્થ**—સર્વાંશે નિવેદિતાત્મા એવા જનોએ નિવેદન તો સ્મરવું. સર્વના ઈશ્વર અને સર્વાત્મા સ્વેચ્છાથી કરશે.

**વિવેચન**—પુર્વે પ્રાપ્ત થયલો સ્વચ્છંદવ્યવહાર–' કુટુંબમાં આસક્તિ છતાં પ્રભુ ઉપેક્ષા ન કરતા હોય તો નૈવેદ્યાદિના સંપાદનને અર્થે યત્ન જ ન કરવો, શામાટે ક્લેશ સહન કરવો ' વગેરે સ્વતંત્ર વિચાર અને તેથી થતી બહિર્મુખતાની હવે નિવૃત્તિ થશે. શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે, આત્મનિવેદનવાલાઓએ નિરંતર નિવેદન સ્મરવું–અર્થાત્ આ સર્વ ભગવાનનું છે–ભગવદીય છે, એવું અનુસંધાન રાખવું, તેથી બહિર્મુખતા નહિ થાય. સેવામાં અધિકાર થવા માટે આત્મનિવેદન સંસ્કાર છે, એમ ભગવાને પણ ઉદ્ધવ પ્રતિ આજ્ઞા કરી છે, એ સ્પષ્ટ જ છે. આત્મનિવેદન પછી સર્વદા સેવા જ કર્તવ્ય છે અને સર્વ પરિકરનો વિનિયોગ પણ ભગવત્પરિચર્યામાં કરીને આ સકલ ભગવાન્નું છે એવું અનુસંધાન કરવું, તેમ થતાં બહિર્મુખ નહિ થવાય.

શ્લોકમાં ' **तु** ( તો ) ' એ શબ્દ દૃષ્ટિગોચર થાય છે, તેનો ભાવાર્થ એ છે કે, અશક્તિ વગેરે કારણાંતરોથી સેવા ન બની શકતાં પણ નિવેદન ' તો ' અવશ્ય સ્મરવું. આ ભાવાર્થ ' **तु** ' શબ્દ જણાવે છે.

**सर्वथा** ( સર્વાંશે ) એ પદ નિવેદનની આવશ્યકતાને અવબોધે છે. અથવા સર્વાંશે જેઓ નિવેદિતાત્મા થયલા હોય, ભગવત્પરતા રાખતા હોય, તેની સાથે નિવેદન સ્મરવું, એવો ભાવાર્થ પણ દ્યોતન થાય છે. આ ભાવાર્થ ભાસવાથી એવો નિશ્ચય થાય છે કે, સંગ કરવો તો નિવેદિતાત્મા ભગવદીયનો જ કરવો; અન્યનો નહિ. જેઓ તેવા ભગવદીય ન હોય, તેઓની પાસે નિવેદન ગુપ્ત રાખવું, પ્રકટ થવા દેવું નહિ. શ્લોકમાં **सर्वथा** ( સર્વાંશે ) એ પાઠને બદલે **सर्वदा** [ નિરંતર ] એમ પણ પાઠ

છે, તેમ હોય તો નિરંતર નિવેદન સ્મરવું એવો અર્થ પ્રતીત થાય છે. આ તાત્પર્ય પ્રકટવાથી એમ સમજાય છે કે, એક ઘડી એક પલ પણ નિવેદન સ્મરણ વિના જવા દેવી નહિ. એક પલ પણ નિવેદનનું વિસ્મરણ થાય તો નિશ્ચય આસુરાવેશ થયા વિના રહે જ નહિ.

અત્ર સંશય થાય છે. કદાચ પ્રારબ્ધયોગે એવો જ કલિષ્ટ સમય પ્રાપ્ત થયો કે, ભગવદીયનો સંગ પણ ન થયો, અને દુઃસંગનો ત્યાગ પણ ન થયો અને દુષ્ટ પાસે નિવેદન ગુપ્ત રાખી શકાયું નહિ, તો પછી કેમ કરવું ? તેને માટે પ્રભુને પ્રાર્થના કરવી કે નહિ ? અથવા કોઇ પણ વખતે લૌકિક અને અલૌકિકની સિદ્ધિ માટે ભગવાન્‌ને વિનતિ કરવી કે નહિ ?

આ સંશયનું શમન આ પ્રકારે છે. પ્રભુને પ્રાર્થના ન કરવી, એ જ યોગ્ય માર્ગ છે. ભગવાન્ સર્વના ઇશ્વર છે, સર્વ એટલે જેઓએ પોતાનું નિવેદન કર્યું છે, તે બધા, એવો અર્થ સમજવો. અર્થાત્ ભગવાન્ નિવેદિતાત્માના ઇશ્વર છે. સર્વ શબ્દનો અર્થ સકલ–બધાં, એવો અર્થ થાય છે, તે સ્વીકારતા અત્ર બધાના ઇશ્વર ભગવાન્ છે એવો શબ્દાર્થ થાય, પરંતુ અહિ તો સર્વ શબ્દથી નિવેદિતાત્મા થયલા બધા એવો અર્થ લેવો. જેમ કે બ્રાહ્મણોને ભોજન કરવાની વેલાએ ‘ સર્વ બ્રાહ્મણો જમાડો ’ એમ કહેવાય છે. આ ઠેકાણે સર્વ શબ્દથી બધા બ્રાહ્મણો સમજવામાં આવે તો તે બધા–બ્રાહ્મણમાત્રને ભોજન કરાવવું એ અસંભવિત છે, તેથી ‘ સર્વ બ્રાહ્મણને જમાડો ’ એટલે જેટલાને ભોજન માટે નિમંત્રણ કર્યું છે, તે બધાંને જમાડો એ ભાવ સમજાય છે. તેમ અહિ પણ સર્વના ઇશ્વર એટલે જેમણે આત્મનિવેદન કર્યું છે, તે બધાના ઇશ્વર એવો અર્થ ફલિત થાય છે. સેવકો સર્વ પ્રભુને નિવેદીને શરણ થયા, એટલે પ્રભુએ પણ તેઓના ઉપર પોતાનું સ્વામિત્વ સ્વીકાર્યું–પોતે તેઓના સ્વામી તરીકે કબૂલ થયા, પછી ભગવાન્ સેવકોને પોતાના જ માને એટલે આપણું હિત

અહિત કરવું, એની દોરી એમને સ્વાધીન જ છે, તો આપણા હિત માટે પ્રાર્થના શા માટે કરવી? ભગવાન્ સર્વના ઇશ છે–નિયંતા છે, કાલ વગેરેનું નિયમન કરે છે, કાલ, કર્મ, સ્વભાવ, એ પ્રભુનેજ આધીન છે, એટલે જેઓ ભગવદીય થયા–ભગવાનના થયા તેમને કાલાદિ શું કરશે? કંઇ પણ નહિ કરે, એવું તાત્પર્ય છે. ભગવાન્ નિજેચ્છાથી સર્વ કરશે.–પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કરશે. અથવા તો નિજ એટલે પોતા તરીકે સ્વીકારાયલા–તેની પ્રચુર ઇચ્છાને આધીન બની ઇષ્ટ કાર્ય કરશે. વાસ્તે પ્રાર્થના સ્વલ્પ પણ અપેક્ષિત નથી. ઇચ્છા–ભગવદીયેચ્છા કોઇ પણ પ્રકારના વિકારથી રહિત હોવી જોઇએ. માટે જ શ્લોકમાં પણ **निजेच्छातः** એવો અવ્યય પ્રયોગ દૃશ્યમાન થાય છે. લૌકિક ઇચ્છા, વિકૃત ઇચ્છા. તદ્વિપરીત અલૌકિક ઇચ્છા તે અવિકૃત–ઇચ્છા. **निजेच्छातः** એના બે અર્થ થયા. ૧. પોતાની ઇચ્છાથી, ૨. પોતાનાની ઇચ્છાથી. ઉતરતી કક્ષાના અધિકારિઓનો નિર્વાહ 'પોતાની ઇચ્છાથી' કરે છે, માટે પહેલો અર્થ સુઘટે છે. ઉત્તમાધિકારીઓની અવિકૃત ઇચ્છાને ભગવાન્ આધીન થાય છે, માટે 'પોતાનાની ઇચ્છાથી' એ બીજો અથ પણ બંધબેસતો થઈ પડે છે, માટે અર્થદ્વય સુયોગ્ય જ છે, એમાં સંશય નથી. પ્રભુને પ્રાર્થના ન કરવી તેમાં મુખ્ય રહસ્ય આ છે. પ્રાર્થના ક્યારે થાય કે જ્યારે ભગવાન્ સર્વજ્ઞ ન હોય, ઉદાસીન હોય, સ્વથી અન્ય હોય તો સંભવે; પરંતુ ભગવાન્ તેવા નથી. સર્વના ઇશ્વર છે, કાલાદિના નિયામક છે. નિયમન ક્યારે થાય કે જ્યારે સર્વજ્ઞ હોય તો, તેથી જ સર્વજ્ઞત્વ પ્રભુમાં અર્થાત્ પ્રાપ્ત છે. સર્વના આત્મા છે, માટે ઉદાસીન નથી. પોતાના આત્મા છે, માટે અન્ય નથી. માટે ભગવત્કાર્યસારૂ પણ પ્રાર્થના કરવી તે અપરાધરૂપ જ છે. કદાચિત્ ઉપેક્ષા કરે તો પણ ભક્તના કાર્ય માટે કરે છે, એમ માનવું. આ મંતવ્ય સ્વીકારવામાં હેતુભૂત આ દૃષ્ટાંતો છે. **નલકૂબર** અને **મણિગ્રીવ** નામના બે ગંધર્વો અતીવ વિષયાસક્ત થયા, તે એટલે સુધી કે ભક્ત **નારદજીનું** આગમન

પણ ન ગણકાર્યું અને લજ્જારહિત થયા. ત્યારે નારદજીદ્વારા ભગવાને શાપ અપાવીને તેમના કર્તવ્યનું ફલ ભોગવાવીને ઠેકાણે લાવવા યત્ન કર્યો. ચિત્રકેતુનો અહંકાર તોડવા તેને પાર્વતીદ્વારા શાપ દીધો. ઇંદ્રદ્યુમ્ન અગસ્ત્યઋષિનું આગમન થવા છતાં અભ્યુત્થાન ન આપ્યું. ઉભા થવાના શિષ્ટાચારને વિસ્મરી ગયો, તો તે ઋષિદ્વારા ભગવાને શાપ આપ્યો. આ સર્વ પ્રભુ માર્ગસ્થાપનાર્થે કરે છે. એમ ન કરે તો નિરંકુશિતતા પ્રાપ્ત થાય. ભગવાન્ કોઇ વેલાએ વિલંબ કરતા હોય અને જીવ બીજી રીતે સહનશીલતા ત્યજીને પ્રાર્થના કરવા માંડે તો પ્રભુના કાર્યમાં વિલંબ થાય, અને વિશ્વાસમાં સંશય ઉત્પન્ન થતાં મ્હાન્ અપરાધ પ્રાપ્ત થાય. ભગવાન્ વિલંબ કરતા હોય તે તેના હિત માટે જ કરતા હોય અને જીવ ચંચલતાને વશ થઇ અન્ય પ્રાર્થના આદરે તો તેણે અનિષ્ટનો પ્રયત્ન કર્યો, એમ જાણવું. શ્રી મહાપ્રભુ એટલા માટે જ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં ઉપદેશે છે કે;–'[1]અથવા તેથી પ્રાર્થના કરવાથી, શું થાય? સ્વામીના અભિપ્રાયમાં સંદેહથી જ પ્રાર્થના થાય છે! માટે કોઇપણ પ્રકારે પ્રાર્થના કરવી નહિ. ૨.

આ પ્રકારે લૌકિક અને અલૌકિક સેવાસામગ્રી વિષયક ચિંતા તો જન્મ નહિ લે, પરંતુ એક નવી ચિંતા જન્મે છે. ભગવાન્ને સમર્પાયલા દેહનો વિનિયોગ ભગવત્સેવામાં જ થવો જોઇએ, એ તો નિશ્ચિત છે, હવે તે ન થતાં સ્ત્રી, પુત્ર વગેરેના કાર્યમાં પોતાનો દેહ યોજાયો તો [2]સ્વધર્મહાનિનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે આવી ચિંતાને કેમ નિવારવી? આના ઉત્તરમાં શ્રી વલ્લભાગ્નિ તૃતીય શ્લોક ઉપદેશે છે.

---

૧. प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात्।
विवेकधैर्याश्रय.

૨. ધર્મહાનિનું સ્વરૂપ આ છે. સમર્પણ કરનાર જીવ સમર્પવાના અન્ય પદાર્થોની અપેક્ષાએ મુખ્ય છે, ચેતન છે, તેથી તેણે અચેતન–જડ–દેહાદિનો વિનિયોગ ભગવત્સેવામાં જ કરવો જાઇએ, જો દેહથી સેવા ન બને તો તેનો ધર્મ અવશ્ય નષ્ટ થાય.

**मूलम्—सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमितिस्थितिः ।**
**अतोऽन्यविनियोगेपि चिन्ता का स्वस्य सोऽपि चेत् ॥ ३ ॥**

**सान्वयपदार्थ—सर्वेषां** (સર્વને) **प्रभुसम्बन्धः** (ભગવાન્ સાથે સંબંધ) (છે), **प्रत्येकं** (મુખ્યત્વે એકને જ) **न** (નથી). **इति** (એ પ્રકારની) **स्थितिः** (મર્યાદા) (છે). **अतः** (એથી) **अन्यविनियोगेऽपि** (અન્યના વિનિયોગમાં પણ) **चिन्ता** (ચિંતા) **का** (શી ?) **स्वस्य** (પોતાનો) **सः** (અન્યમાં વિનિયોગ) **अपि चेत्** (જો હોય તો) (ચિંતા શી ?)

**અક્ષરાર્થ**—સર્વનો ભગવાન્ સાથે સંબંધ છે, મુખ્યત્વે એકને જ નથી. એ પ્રકારની મર્યાદા છે. એથી અન્યના વિનિયોગમાં પણ ચિંતા શી ? પોતાનો અન્યમાં વિનિયોગમાં પણ ચિંતા શી ? પોતાનો અન્યમાં વિનિયોગ જો હોય તો ચિંતા શી ?

**વિવેચન**—પ્રભુને સમર્પાયલા દેહ વગેરેનો વિનિયોગ સ્રી પુત્રાદિમાં થાય તો ધર્મહાનિ થાય, એવો જે દોષ પ્રાપ્ત થયો હતો, તેનું નિરાકરણ આ પ્રમાણે થાય છે. ભગવાન્‌ને આત્મનિવેદન કરતી વેળાએ નિવેદેલા સર્વ પદાર્થોને એક સરખો પ્રભુનો સંબંધ થાય છે, ન્યૂન અધિક નહિ. અર્થાત્ જેમ પોતાને પ્રભુ સંબંધ થયો છે, તેમ સ્રીપુત્રાદિને પણ થયો છે. ભગવાન્ સર્વના પતિ છે, તેના જ આ સર્વ પદાર્થો છે, તેમાં પોતાનો ઉપયોગ થાય તો કંઈ પણ હાનિ નથી. સર્વ પ્રભુનું થયા પછી દોષ ક્યાંથી ? નિવેદન કરનારને જ મુખ્યત્વે કરીને પ્રભુ સંબંધ નથી; પરંતુ નિવેદિત પદાર્થ માત્રને ભગવત્સંબંધ છે, તો તેવા પદાર્થમાં સ્વવિનિયોગ થાય તો ચિંતા શી ? સર્વસ્વ સમર્પનારની સમર્પણમાં મુખ્યતા છે, પણ સમર્પણ થઇ ગયા પછી અન્ય સમર્પિત પદાર્થ કરતાં તે કંઈ અધિક યોગ્યતા નથી મેળવતો. ભગવાન્‌ને સમર્પેલા અચેતન પદાર્થો જેમ પરસ્પર વિનિયુક્ત થતાં ચિંતાને અવકાશ

નથી મલતો તેમ ચેતન પદાર્થનો પરસ્પર વિનિયોગ થતાં ચિંતા શાની ? અચેતન પદાર્થ–ભગવાન્‌ને બિરાજવાના સિંહાસનની પાછલ રહેલી પીછવાઇનો સિંહાસન સાથે વિનિયોગ–સંબંધ થાય–સિંહાસન ઉપર વીંટવામાં આવે તોપણ [ પીછવાઇ અને સિંહાસન બંને અચેતન પદાર્થનો પરસ્પર વિનિયોગ થતાં પણ ] ચિંતા નથી થતી, તો સર્વ પ્રભુનું હોવાથી અન્યોન્ય વિનિયોગ થાય તો ચિંતા શાની ? ભગવાન્‌ને સમર્પાયલા અચેતન શરીરનો અન્યોન્ય વિનિયોગ થાય તો પણ ચિંતાને સ્થાન નથી. એટલું આવશ્યક છે કે સ્ત્રી વગેરે પોતાના નથી, તેમાં રહેલું મમત્વ મિથ્યા છે, સ્વત્વાભિમાન ધિક્કારવા યોગ્ય છે, એવું તો મનમાં દૃઢ રહેવું જ જોઇએ. આમ હોય તો ચિંતા પણ હૃદયમાં દાર ન કરે અને સ્વધર્મહાનિરૂપ દોષ પણ દૂર ચાલ્યો જાય.

ઉપર પ્રમાણે ધર્મહાનિની ચિંતા તો ચીર્ણ થઇ, પરંતુ એક બીજી ચિંતા ઉદ્ભવે છે. નિવેદનથી ભગવત્સંબંધ એક સરખો જ સર્વને થતો હોય તો કેટલાકનો સેવામાં વિનિયોગ વિશેષ થાય છે અને કેટલાકનો સ્વલ્પ જોવામાં આવે છે તેનું શું કારણ ?

આ સંશયનું સમાધાન આવી રીતે કરવું. ઉપરની નિવેદનથી થતી અંગીકાર મર્યાદા નિર્દિષ્ટ છે. કોઇનો સેવામાં વિશેષ અંગીકાર થાય તો પુષ્ટિ સમજવી. તેના ઉપર ભગવદનુગ્રહ વિશેષ થયો છે, એમ માનવું. એમ ધારીને સંતોષ રાખવો, એટલે ચિંતા બાધ નહિ કરે. કોઈમાં ભગવત્કૃપા વિશેષ ઉતરી હોય પણ ભગવત્સંબંધ તો તુલ્ય જ છે, એ તો કંઇ નષ્ટ થવાનો નથી. તો શામાટે ચિંતાને સ્થાન આપવું ?

આ શ્લોકમાં જુદાં જુદાં બે વાક્યો ભાસે છે. " સર્વને પ્રભુનો સંબંધ છે, ( એક સરખો જ છે ), જીવને મુખ્ય અને દેહ, પુત્રાદિને ગૌણ છે, એમ નથી. " આમ છે તો સમર્પિત થયલા સ્ત્રીપુત્રાદિનો વિનિયોગ સેવામાં ન થતાં અન્યમાં થાય તો પોતાને શી ચિંતા પડી છે ? એ પહેલા વાક્યનો ભાવાર્થ છે.

બીજા વાક્યનો ભાવાર્થ આ છે. "એ પ્રકારે નિવેદનમાં–પ્રભુકૃત અંગીકારમાં મર્યાદા છે, પુષ્ટિ તો વિલક્ષણ છે. તેથી કોઇ-નો વિશેષ અંગીકાર કરે તોપણ ચિંતા શી?"

પહેલા વાક્યમાં સર્વને પ્રભુનો સંબંધ છે એટલે સર્વ શબ્દ-થી જીવસહિત શરીરવાલાનું જ બોધન થાય છે, કંઈ અચેતન પદાર્થનું નથી થતું, માટે પહેલાં દર્શાવેલાં તારતમ્યમાં અરૂચિ જેવું જણાય છે. વળી પ્રભુને સમર્પાયલાં દેહાદિનો વિનિયોગ સ્ત્રીપુત્રા-દિમાં થતાં સ્વ–ધર્મહાનિ ત્યારે થાય કે જ્યારે સમર્પિત ન હોય. સ્ત્રીપુત્રાદિ સમર્પિત છે અને તેમાં સમર્પિતનો વિનિયોગ થયો તો કંઇ દોષ નથી. '[1]નિવેદનવાલાઓએ સર્વ સમર્પીને જ કરવું.' એ વાકય અનુસારે નિવેદિત થયલાઓને સમર્પણની આવશ્યકતા દૃઢ થાય છે, તે સમર્પણ નિવેદનવાળાઓનો પરસ્પર વિનિયોગ થાય તો જ સંભવે. અને ભક્તિમાર્ગની મર્યાદાને અવબોધનારૂં ઉક્તવાકય જ ચિંતાની નિવૃત્તિ કરે છે તો ચિંતા શાની? માટે પહેલું વ્યાખ્યાન અરૂચિવાળું છે.

ઉપરના વ્યાખ્યાનને અરૂચિનો સ્પર્શ થયો માટે ઇતર વ્યા-ખ્યાન ઉપદેશે છે. અથવા પુત્રાદિનો અન્ય વિનિયોગ થાય તો પોતાને શી ચિંતા? તેમની કૃતાર્થતા અંગીકારથી જ છે. સેવા સંબંધી ચેતન પદાર્થ વિષયક ચિંતાની નિવૃત્તિ માટે આ ઉપદેશ છે, માટે કશો દોષ નથી. શ્લોકમાં **स्वस्य** સુધીનાં સઘળાં પદોનો સંબંધ પૂર્વ વાક્યમાં છે. અર્થાત્ પોતાનો પણ અન્ય વિનિયોગ થાય તો શી ચિંતા? **सः, अपि, चेत्** એ ત્રણ પદ અવશિષ્ટ છે. તેમાં **सः** પદનો અન્વય **अपि** સાથે છે. તે અન્યવિનિયોગ પો-તાનો હોય તો શી ચિંતા? સ્વશબ્દ 'અનુભવજ્ઞાનથી પોતાના વિશેષ અંગીકારનો નિશ્ચય કરનાર મુખ્ય સેવક' સમજાવે છે. આ ગૂઢાભિસંધિવાળી શ્રીમહાપ્રભુની અગાધ વાણીમાંથી જેટલા ભાવાર્થો નિ:સરે તેટલા થોડા. ૩.

---

૧. **निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादितिस्थितिः ॥**

**सिद्धान्त रहस्ये.**

આ જ ભાવાર્થને કૈમુતિકન્યાયે પુનઃ પ્રકાર ભેદથી ઉપદેશે છે.

**मूलम्–अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् ॥**
**यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥ ४ ॥**

**સાન્વયપદાર્થઃ—अज्ञानात्** ( અજ્ઞાનથી ) **अथवा** ( અથવા ) **ज्ञानात्** ( જ્ઞાનથી ) **यैः** ( જેમણે ) **आत्मनिवेदनं** ( આત્મસમર્પણ ) **कृतं** ( કર્યું ), ( જેઓ ) **कृष्णसात्कृतप्राणैः** ( કૃષ્ણને જેમણે પ્રાણ સ્વાધીન કર્યા છે એવા ) ( થયા ), **तेषां** ( તેઓને ) **का** ( શી ? ) **परिदेवना** ( ચિંતા ).

**અક્ષરાર્થઃ**—અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેમણે આત્મસમર્પણ કર્યું, જેઓ કૃષ્ણને જેમણે પ્રાણ સ્વાધીન કર્યા છે એવા થયા, તેઓને શી ચિંતા ?

**વિવેચનઃ**—અન્ય વિનિયોગ હોય તો પણ ચિંતા ન જ કરવી. હીન અથવા મધ્યમાધિકારી હોય તો પણ ચિંતા તો ન જ થવા દેવી. જેમણે પોતાના પ્રાણ શ્રીકૃષ્ણને સ્વાધીન કર્યા તેમને તે વળી ચિંતા હોય જ શાની ? ભગવાન્ સર્વરૂપ છે. માર્ગપ્રવર્તક, ઉપદેશક, ગુરૂ સ્વરૂપ પણ આપ જ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાથી ફલરૂપ છે. નિઃસ્વાર્થ ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. આવું જ્ઞાન હીનાધિકારીને નથી હોતું, કદાચ જાણી જાય તો પણ સ્વપ્રાણ કૃષ્ણને સ્વાધીન નથી કર્યા, માટે અધિકારી મધ્યમ સમજવો. હવે પોતાને વિષે વિશેષ અનુગ્રહનો–ભગત્કૃપાનો નિશ્ચય થઈ ગયો હોય, છતાં એ અન્યમાં વિનિયોગ થાય તો એમ જ સમજવું કે, પ્રભુની ઇચ્છા કંઇ અન્ય કાર્ય કરાવવા માટે આવી થઈ છે, એમ અવધારીને કશી ચિંતા કરવી નહિ. અન્યમાં વિનિયોગ થવામાં કંઈ પોતાનો અપરાધ નથી. જેમણે પોતાના પ્રાણ કેવલ ભગવાન્‌ને જ સ્વાધીન કર્યા, તેમને ચિંતાનો વિષય જ નથી. તો ચિંતા કેમ ઉદ્ભવે ? માટે શ્રીવલ્લભાગ્નિ આજ્ઞા કરે છે કે,

**तेषां का परिदेवना** ? તેમને **શી** ચિંતા ? અજ્ઞાનથી કે જ્ઞાનથી જેમણે આત્મનિવેદન કર્યું તેમને ચિંતા હોય જ નહિ.

વિશેષ તાત્પર્ય આ છે. એકાદશસ્કંધમાં સાધુના લક્ષણો ઉપદેશતાં ભગવાન્ અન્તે એવી આજ્ઞા કરે છે કે, 'હું જેટલો, જે અને જેવો છું, તેવો જાણીને, સમજીને (જેઓ) અનન્ય ભાવથી ભજે છે તે મારા અત્યંત ભક્તો મનાયલા છે.' આ ભગવદાજ્ઞામાં એવું તાત્પર્ય સમાયલું છે કે, હીન અથવા મધ્યમ, ગમે તેવો અધિકારી હો; પણ તે મને ભજતો હોય તો ભક્ત-શ્રેષ્ઠ જ છે. એથી હીન અને મધ્યમ અધિકારિઓની પણ ઉત્કૃષ્ટતા ઘોતન થઇ. ભગવદુદ્ધવસંવાદની સમાપ્તિમાં ભગવાન્ ઉદ્ધવને ઉપદેશે છે કે;–'હે અંગ [1]ઉદ્ધવ, મારા નિષ્કામ ધર્મનો પ્રારંભ કરતાં (વૈગુણ્યને લઇને) સ્વલ્પ પણ ધ્વંસ થતો નથી, કેમ કે તે નિર્ગુણ હોવાથી મેં નિશ્ચિત કર્યો છે.' (મનુ વગેરેના મુખથી તે ધર્મ કહેવરાવ્યો નથી, પણ મેં પોતે જ કહ્યો છે). ફલેચ્છા-રહિત એવા મારા ધર્મનો ધ્વંસ ન થાય એમાં શું કહેવું ? 'લૌકિક,[2] સારરહિત જે જે ધર્મ હોય તે પરમેશ્વર એવા મારા-માં નિષ્કામપણે કલ્પાય–અર્પાય, તે વ્યર્થ થતો નથી. જેમ ભય અને શોકથી પલાયન અને વિલાપ થાય છે તેમ.' તો નિષ્કામ ભગવદ્ધર્મનો ઉલટી રીતે પણ લેશ માત્ર નાશ નથી, એમ શ્રી-મુખે જ આજ્ઞા કરે છે.

પ્રસ્તુતમાં: આત્મનિવેદન સેવાધિકારરૂપ છે, તે હીનાધિકા-રીમાં પણ સાધન કે ફલથી નાશ પામશે નહિ; તેથી હીનાધિ-કારીઓને પણ ચિંતા સાથે લેવા દેવા નથી, તો દીન ચિંતા ઉત્તમાધિકારીઓને શું કરે ? આ સર્વ ભગવદ્વાક્યને આધારે જ

---

१. न ह्यङ्गोपक्रमे ध्वंसो मद्धर्मस्योद्धवाण्वपि । मया व्यवसितः सम्यक् निर्गुणत्वादनाशिषः ॥

२. यो यो मयि परे धर्मः कल्प्यते निष्फलाय चेत् । तदायासोऽनपार्थः स्याद् भयादेरिव सत्तम ।

સિદ્ધ છે. ભગવાન્ માટે લૌકિક પ્રયાસ પણ કરવામાં આવે તો તે પણ નિષ્ફલ નથી; એ આ વિશેષ વિવેચનથી દૃઢ થાય છે. માટે પૂર્વે જે નિરૂપણ કરવામાં આવ્યું તે સુયોગ્ય જ છે. હવે ભગવદીયોને વિલાપાત્મક શોક-ચિંતા શી હોય? કશી પણ નહિ. ૪.

આ પ્રમાણે નિવેદિત થયલાઓની ચિંતા નિવૃત્તિનો ઉપાય ઉપદેશીને નિવેદન વિષે થતી ચિંતા ન કરવાનો ઉપદેશ કરવામાં આવે છે.

ભક્તિ નવવિધા છે. ૧. શ્રવણ, ૨. કીર્તન, ૩. સ્મરણ, ૪. પાદસેવન, ૫. અર્ચન, ૬. વંદન, ૭. દાસ્ય, ૮. સખ્ય, ૯. આત્મ-નિવેદન. આ નવ પ્રકારની ભક્તિમાંથી કોઈ એક પ્રકારની અથવા તો નવે પ્રકારની ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ થવામાં સાધ-નભૂત છે. નવભક્તિમાંની પહેલી ત્રણ ભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ.) સેવ્ય ભગવત્સ્વરૂપ વિના જીવ પોતે જ સિદ્ધ કરી શકે છે. પાદસેવન એ ચતુર્થ ભક્તિ જીવ માત્ર સાધ્ય પણ છે અને સેવ્ય સ્વરૂપની અપેક્ષાવાળી પણ છે. 'હરિના[1] સ્થાન પ્રત્યે જવા માટે ચરણ છે' એ નવમસ્કંધના વાક્ય પ્રમાણે તો પાદસેવન એનો પાદથી સેવન એવો અર્થ લઇને પાદસેવન ભક્તિ માનીએ તો તે ભક્તિ જીવકૃતિ માત્ર સાધ્ય છે. ભગવાન્ના ચરણનું સેવન એવો અર્થ લઇએ તો ભગવત્સ્વરૂપની અપેક્ષા રહે છે. તેવી રીતે અર્ચન, વંદન અને દાસ્ય પણ સમજવાં. આ સપ્તવિધા ભક્તિ સેવ્ય ભગવત્સ્વરૂપમાં ચૈતન્યનો પ્રાદુર્ભાવ ન અનુભવાયો હોય તો પણ થઈ શકે છે. પરંતુ અંતિમ ભક્તિદ્વય-સખ્ય, આત્મનિવેદન તો ભગવત્સ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટ્ય થયું હોય તો જ સંભવે છે. સેવ્ય સ્વરૂપ પોતાને વિષે ચૈતન્યને પ્રકટ કરીને સેવકનું-ભક્તનું સખ્ય અને આત્મનિવેદન સ્વીકારે તો જ ભક્ત ભગવદંગીકાર સંપન્ન થાય. ભગવત્સ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટ્ય તો પ્રેમલક્ષણા ભક્તિથી જ થાય છે-ભક્તના અતિપ્રેમવશ થઇને જ ભગવાન્

---

૧. पादौ हरेः क्षेत्रपदानुसर्पणे.

સાનુભાવ થાય છે. અત્યારે કંઇ પ્રેમલક્ષણા ભક્તિ નથી; કેમ કે, તેની સાધનદશા છે, તે સિદ્ધ કરવાની અવસ્થા છે, તેથી ભગવત્સ્વરૂપ પણ ચિત્પ્રાકટ્યવાલું નથી. હવે સખ્ય અને નિવેદન કર્યા છતાં, તેનો પ્રભુએ અંગીકાર કર્યો છે કે નહિ તેવી ચિંતા ઉપજતાં શ્રીવૈશ્વાનરાચાર્ય આજ્ઞા કરે છે કેઃ—

**मूलम्–तथा निवेदने चिन्ता त्याज्या श्रीपुरुषोत्तमे ॥**
**विनियोगेऽपि सा त्याज्या समर्थो हि हरिः स्वतः ॥ ५ ॥**

**सान्वयपदार्थ–तथा** [તેવી રીતે] **श्रीपुरुषोत्तमे** [શ્રીપુરૂષોત્તમમાં] **निवेदने** (નિવેદન વિષયક] **चिन्ता** [ચિંતા] **त्याज्या** [ત્યજવી] **विनियोगे** [વિનિયોગમાં] **अपि** (પણ) **सा** [ચિંતા] **त्याज्या** [ત્યજવી], हि (કારણ કે] **स्वतः** [પોતે] **हरिः** [હરિ] **समर्थ** [સમર્થ] [ છે ].

**અક્ષરાર્થ**—તેવી રીતે શ્રીપુરૂષોત્તમાં નિવેદન વિષયક ચિંતા ત્યજવી, વિનિયોગમાં પણ ચિંતા ત્યજવી, કારણ કે પોતે હરિ સમર્થ છે.

**વિવેચન**–પૂર્વે જેમ નિવેદિત થયલાઓને સ્વવિષયક ચિંતા થઈ હતી તેમ નિવેદનમાં પણ શ્રીપુરૂષોત્તમે મારો અંગીકાર કર્યો કે નહિ, એવી ચિંતા ત્યજવી. આ અર્થ શ્લોકમાંના **તથા** [ તેવી રીતે ] એ પદથી ઉપલબ્ધ થાય છે. ભગવદ્ધર્મના ઉપક્રમરૂપ નિવેદન થયા પછી, ઉપર પ્રમાણે, નિવેદન કરનારને જેમ અન્ય વિનિયોગ થતાં–વિગુણતા થતાં ચિંતા કરવી યોગ્ય નથી; કેમકે અન્ય વિનિયોગ થતાં ભગવદ્ધર્મ નાશ નથી થતો, તેમ અહિ પણ અંગીકાર થયો કે નહિ એવા સંશયમાં પડી ચિંતા કરવી નહિ. ચિંતા ન કરવી, તેના કારણમાં મૂલ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીપુરૂષોત્તમપદ યોજ્યું છે. તેનું નિગૂઢ રહસ્ય આ છે. નિરોધલીલામાં સ્વેતરભજન કરતા ભક્તોને અન્યાશ્રયથી નિવારીને

શ્રીપુરૂષોત્તમે સ્વપરાયણ કર્યા—પોતે અંગીકાર કર્યો. અર્થાત્ અનુગ્રહ-યુક્ત ભગવાને ઇંદ્રયાગનો ભંગ કરીને, ગોવર્ધનોદ્ધરણ લીલા કરીને સ્વીય જનોનું પોષણ કર્યું. ઇંદ્રયાગનો ભંગ કર્યો; તે પ્રભુનો સ્વભાવ છે, એમ અવધારવું—નિશ્ચય કરવું, અને ચિંતા ત્યજવી. ઇંદ્રનો આશ્રય કરતા નિજ જનોનો નિરોધ કરીને, તેથી આવી પડેલી આપત્તિને પણ દૂર કરીને સ્વવિષે જ આશ્રય દૃઢ કરાવ્યો. આ ઉપરથી એમ જ સમજવાનું કે પોતે અન્યાશ્રય કરતો હોય અને તેમાં ભગવાન વિઘ્ન નાંખીને છોડાવે, ત્યારે એમ સમજવું કે હું વિપત્તિમાં આવી પડીશ; પરંતુ દૃઢ વિશ્વાસ રાખવો કે ગોવર્દ્ધનધરણ ગોકુલની પેઠે મને બચાવશે. વળી પોતે અનન્ય ભાવથી ભજે છે, અન્યની આકાંક્ષા સ્વપ્ને પણ રાખતો નથી, તો સમજવું કે, પ્રભુએ મારો અવશ્ય અંગીકાર કર્યો છે, મને અન્યના હેય આશ્રયથી બચાવ્યો છે. પ્રભુની એવી પરમ દયાલુતા છે. આમ વિચારીને ચિંતાને સ્થાન આપવું જ નહિ. ભગવાન્ જ અનુગ્રહ કરીને અન્યના ફંદામાં ફસતાં અટકાવે છે, વિરોધ કરે છે, અન્યોપાસના છોડાવીને સ્વપરાયણ કરે છે. આવા કાર્યથી પોતાના અંગીકારનો નિશ્ચય થયા પછી ચિંતા શાની?

આ વિષયમાં શંકા ઉદ્ભવે છે. ગદ્યમાં કેવલ પુરૂષોત્તમનેજ સર્વ સમર્પવાનું ઉપદેશ્યું છે; કંઈ શ્રીપુરૂષોત્તમને—શ્રીરૂપ ભક્ત સહિત પુરૂષોત્તમને સમર્પણ ઉપદિષ્ટ નથી; તો શ્રીમહાચાર્યચરણ આ શ્લોકમાં શ્રીપુરૂષોત્તમને નિવેદનની આજ્ઞા કેમ કરે છે?

આ શંકાનો પરિહાર આ પ્રમાણે થાય છે. એકાદશ સ્કંધમાં ભગવાન્ ઉદ્ધવને આજ્ઞા કરે છે કે;—'જ્યારે [1]અક્રૂરજી બલભદ્ર સાથે મને મથુરા લઇ ગયા ત્યારે, મારે વિષે જેમના ચિત્ત અનુરાગિ થઈ ગયાં છે એવાં શ્રીગોપીજનો અત્યંત ગાઢ ભાવને લઈને એવાં

---

१. रामेण सार्धं मथुरां प्रणीते श्वाफल्किना मय्यनुरक्तचित्ताः। विगाढभावेन न मे वियोगतीव्राधयोऽन्यं ददृशुः सुखाय। भा. ए. अ. १२ श्लो. १०

તા વિરહના તીવ્ર વ્યાધિથી યુક્ત થયાં કે પછી સુખ માટે અન્ય સાધન તેમણે જોયું નહિ.' આ વાક્યથી ભગવાને ઉદ્ધવ પ્રત્યે નિજ પરમ–ઉત્કૃષ્ટ ભક્તોની મુક્ત કંઠે પ્રશંસા કરી. આવી ઉત્કૃષ્ટ ભક્તિના કારણરૂપ ધર્મો ઓગણીશમા અધ્યાયમાં આપે ઉપદેશ્યા છે, તેમાં પણ કંઈ સ્પષ્ટતા નથી જણાતી, તે સર્વનો સંગ્રહ કરીને સ્વમુખાબ્જ શ્રીવૈશ્વાનરાચાર્યને ગદ્યરૂપે આજ્ઞા કરી. જેમ કલ્પસૂત્રોક્ત ધર્માચરણ વેદોક્તરૂપ જ થાય છે, તેમ એકાદશસ્કંધોક્ત ઉપદેશ અસ્પષ્ટ હોવાના કારણે શ્રીમુખે ગદ્યમાં ઉચ્ચારેલો સ્પષ્ટ ઉપદેશ તેથી પણ શ્રેષ્ઠતમ છે. ગદ્યમાં કૃષ્ણ પદ છે, તેથી કૃષ્ણ–કેવલ નહિ. પરંતુ વ્રજાંગનાયુક્ત જ સમજવા. તેવા કૃષ્ણને જ સર્વ સમર્પવાનું છે. ગદ્યમાં કૃષ્ણશબ્દ 'શ્રીસ્વામિની સહિત શ્રીકૃષ્ણ' એ ભાવાર્થનું દ્યોતન કરે છે. વળી પ્રભુ પુરૂષોત્તમ સદાનંદ રસાત્મક છે. **रसो वै सः** એ શ્રુતિ જ પ્રભુના રસાત્મક સ્વરૂપનો પરિચય કરાવે છે. રસ હમેશાં આલંબન-વિભાવની (આધારની) અપેક્ષા રાખે છે. પ્રભુ રસસ્વરૂપ હોવાથી તેમને આધારની આવશ્યક્તા હોય જ, એમાં સંશયની ઉત્પત્તિ ન જ થવી જોઇએ. નાયિકાનો આધાર નાયક અને નાયકનો આધાર નાયિકા, એ રીતે ઉભયની અપેક્ષા થાય છે. (આ ગૂઢાભિસંધિ અનુભવૈકગમ્યા જ છે, લેખકની લેખિની તેનું સ્વરૂપ વર્ણવાને અસમર્થ થાય છે). હવે રસાત્મક ભગવાનના આધાર શ્રીવ્રજયુવતિ જ છે. માટે શ્રીપુરૂષોત્તમને સર્વસ્વ નિવેદવાની આજ્ઞા છે. સ્વકીય સ્વરૂપાનંદનું દાન કરીને ભગવાન્ ભક્તનું પોષણ કરે છે, તો તેવા ભક્તોનો અન્યત્ર વિનિયોગ અસંભવિત છે, તેથી ચિંતાને તિલાંજલિ જ આપવી, એ અર્થ શ્રીપુરૂષોત્તમ શબ્દથી પ્રતીત થાય છે. આવું હૃદયંગમ ગુપ્ત રહસ્ય ધ્યાનમાં લઈને જ સરસ્વતીશ શ્રીપુરૂષોત્તમ શબ્દ યોજે છે, એ સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકવું એટલે, વિરોધનો ગંધ પણ નહિ રહે.

ઉપર પ્રમાણે એક શંકા નિવૃત્ત થતાં બીજી ઉત્પન્ન થાય

છે. અત્યાર સુધીના વિવેચનથી તો એમ થયું કે, અન્યાશ્રયરહિત ભજનનો નિર્વાહ ભગવાન્ યથાસ્થિત કરે તો સ્વકીય અંગીકારનો નિશ્ચય કરી લેવો. એવા અનુમાનથી ચિંતા દૂર કરવી. પરંતુ અન્યાશ્રયમાં જો સેવકનો વિનિયોગ થાય તો પ્રભુએ અંગીકાર કર્યો હશે કે કેમ, એ સંદેહ જ ઉત્પન્ન થાય. અંગીકાર કર્યો હોય તો પ્રભુ અન્યમાં વિનિયોગ ન કરે, પરંતુ અન્યમાં વિનિયોગ થયલો જણાય તો અવશ્ય પ્રભુના સ્વાંગીકાર વિષે વિના વિલંબે સંશય ઉદ્ભવે. માટે આ ચિંતાને કેમ તજવી ?

આ ચિંતાનું સમાધાન શ્રીવૈશ્વાનરાચાર્ય ઉક્ત શ્લોકના જ દ્વિતીય અર્ધથી કરે છે, 'વિનિયોગમાં પણ ચિંતા ત્યજવી.' કોઇ વેલાએ લોકભયાદિ પ્રાપ્ત થયા તેના નિવારણ માટે જીવ પોતાના દુષ્ટ સ્વભાવને વશ થઇને અન્યનો આશ્રય કરી બેસે છે; અને બહિર્મુખતા પ્રાપ્ત થાય છે, પરંતુ દયાલુ પ્રભુ તેનો ત્યાગ કરતા નથી, કેમ કે જીવના કરેલા કર્મની અપેક્ષા ભગવાન્‌ને છે જ નહિ; તેના કર્મ સામું અવલોકતા નથી, દુષ્ટ સ્વભાવથી ચપલ બનેલા જીવને ઉદ્ધારવાને આપ સમર્થ છે. માટે ચિંતા ન કરવી. જ્યારે નિવેદિત ભગવદીય જીવબુદ્ધિને વશ થઇને લોકભયથી અન્યાશ્રય વગેરે કરીને બહિર્મુખતાનું પાત્ર થાય છે, ત્યારે છેવટે તેના મનમાં એમ જ પશ્ચાત્તાપ થાય છે કે, મેં આ ઘણું જ નિંદ્ય કર્મ કર્યું; સાક્ષાદ્ ભગવાન્ મારા રક્ષક–રક્ષણહાર છે, છતાં મેં બીજાનો આશ્રય ક્યાં શોધ્યો ? આ પ્રમાણે અનુભવ થાય તો એમ અનુમાનાય છે કે, પ્રભુએ તેનો અંગીકાર કર્યો છે, પરંતુ પ્રતિબંધ સાથે કર્યો છે. અર્થાત્ તેને ભગવદ્ધર્માચરણ કરતાં પ્રતિબંધ થવાનો, અને ચિંતા પણ વળગવાની, તે ઉપરથી તેનો અંગીકાર છે, પણ સપ્રતિબંધ છે, એવા નિશ્ચય ઉપર આવવું.

મહાભારતમાં વાક્ય છે કે;–' હું [1]મારૂં સ્મરણ કરનારાઓનું

---

१. हराम्यघं मत्स्मर्तॄणां हविर्भागं क्रतुष्वहम् । वर्णश्च मे हरिश्चेष्टस्तस्माद्धरिरहं स्मृतः ।

પાપ હરૂં છું, વળી ક્રતુ-યજ્ઞમાંના હવિર્ભાગને હરૂં છું, વળી મને રંગ પણ લીલો ઇષ્ટ છે, માટે **હરિ** કહેવાઉં છું' આ વાક્યથી ભગવાન્ જ ભક્તના પાપને વિધ્વંસ કરે છે એવું નિશ્ચિત થયા પછી ચિંતા કરવી નિરર્થક છે. દીનભાવ જ્યારે ઉત્પન્ન થાય ત્યારે જ નિશ્ચય થાય છે કે પ્રભુએ મારો અંગીકાર કર્યો. (૫.)

અંગીકાર થયો છે કે નહિ, તે જાણવાને એક લક્ષણુ ઉપદેશીને બીજું ઉપદેશે છે.

**मूलम्—लोके स्वास्थ्यं वेदे तथा हरिस्तु न करिष्यति।**
**पुष्टिमार्गास्थितो यस्मात् साक्षिणो भवताऽखिलाः ॥ ६ ॥**

**સાન્વયપદાર્થ—लोके** ( લોકમાં ) **तथा** ( અને ] **वेदे** (વેદમાં) **स्वास्थ्यं** [ સુખપૂર્વક સ્થિતિ ) **तु** [ તો ] **हरिः** [ હરિ ) **न** ( નહિ ] **करिष्यति** [ કરે ] **यस्मात्** [ કારણુ કે ] [ જીવ ] **पुष्टिमार्गास्थितः** [ પુષ્ટિમાર્ગમાં રહેલો છે ] [ માટે ] **अखिलाः** [ સમગ્ર ] **साक्षिणः** [ સાક્ષીઓ ] **भवत** [ થાઓ ).

**અક્ષરાર્થ**—લોકમાં અને વેદમાં સુખપૂર્વક સ્થિતિ તો હરિ નહિ જ કરે, કારણુ કે જીવ પુષ્ટિમાર્ગમાં રહેલો છે, માટે સમગ્ર સાક્ષીઓ થાઓ.

**વિવેચન**—કોઇ વખતે પ્રવાહને વશ થઇને લૌકિક વાણિજ્ય-વ્યાપારાદિકમાં અને વૈદિક-આશ્રમધર્મમાં જો સ્થિતિ થાય તો વિઘ્ન જ આવી પડે, લેશ પણુ ફલને સંભવ રહે નહિ. ભક્ત દુઃખહર્તા હરિ લૌકિક વૈદિકમાં સ્વસ્થતા-સુખપૂર્વક સ્થિતિ તો નહિ જ થવા દે. અર્થાત્ કાયિક, વાચિક અને માનસિક સ્થિતિ લૌકિક અને વૈદિકમાં થઈ જાય તો વિઘ્ન પ્રાપ્ત થાય અને તેથી જ લૌકિક વૈદિક પણુ સિદ્ધ ન થાય-ન સુધરે, તો પછી તેનાં ફલની આશા તો ક્યાંથી જ રખાય ? ભગવાને જે જીવને સ્વબલથી સ્વીય તરીકે સ્વીકાર્યો, પછી તે જીવ ચંચલ થઇને લૌકિક વૈદિકમાં

આસક્ત થઈ જાય તો પ્રભુ તે કેમ સહે? અત્ર ષષ્ઠસ્કંધોક્ત વાક્ય પ્રમાણ–બીજ છે. 'હે [1]ઇંદ્ર, અમારા પતિ શ્રીહરિ પુરૂષના ધર્મ, અર્થ અને કામ, એ ત્રિવર્ગના સાધનનો વિઘાત–વિનાશ કરે છે. તે થવાથી જ ભગવદનુગ્રહનું અનુમાન થાય છે. જે અનુગ્રહ અત્યંત દુર્લભ છે; અન્યને પ્રત્યક્ષ નથી. ષષ્ઠસ્કંધમાં પુષ્ટિલીલાનિરૂપણ હોવાથી આ વાક્ય પણ પુષ્ટિપ્રકરણનું જ છે. વૃત્રાસુરને જ્યારે મહત્ સંકટ આવી પડયું ત્યારે તેણે તે વખતે ઉપર પ્રમાણે પોતાના ઉપર થયલી ભગવત્કૃપાનું અનુમાન કર્યું. તેવી રીતે નિવેદિત ભગવદીયને જેમ જેમ લૌકિક વૈદિક સંકટો આવતાં જાય તેમતેમ તેથી ભય ન પામતાં ભગવત્કૃપા જ માની લઇને આનંદિત થવું, સમજવું કે હું હવે ભગવત્કૃપાપાત્ર થવા લાગ્યો છું અને તે કરૂણાસિંધુ પ્રભુએ મારો અંગીકાર કરવા માંડયો છે. આવો બોધ જેને થયો છે, તેને સંબોધીને શ્રીવલ્લભાગ્નિ ઉપદેશે છે કે, 'સર્વ સાક્ષીઓ થાઓ.' સાક્ષીભૂત થઇને ભગવલ્લીલા અવલોકો. સપ્તમસ્કંધમાં કહ્યું છે કે;–જ્ઞાતિ, [2]માતપિતા, પુત્રો, ભ્રાતાઓ, સુહૃદ્વર્ગ, અને બીજા જે બોલે જે ઇચ્છે તેને અનુમોદન આપે જવું, ફક્ત મમતા રાખીને આસક્ત થવું નહિ. સાક્ષી થઇને અહંકારને–મમતાને તિલાંજલિ આપીને ભગવલ્લીલાનું દર્શન કરવું. આ વાક્ય ભગવદીય ગૃહસ્થના સદાચારનું નિર્દર્શન કરાવે છે. શ્રીમદાચાર્યવાક્યાનુસાર પણ લૌકિક વૈદિકમાં સાક્ષિવત્ સ્થિતિ કરીને પ્રભુકૃતિ–ભગવલ્લીલાનું દર્શન કરવું તે પણ અંગીકારનું ચિન્હ છે, તેવું થવાથી એનો પ્રભુએ અંગીકાર કર્યો છે, એમ નિશ્ચય થવામાં કંઈ પણ સંશય રહેતો નથી. (૬).

અત્ર એક શંકા થાય છે. લૌકિક વૈદિકમાં સુખપૂર્વક સ્થિતિ ન થાય માટે સાક્ષીવત્ તેના દર્શનનો ઉપદેશ કર્યો. એનું તાત્પર્ય

---

૧. આ શ્લોક પહેલાં આપવામાં આવ્યો છે.

**૨. ज्ञातयः पितरौ पुत्रा भ्रातरः सुहृदोऽपरे। यद्वदन्ति यदिच्छन्ति चानुमोदेत निर्ममः भा. स्कं. ७–अ. १४, ६.**

એટલું જ છે કે ધૈર્ય રાખવું. 'ત્રણે[1] દુઃખનું સહન કરવું તે ધૈર્ય.' ધૈર્યથી જ જો ચિંતાનિવૃત્તિ થાય તો અન્ય સાધનની આવશ્યકતા શી? ત્રણ દુઃખો સહન કરતાં સેવામાં પણ કોઈવાર પ્રતિબંધ આવી પડે, સેવા યથાયોગ્ય થાય નહિ, એટલે નિવેદનની વ્યર્થતા આવી ઉભી રહી! આવી રીતે બીજી જાતની ધર્મહાનિની ચિંતા પ્રાપ્ત થઈ!! આ ચિંતાના નિવારણ માટે શ્રીવલ્લભાગ્નિ આજ્ઞા કરે છે કેઃ—

**मूलम्—सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया॥**
**अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ॥७॥**

**सान्वयपदार्थ—गुरोः** (ગુરૂની) **आज्ञाबाधनं** (આજ્ઞાનો બાધ ન થાય એ પ્રમાણે) **सेवाकृतिः** (સેવા કરવી). **वा** (અથવા) **हरीच्छया** (ભગવદિચ્છાવડે) (ગુરૂની આજ્ઞાનું) **बाधनं** (બાધન) (પણ થાય). **अतः** (એટલા માટે) **चित्तं** (અંતઃકરણને) **सेवापरं** (સેવામાં તત્પર) **विधाय** (કરીને) **सुखं** (સુખેથી) **स्थीयतां** (રહો).

**અક્ષરાર્થ**—ગુરૂની આજ્ઞાનો બાધ ન થાય એ પ્રમાણે સેવા કરવી. અથવા ભગવદિચ્છાવડે ગુરૂની આજ્ઞાનું બાધન પણ થાય. એટલા માટે અંતઃકરણને સેવામાં તત્પર કરીને સુખેથી રહો.

**વિવેચન**—'જેની[2] જેવી દેવમાં ઉત્કૃષ્ટ ભક્તિ છે, તેવી ગુરૂમાં હોય તો તે મહાત્માને કહેલા આ અર્થ પ્રકાશે છે–સમજાય છે.' આ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌નું વાક્ય છે. શ્રીમદ્ભાગવત એકાદશ સ્કંધના ૨૯ મા અધ્યાયમાં કહ્યું છે કે;—'હે ઇશ,[3] આચાર્ય સ્વરૂપે,

---

૧. **त्रिदुःखसहनं धैर्यम्.** ૧. આધ્યાત્મિક, ૨. અધિભૌતિક, ૩. આધિદૈવિક, એ ત્રણ દુઃખો છે.

૨. **यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ, तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ श्वेताश्वतरोपनिषद्.**

૩. **नैवोपयन्त्यपचितिं कवयस्तवेश ब्रह्मायुषापि कृतमृद्धमुदः स्मरन्तः । योन्तर्बहिस्तनुभृतामशुभं विधुन्वन्नाचार्यचैत्यवपुषा स्वगतिं व्यनक्ति । भा. ए. स्कं. अ. २९.**

અંતર્યામિરૂપે, અંદર અને બાહાર, માણસોના પાપનો નાશ કરો છો, અને સ્વમાર્ગને વ્યક્ત–સ્પષ્ટ કરો છો. આવા આપના ઉપકારને કવિ લોકો અતિ હર્ષથી બ્રહ્માનું આયુષ્ય લઇને પણ સ્મરણ કરવા માંડે તો પણ તેનો પ્રત્યુપકાર કરવા અશક્ત જ નીવડે છે.’ વગેરે વાકયોથી ગુરૂની મુખ્યતા સમજાય છે. માટે ગુરૂની આજ્ઞાનો બાધ ન થાય તેમ સેવા કરવી, એ આત્મનિવેદનવાલાઓનો પરમ ધર્મ છે. તે ધર્મ સાક્ષીવત્ ભગવલ્લીલાના દર્શન કરવાથી છિન્ન ભિન્ન નથી થતો. સાક્ષીવત્ રહેવાથી સેવા વિરૂદ્ધ થઇ જવાય એમાં કંઇ કારણ નથી. લૌકિક વૈદિક વિષયમાં સાક્ષી પેઠે રહેવું, તેનો પોતાને સ્પર્શ ન થવા દેવો. સેવાના વિષયમાં સાક્ષી બની જવાનું કંઇ નથી, કે જેથી નવી ધર્મહાનિ આવી ઉભી રહે.

કોઇ વેળાએ વર્તમાન ભક્તોને વિશેષ ભગવદાજ્ઞા થાય, તે પણ ગુરૂની આજ્ઞાથી વિરૂદ્ધ થાય તો શું કરવું? એ સંશય થતાં શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે કે, “ત્યારે ગુરૂની આજ્ઞાનો બાધ થાય” સાક્ષાત્ હરિની ઇચ્છાથી ગુરૂની આજ્ઞાનો બાધ થવામાં કશી અડચણ નથી; જ્યાંસુધી ગુરૂએ બતાવેલી પ્રણાલિકાને અનુસરતાં શ્રી ઠાકુરજી સાનુભાવ ન થાય ત્યાં સુધી ગુરૂ–આજ્ઞાનો લોપ ન કરવો. જ્યારે પ્રત્યક્ષ થઇને વિશેષ આજ્ઞા કરે ત્યારે ગુરૂ–આજ્ઞાનો સ્વતઃ બાધ થઈ જાય.

આવી રીતે બાધ થાઓ અથવા ન થાઓ; પરંતુ સેવા તો આવશ્યક છે, મુખ્ય છે, માટે શ્રીમદાચાર્ય ચરણ ઉપદેશે છે કે સેવાપર અંતઃકરણ રાખીને સુખેથી રહો. સેવાપરાયણાંતઃકરણ થવાથી પરિણામમાં સુખ જ છે, એમ ગૂઢ અર્થ પ્રતીત થાય છે. સર્વમાં હરીચ્છા વિચારવી, તે ગુરૂ–આજ્ઞાનો બાધ કરે છે કે અબાધ, તેનું જ્ઞાન ભગવદનુભાવને અનુભવતા ભક્તને થાય છે. જેને પ્રભુ સાનુભાવ નથી, તેને ફલ–કાર્ય થયા પછી અનુમાન થાય છે કે, ભગવદિચ્છાવડે ગુરૂ–આજ્ઞાનો બાધ થયો છે.

અત્ર સંશય થાય છે. વાર્તાપ્રસંગમાં એક પ્રસંગ એવો દૃષ્ટિ-

ગોચર થાય છે કે, રાજભોગ સમયમાં નેત્ર મીંચીને પંખાથી ભગવત્સેવા કરતા મોટા દામોદરદાસજી પ્રત્યે શ્રીગોવર્ધનધરણે આજ્ઞા કરી કે હું સાક્ષાત્ ભોજન કરૂં છું તે અવલોક, નેત્ર ઉઘાડીને જો. ત્યારે દામોદરદાસજી પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે કે શ્રીમહાચાર્યજીની આજ્ઞા ભોગસમયે દર્શન કરવાની નથી, માટે હું નેત્ર ઉઘાડીને આપની આજ્ઞાને નહિ અનુસરૂં. આ પ્રત્યુત્તર સાંભલીને પ્રભુ દામોદરદાસજીની ગુર્વાજ્ઞાપરતાથી પ્રસન્ન થયા. આ ઉદાહરણથી એમ સિદ્ધ થાય છે કે, ગુર્વાજ્ઞાનેજ વલગી રહીને ભગવદાજ્ઞાનો બાધ કર્યો, તેથી પ્રભુ પ્રસન્ન પણ થયા. આશ્ચર્ય છે કે શ્રીવલ્લભાધીશ્વર તો તેથી ઉલટું ગુરૂની આજ્ઞાનો ભગવદિચ્છાવડે બાધ થાય એમ ઉપદેશે છે, એ બંનેમાં શું સમજવું ?

આનું ઉત્તર આ છે. સ્વસુખ–પોતાના–જીવના સુખ–માટે ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ ભગવદાજ્ઞા થાય તો તેને ન અનુસરતાં ગુરૂની આજ્ઞાનુંજ પાલન કરવું. પરંતુ જ્યાં પ્રભુ નિજેપ્સિત સામગ્રી વિષયક ગુરૂની આજ્ઞાથી વિરૂદ્ધ જીવને વિશેષ આજ્ઞા કરે તો ગુરૂની આજ્ઞાનો બાધ કરી ભગવદિચ્છાને આધીન થવું, એ ઉચિત છે.

આ સર્વમાં સેવાનીજ મુખ્યતા છે. 'પરિચર્યામાં પરિનિષ્ઠા' એ ભગવદ્વાકયોક્ત આત્મનિવેદન ધર્મનો અર્થ એ છે કે સેવામાં નિરંતર અત્યંત સ્થિતિ–આસક્તિ. એ પરિનિષ્ઠા શબ્દનો ભાવાર્થ છે. તે પ્રમાણ પણ સેવાની મુખ્યતાજ જણાવે છે. ૮.

અત્ર ચિંતા થાય છે કે, સાક્ષી પેઠે રહેવું એ દુઃખરૂપ ન હોય તો બની શકે, અથવા તો સ્વલ્પ–ન ગણકારાય એવું હોય તો રહેવાય, પરંતુ તેથી મહાદુઃખ આવી પડતું હોય તો કેમ રહેવાય ? સાક્ષીભૂત થઇને સહનશીલતા કેમ જલવાય ? સાંસારિક દુઃખો, પુત્રાદિ વિયોગજન્ય દુઃખો શું સ્વલ્પ પીડાકારક છે ? તેથી ઉત્પન્ન થતી ચિંતા શું આકુલ વ્યાકુલ નથી કરતી ?

આવી ચિંતા પણ ન કરવાની અષ્ટમ શ્લોકમાં શ્રીવલ્લભાધીશ્વર આજ્ઞા કરે છેઃ—

**मूलम्**—चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत् करिष्यति ॥
तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत्॥८॥

**सान्वयपदार्थ—हरिः** ( હરિ ) **चित्तोद्वेगं** ( ચિત્તમાં શોકને ) **विधाय** ( ઉત્પન્ન ) ( કરીને ) **अपि** ( પણ ) **यद्यत्** ( જે જે ) **करिष्यति** ( કરશે ); **तथा** ( તેવી ) **एव** ( જ ) **तस्य** ( શ્રીહરિની ) **लीला** ( લીલા ) (છે), **इति** ( એમ ) **मत्वा** (માનીને) **द्रुतं** (જલદી) **चिन्तां** ( ચિન્તાને ) **त्यजेत्** ( ત્યજવી ).

**અક્ષરાર્થ**—શ્રીહરિ ચિત્તમાં શોકને ઉત્પન્ન કરીને પણ જે જે કરશે; તેવી જ શ્રીહરિની લીલા છે, એમ માનીને જલદી ચિંતા ત્યજવી.

**વિવેચન**—અવશ્ય થનારાં દુઃખો કંઈ જીવનાં રોક્યાં રોકાતાં નથી માટે તે આવી પડતાં ચિત્તનું સમાધાન કરવું, એ જ સર્વોત્તમ ઉપાય છે. ચિત્તનું સમાધાન જ્ઞાનાત્મક ઉપાયથી થાય છે.

સપ્તમસ્કંધમાં પ્રહ્લાદચરિતનો પ્રારંભ કરતાં આ ઉપક્રમ પણ જણાય છે. હિરણ્યાક્ષના વધ પછી તેનો ભ્રાતા હિરણ્યકશિપુ પોતાના સહોદરનું વેર લેવાને અનેક અસુરોને ગોદ્વિજાદિની હત્યા રૂપ અધર્મ ઘોર કૃત્યમાં પ્રેર્યો. પછી પુત્ર વિયોગાર્તા સ્વજનનીને શાંત કરવાને ઉદાહરણ સહ સ્વકીય અનુભવને આ પ્રમાણે વર્ણવે છે. ઉદાહરણમાં સ્વજનનીને પ્રાચીન ઇતિહાસ કહી સંભળાવે છે. ‘ ઉશીનર દેશમાં સુયજ્ઞ નામનો રાજા રાજ્ય કરતો હતો, તે યુદ્ધ-માં–રણ સંગ્રામમાં શત્રુને હાથે માર્યો ગયો, પછીથી તેનું મરણ સાંભળીને જ્ઞાતિજનો ઘણા એકઠા થયા અને તેનો અંતઃપુરવર્ગ —સ્ત્રીગણ ઘણું જ આક્રંદ કરવા લાગ્યો, અને તેના મૃત દેહને લઇને સમય વીતાડવા માંડયો. શબના અંત્યેષ્ટિ સંસ્કાર વગેરે કરીને શબને ઠેકાણે પાડવાની પણ તેમને ખબર પડી નહિ. તેમ કરતાં સૂર્ય અસ્ત થયો, પરંતુ રાજાના બંધુવર્ગનો અને સ્ત્રીવર્ગનો

વિલાપ–શોક યુક્ત રૂદન શાંત થયું નહિ. તે સાંભળીને **યમ**રાજ પોતે બાળકરૂપે આવીને આ પ્રમાણે ઉપદેશ કરે છેઃ–'[1]ઘણાં વર્ષો ગાળીને મ્હોટા કહેવાતા ઉલટું જોનારા આ લોકોનો વ્યવહાર–લોકાચાર અને મોહ તો જુઓ. જ્યાંથી આવ્યો ત્યાં ગયો એવા મનુષ્યનો પણ, પોતાની એવી સ્થિતિ થવાની છે છતાં વ્યર્થ શોક કરે છે.' વગેરે લોકગતિજ્ઞાન કરાવ્યું તેથી **સુયજ્ઞ** રાજાના બંધુવર્ગનો શોક નષ્ટ થયો.

વળી ષષ્ઠ સ્કંધમાં કહ્યું છે કે;–'વિક્રય[2] કરવા યોગ્ય સુવર્ણાદિ અહીંથી તહિ જેમ માણસોમાં ફરી વળે છે, તેમ જીવ પણ કર્તૃ યોનિમાં ફરી વળે છે. આ વાક્યથી પુત્ર વિયોગાર્ત **ચિત્રકે**તુને **નારદ** ઉપદેશ કરે છે. આ જીવવિષયક વાક્યથી જીવને એવું જ્ઞાન થાય છે. જીવને દેહ સરખો દેહને જીવ તુલ્ય.

એકાદશ સ્કંધમાં પણ એમ જ ઉપદેશ છે. 'આ [3]શરીર શું માતપિતાનું છે? શું સ્ત્રીનું છે? શું સ્વામીનું છે? શું અગ્નિનું હશે? કે ગીધ માટે હશે? આત્માનું હશે? મિત્રનું હશે? આ પ્રમાણે વિચારતાં કશો નિશ્ચય નથી થતો.' આ જ્ઞાનથી **પુરૂરવસ્**ના ચિત્તનું સમાધાન થયું.

આવી રીતના ચિત્તસમાધાનના બીજા ઘણા પ્રકારો છે. તે જાણી લેવા. આ સર્વ પ્રકારો આત્મનિવેદનવાળાઓને કશા કામના નથી; કેમકે તેમાં ભગવત્સ્મરણ જેવું કશું નથી, લૈકિક સમાધાન છે, ભગવત્સ્મરણ જેમાં કિંચિદંશે પણ ન હોય તેવા પ્રકારો આત્મનિવેદિઓને વ્યર્થ જ છે.

---

**१. अहो अमीषां वयसाधिकानां विपश्यतां लोकविधिं विमोहम् । अत्रागतस्तत्र गतं मनुष्यं स्वयं सधर्मा अपि शोचन्त्यपार्थम् ॥ भा. स्क. ७–२.**

**२. यथा वस्तूनि पण्यानि हेमादीनि ततस्ततः । पर्यटन्ति नरेष्वेवं जीवो योनिषु कर्तृषु । भा. ष. स्कं. १५.**

**३. पित्रोः किं स्वनु भार्यायाः स्वामिनोऽग्नेश्च गृध्रयोः किमात्मनः किं सुहृदामिति यो नावसीयते ।**

એકાદશમાં પ્રભુએ પ્રભાસીયલીલા કરીને યાદવોનો સંહાર કર્યો, એ કથા સુપ્રસિદ્ધ જ છે. ત્યાં પરસ્પર યાદવોનાં ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન કરીને માયાએ રચેલી લોકમર્યાદાના રક્ષણાર્થે અને આગામી સમયમાં નિત્યસુખાર્થે સંહારલીલા આદરી. આ ઉપરથી એ તાત્પર્ય ગ્રહણ કરવાનું છે કે, ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન કરીને પણ પ્રભુ જે કંઇ કરે છે, તે એક પ્રકારની શુભપરિણામવતી ભગવલ્લીલા જ છે, એમ અવધારવું. ચિંતા કરવી નહિ. સ્મરણ કરનારાઓના પાપપુંજનો પરિહાર કરનાર સમર્થ ધણી ભગવાન્ છે જ, તે પાપોને દૂર કરવાને જે શુભ અથવા અશુભ કહેવાતું ઉપર ઉપરથી જ જણાતું જે કંઇ કરશે, તે પણ સાક્ષાત્ અથવા કોઇ દ્વારાએ, એ સર્વ વિવિધ વિચિત્ર ભગવલ્લીલા જ છે. આવી રીતે જીવના મહાપાતકોનો નાશ કરવાને પ્રભુ અવનવી લીલા કરે છે, માટે સાધકબાધક પ્રમાણોવડે તેનો પુખ્ત વિચાર કરીને ચિત્તમાં ખટકનારી ગમે તેવી પણ ચિંતા પલમાત્રમાં ત્યજવી. જો બહુ સમય વ્યતીત થશે તે આસુરાવેશ થઇ જશે, તેથી વળી મહદ્ દુઃખ આવી પડશે, તેથી મુખ્ય ફલમાં પ્રતિબંધ અથવા વિલંબ થશે, માટે ચિંતાને સ્વલ્પ પણ સ્થાન આપવું નહિ. (૮.)

આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય જીવને સેવામાં અધિકાર આપનાર નિવેદન પરત્વે ઉદ્ભવતી ચિંતાની નિવૃત્તિનો ઉપાય ઉપદેશ્યો. ગુરૂપદેશને અનુસરવું, સેવામાં બાધ ન આવે તેમ સાક્ષિવત્ સ્થિતિ રાખવી, અને સર્વ ભગવલ્લીલા છે, એવા ઉપદેશથી એક વિધ વૈરાગ્ય ઉપદેશ્યું. આ સર્વ આજના સમયમાં અશક્ય છે. સમયના ગુણથી ચિત્ત ઘેરાઈ જઇને એટલું બધું ખળભળી ઉઠે છે કે, તેની સ્થિરતા જાળવી રાખવાની આકાંક્ષા સ્વપ્ને પણ દુર્લભ! જ્યાં ચિત્તની સ્થિરતાનું સ્થલ નથી ત્યાં ઉપદેશ અસ્થાને છે. જ્યારે ઉપદેશ જ અશક્ય જણાય છે, ત્યાં તેની સિદ્ધ થવાની વાત તો સુદૂર જ. અનુક્રમે શ્રવણાદિ ભક્તિ પ્રારંભીને સખ્ય સુધીજઈ પોહોચિએ ત્યારે તો નિવેદનનો અધિકાર આવી મલે. પછી નિવેદન વાર્તા. તેમાં શ્રવણાદિક ભક્તિ જ એવી દુષ્પ્રાપ્ય

છે કે તે સિદ્ધ થતાં કેટલોએ કાળ વીતે, તો પછી નિવેદન એથી કેટલુંએ દૂર રહેતું હશે ! **શ્રવણ** ભક્તિ એટલે ભગવદ્વાચક વાક્યોનું ગુરૂ મુખથી તાત્પર્ય સમજવું, નિશ્ચય કરવો, પછી તેનું તે જ અન્ય ભગવદીય પાસે કથન તે **કીર્તન** તેનાં અર્થનું વારંવાર અનુસંધાન કરવું તે **સ્મરણ** આ સર્વ દુર્લભ છે. પહેલાં તો એવા ગુરૂ જ મલવા દોહ્યલા છે, કે જેઓ ભગવદ્વાક્યોનો નિર્ધાર કરાવી આપે. તેવા શિષ્યહૃત્તાપહર્તા ગુરૂઓ આજના સમયમાં ક્યાં છે ? પછી શ્રવણ ભક્તિની આશા જ શા માટે ? તે ન મલે તો કીર્તન, સ્મરણનો સંભવ ક્યાંથી ? આ ત્રણ ભક્તિ ન હોય તો ભગવદ્રૂપનું જ્ઞાન પણ ક્યાં ? તેના અભાવમાં પાદસેવનાદિનો પરિચય પણ શી રીતે ? આ પ્રમાણે કાલાદિક દોષરૂપ પ્રતિબંધથી સર્વ અશક્ય થઈ પડે છે. માટે જ ચિંતાનું અને અન્ય વિનિયોગનું અત્યાર સુધી થયલું સમાધાન કર્શો પણ અર્થ સારતું નથી. શ્રીકૃષ્ણાસ્યરૂપ વલ્લભ પ્રભુ આ સર્વનો વિચાર કરીને શ્રવણાદિક અષ્ટ ભક્તિરૂપ સાધનોને અને આત્મનિવેદનરૂપ નવમભક્તિરૂપી ફલને એક કરીને, પૂર્વોક્ત અશક્ય જણાતાં સાધનો સુસાધ્ય થઈ પડે તેમ સમાધાન કરે છેઃ—

**મૂલમ્—तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ॥**
**वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥ ९ ॥**

**સાન્વયપદાર્થ—तस्मात्** ( તેથી ) **सर्वात्मना** ( સર્વ પ્રકારે ) **नित्यं** ( નિરંતર ) **श्रीकृष्णः शरणं मम** (એમ) **सततं** ( પ્રતિપલે ) **वदद्भिः** ( બોલતાં બોલતાં ) **एव** ( જ ) **स्थेयं** ( રહેવું ), **इत्येव** ( એવીજ ) **मे** ( મારી ) **मति** ( બુદ્ધિ ) ( છે ).

**અક્ષરાર્થ**—તેથી સર્વ પ્રકારે નિરંતર **श्रीकृष्णः शरणं मम** એમ પ્રતિપલે બોલતાં બોલતાં જ રહેવું, એવીજ મારી બુદ્ધિ છે.

**વિવેચન**—પ્રથમ કહ્યા પ્રમાણે સર્વ અશક્ય છે, માટે સર્વાંશે પ્રભુને જ શરણે જઈશું તો તે જ બધું સિદ્ધ કરશે, કશું અશક્ય નહિ થઈ પડે, વાસ્તે પ્રભુનું જ શરણ ઇષ્ટતમ છે.

ભક્તિમાર્ગમાં પ્રવેશ થવામાં અને તેમાં રૂચિ પણ ઉત્પન્ન થવામાં ભગવદનુગ્રહ જ હેતુ છે. વરણ શ્રુતિ વદે છે કે;–'જેને[1] આ (પ્રભુ) વરે છે, (સ્વીયત્વે કરીને જેનો અંગીકાર કરે છે), તે વડે જ આ (પ્રભુ) લભ્ય–પ્રાપ્ય છે.' **ભક્તિહેતુનિર્ણયમાં** આ વિષયનું સ્પષ્ટ પ્રતિપાદન છે. આવો ભગવદનુગ્રહ થયા પછી કાલ, કર્મ, સ્વભાવ જો પ્રતિબંધ નાંખવા આવે તો તેને તોડવાને સર્વ નિયામક પ્રભુ જ સમર્થ–શક્તિમાન્ છે, બીજાથી તેની નિ-વૃત્તિ થાય એવી આશા રાખવી વ્યર્થ જ છે, આમાં શરણાગતિ-રૂપ જ સાધન છે. **અર્જુનને** ભગવાન્ ઉપદેશે છે કે;–'સર્વ[2] ધર્મોનો પરિત્યાગ કરીને મને જ શરણ થા, હું તને સર્વ પા-પથી મુક્ત કરીશ; શોક મા કર.' આ પ્રમાણે જ કુરભાજન નામના યોગેશ્વર પણ એકાદશસ્કંધમાં કથે છે કે;–'સર્વ[3] ત્યજીને શરણ્ય મુકુંદને સર્વાત્મભાવવડે જે પુરૂષ શરણ જાય છે, તે દેવ-ર્ષિ, ભૂત, આપ્ત–સંબંધી, નર, પિતૃ, એમાંના કોઇનો પણ દાસ અથવા તો ઋણી નથી.'

આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે અંગીકૃત થયલો જીવ ઉપર પ્રમાણે સાધનો સિદ્ધ કરવામાં અશક્ત નીવડે તો શરણ્ય પ્રભુ સર્વ તેનું સિદ્ધ કરશે એવો શ્રીમદાચાર્યજીનો આશય છે.

ત્યારે આહ સ્વાભાવિક સંશય ઉઠે છે કે શ્રીમહાપ્રભુએ ચિંતા નિવૃત્તિનું આ છેલ્લું પરમોત્કૃષ્ટ કારણ પહેલાં જ કેમ ન ઉપદેશ્યું ? આટલા વિસ્તાર પછી જ ઉપદેશ્યું તેમાં શું રહસ્ય સમાયલું છે ?

---

१. यमेवैष वृणुते तेनैष लभ्यः ।

२. सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

३. देवर्षि भूताप्तनृणां पितृणां न किङ्करो नायमृणी च रा-जन् । सर्वात्मना यः शरणं शरण्यं गतो मुकुन्दं परिहृत्य कर्तम् ॥
भा. प. स्कं. अ. ५-४१.

આનું સમાધાન આ છે. પ્રથમ ભક્તિમાર્ગીય અનેક અંશોનો વિચાર કરવો જોઇએ, પછી જ્યારે તેમાં કાલાદિકૃત પ્રતિબંધોના અસ્તિત્વનું ભાન થાય ત્યારે છેવટે પોતાની સાધનો સિદ્ધ કરવાની અશક્તિ સમજાય પછીથી સર્વ પ્રકારે શરણાગતિ કરીને **શ્રીકૃષ્ણઃ શરણં મમ** એ જપવાના નિશ્ચય ઉપર અવાય. શ્રીકૃષ્ણાશ્રયમાં પણ એમ જ આજ્ઞા છે. તેમાં કહ્યા પ્રમાણે પહેલાં કાલ કર્માદિક પોતાને કંઇ પણ સાહાય્ય કરે એમ નથી એવો દૃઢ નિશ્ચય થયા પછી વિવેક, ધૈર્ય, આશ્રય, ભકિતરૂપ સાધનો સ્વસાધ્ય છે એ દૃઢ કર્યા પછી દીનભાવથી સર્વ પ્રકારે શરણાગતિ સિદ્ધ થાય છે. તેથી આ ઉપદેશ પણ પહેલથીજ કર્યો હોત તો તેમાં કશી હાનિ નહતી; પરંતુ અનુક્રમે વિસ્તૃત વિચારથી જે સિદ્ધાંત દૃઢ થાય છે, તે યુગપદ્ કહેવાથી દૃઢ નથી થતા. વાસ્તે છેલ્લી વેળાએ આ ઉપદેશ કર્યો તેનું કારણ એજ છે કે સર્વ પ્રકારે સર્વાંશે શરણાગતિ સિદ્ધ થાય.

શ્લોકમાંના **નિત્યં** એ પદથી એવો અર્થ નિઃસરે છે કે, શ્રીકૃષ્ણનું શરણ્યત્વ નિરંતર સ્મરવું. એક પલ તેના સ્મરણ વિના વીતે તો કાલ–સમયના બલથી આસુરાવેશ થઈ જાય.

**શ્રીકૃષ્ણઃ શરણં મમ** એનું સ્મરણ અંતઃકરણમાંજ કર્યા કરે તો ચાલે કે નહિ એમ જો કહે તો શ્રીવલ્લભાગ્નિ આજ્ઞા કરે છે કે, કેવલ સ્મરણ જ નહિ, પરંતુ તેમ 'પ્રતિપલે બોલતા રહેવું.' વાણી તેજોમયી છે, વાગધિષ્ઠાત્રી દેવતા અગ્નિરૂપા છે, તે વાણીરૂપા થઇને મુખમાં પ્રવેશી પ્રકાશે છે. એમ શ્રુતિ વદે છે. માટેજ **શ્રીકૃષ્ણઃ શરણં મમ** એ બોલવાથી અંતઃકરણમાં પણ પ્રકાશ પડે છે. બોલવામાં વૈખરી વાણીનો ઉપયોગ છે. તથાપિ પશ્યંતી વાણી અંતઃકરણમાં પ્રકાશ ફેલાવે છે. તેથી ભગવન્નામયુક્ત પ્રકાશના બલવડે આસુરાવેશ પલાયન કરે તેમાં આશ્ચર્ય શું ? વળી બોલવાથી બેના ઉપકાર. એક તો પોતાનો અને જે બીજો સાંભળતો હોય તેનો. બીજો પુરુષ પહેલાને બોલતો સાંભળીને પોતે પણ બોલવા

મંડી પડે. એ પણ એક પ્રકારનું આનુષંગિક ફલ છે, માટેજ શ્રી- મહાપ્રભુ આજ્ઞા કરે છે કે, **श्रीकृष्णः शरणं मम** એમ પ્રતિપલે બોલતાં રહેવું.

આ પ્રમાણે તો શરણાગતિનીજ–આશ્રયનીજ મુખ્યતા પ્રાપ્ત થાય છે, સેવાની નહિ. પહેલાં સમગ્ર ગ્રંથમાં તો નિવેદન પછી સેવાનો ઉપદેશ છે, તેનો અને આ સિદ્ધાંતનો પરસ્પર વિરોધ પ્રાપ્ત થશે. આ શંકા કરવી યોગ્ય નથી. **श्रीकृष्णः शरणं मम** એમ બોલતાં બોલતાં સેવાપરાયણ થવું એવો ફલિતાર્થ છે. માત્ર અષ્ટા- ક્ષરને ઉચ્ચારીનેજ બેસી રહેવાનું નથી, પરંતુ ચિંતાને ચિતામાં હોમી દઇને, સળગાવી દઇને ભગવત્સેવાપરાયણ થવું. અત્ર સ્વતંત્ર શરણોપદેશ નથી, પરંતુ સેવાને અંગે તદુપદેશ છે. સ્વતંત્ર ઉપ- દેશ હોય તો વિરોધ પ્રાપ્ત થાય, તેમ ન હોવાથી વિરોધની સં- ભાવના પણ નથી.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે, મારી મતિ એવી છે, અર્થાત્ મારી બુદ્ધિમાં તો આમ નિશ્ચય છે. આ કથનનું વિશુદ્ધ તાત્પર્ય આ છે.

દશમસ્કંધમાં અક્રૂરજી ભગવાન્‌ની સ્તુતિ કરતાં કહે છે કે; '[1]અસત્ પુરુષોને દુર્લભ એવા આપના ચરણ સમીપમાં હું આવ્યો છું, એ પણ હે ઇશ, આપનો અનુગ્રહ થયલોજ મને લાગે છે.' આ સ્તુતિને અનુસરીને વિચાર કરતાં એમ સિદ્ધ થવા જાય છે કે, ભગવચ્છરણાગતિ દુર્લભ છે; પરંતુ 'જેને પ્રભુ વરે છે તે વડે તે પ્રાપ્ત છે' એ શ્રુતિ તો ભગવદનુગ્રહથી ભગ- વત્પ્રાપ્તિ અવબોધે છે. તેને અનુસરીનેજ શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે, મારી મતિમાં એમજ આવે છે કે જ્યારે પ્રભુ અનુગ્રહ કરે છે ત્યારેજ શરણાગતિ સર્વાંશે ફલે છે, નહિ તો નહિજ. અક્રૂરજી પણ છેવટે વદે છે કે;–'આપના ચરણસમીપમાં–આપને

---

१. साहं तवाङ्घ्र्युपगतोऽस्म्यसतां दुरापं तच्चाप्यहं भवदनुग्रह ईश मन्ये । पुंसो भवेद्यर्हि संसरणापवर्गस्त्वय्यब्जनाभ सदुपासनया मतिः स्यात् ॥ भा. द. स्कं. ४०-२८.

શરણે હું આવ્યો છું એ પણ હે પ્રભુ, આપનો અનુગ્રહજ થયલો માનુ છું.' જ્યારે પુરુષને સંસારથી મુક્ત થવાનો પ્રસંગ આવે છે, ત્યારે હે કમલનાભ, સત્પુરૂષ સેવાથી આપનામાં મતિ થાય છે.' માટે આ ભક્તિમાર્ગમાં કૃપાજ સાધન છે. શ્રુતિને અનુસરીને માર્ગમાં પ્રવેશ થાય, તેમાં રૂચિ થાય, ત્યારે સમજવું કે ભગવદનુગ્રહ થયો છે. તદીયોએ તો એમજ કરવું અને વદવું. કદાચ તેનો નિર્વાહ યથાસ્થિત ન થાય તો ભગવદિચ્છાજ માનીને સ્વકર્તવ્યપરાયણ તેણે થવું, ભગવદિચ્છા વિના પ્રતિનિધિરૂપ પણ અન્ય સાધન આ માર્ગમાં અસ્તિત્વ ભોગવતું નથી. ગીતામાં પણ શ્રીમુખેજ આજ્ઞા કરે છે કે;–'હે અર્જુન, હું તને સર્વ પાપથી મુક્ત કરીશ **તું શોક મા કર.**

**શ્રીકૃષ્ણ** પદ ભક્તિ સહિત રસાત્મક પરમાનંદ વિગ્રહ પૂર્ણપુરૂષોત્તમને જણાવે છે, એ સર્વ પહેલાં વિવેચ્યું છે. તેવા શ્રીકૃષ્ણ મારૂં શરણ છે એવો બોધ અષ્ટાક્ષર મંત્રથી થાય છે. પ્રભુજ સ્વરક્ષક છે, એમ પણ પ્રતીત થાય છે. માટે આખા વાક્યનું તાત્પર્ય ત્યાંજ સમજાય છે. આ પ્રમાણે ગુરૂમુખથી **વ્રજમાં** (શ્રીગોકુલમાં) શ્રવણ કર્યા પછી શ્રવણપૂર્વક અન્ય સ્વરૂપ અને ફલની પણ ગુરૂમુખથી સિદ્ધિ થાય છે.

**સારાંશ**—જેનો પ્રભુ સ્વીયત્વે કરીને અંગીકાર કરે છે, તેજ ભક્ત પ્રભુને મેળવી શકે છે, એ શ્રુત્યુપદિષ્ટ સિદ્ધાંતને અનુસરીને ભગવદનુગ્રહ સાધ્યજ આ માર્ગ છે, માટે ભગવદનુગ્રહ સિદ્ધ કરવાને પ્રભુની શરણ્યતા નિરંતર સ્મરવી, એ ભાવાર્થ નિષ્પન્ન થાય છે. (૯).

આ પ્રમાણે ગ્રન્થના સ્ફુટ તાત્પર્યનું દોહન કરીને શ્રીમદગ્નિકુમાર શ્રીવિઠ્ઠલાધીશ્વર આજ્ઞા કરે છે કે—

**भक्तिमार्गे प्रवृत्तस्य दार्ढ्यार्थमिदमुच्यते ॥**
**अन्धस्य सूर्य इव तद्विमुखस्यात्र नार्थता ॥ १ ॥**

**અક્ષરાર્થ**—ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થયલાઓને નિશ્ચય થવા

સારૂ આ કહેવાય છે. આંધલાને જેમ સૂર્ય નિરર્થક છે, તેમ ભક્તિમાર્ગથી વિમુખોને આથી કશો અર્થ સરશે નહિ.

**રહસ્ય**—ભગવત્કૃપાથી જે પોતાની કૃતાર્થતા માટે ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થયો હોય તેને નિશ્ચય થવા સારૂ, ફલનો નિશ્ચય થવા વાસ્તે, તેની શુભ પ્રવૃત્તિ અટકી ન પડે માટે **નવરત્ન** અને મંત્ર ઉપદેશાય છે. તેથી ઉદ્વેગની નિવૃત્તિ પણ તેની જ થાય છે. તેવા અનન્ય ભગવદીય જેને પ્રિય છે, એવા પ્રભુ તેવા ભગવદીયનું જ શ્રેય કરે છે. સાધારણ લોકો માટે આ વિવેચન કશા કામનું નથી. ભક્તિમાર્ગથી વિમુખને—બહિર્મુખને તો નિરર્થક જ છે, કેમકે આ ગ્રંથનો અધિકારી ભગવદીય છે, બહિર્મુખ નથી, માટે તેવા લોકોને આ ઉપદેશ નથી.

આ ગ્રન્થ ભગવત્સિદ્ધાંતના સારરૂપે છે, એવો અર્થ શ્રીવિઠ્ઠલાધીશ્વર ઉપદેશે છે—

**भक्तिमार्गसुधासिन्धोर्विचारमथनैः स्वयम् ॥**
**स्फुटीकृतानि रत्नानि श्रीमदाचार्यपण्डितैः ॥ २ ॥**

**અક્ષરાર્થ**—ભક્તિમાર્ગરૂપી અમૃત સમુદ્રના વિચાર મથનથી શ્રીમદાચાર્ય પંડિતે આ **નવરત્નો** સ્ફુટ કર્યાં છે.

**રહસ્ય**—શ્રીમહાપ્રભુજી પંડિત છે. સદસદ્વિવેક કરી જાણે તે પંડિત એમ શાસ્ત્રો કહે છે. પણ તેવો અર્થ અત્ર વિવક્ષિત નથી. અહિં તો ભાગવતશાસ્ત્ર એકાદશ સ્કંધમાં જેવો અર્થ ઉપદેશે છે, તે અત્ર ગ્રાહ્ય છે. 'બંધ અને મોક્ષ જાણનાર પંડિત' એવો અર્થ ભાગવતોક્ત છે. શ્રીમહાપ્રભુ તેવા જ અલૌકિક અદ્વિતીય પંડિત છે. ગીતામાં પણ પ્રભુ આજ્ઞા કરે છે કે, 'જેના સર્વ સમારંભો કામ અને સંકલ્પથી રહિત છે, અને જ્ઞાનાગ્નિથી જેમના કર્મ દગ્ધ થઈ ગયાં છે તેને બુધ પુરૂષો પંડિત કહે છે' સાધારણ પંડિતોને તો આવો પરમ રમણીય ભક્તિમાર્ગ જ ન સૂઝે.

આ **નવરત્ન** ગ્રંથ ઉપર શ્રીમત્પ્રભુચરણે 'પ્રકાશ' શા માટે લખ્યો તેનું કારણ આપ પોતે જ જણાવે છે—

**मयोज्ज्वलीकृतानीत्थं हृदि धृत्वा व्रजाधिपम् ॥**
**भजन्तु भक्ता येनासौ न विमुञ्चन्ति कर्हिचित् ॥३॥**

**અક્ષરાર્થ**—મેં વ્રજાધિપ-શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપીને આ પ્રમાણે રત્નોને ઉજ્વલ કર્યાં છે. તે ( રત્નને હૃદયમાં ધરીને ) ભક્તો પ્રભુને ભજો, જેથી આ કદી છોડશે નહિ.

## સમગ્ર ગ્રંથનો સાર.

સમગ્ર ગ્રંથનું સિંહાવલોકનન્યાયે નિરીક્ષણ કરતાં આ તાત્પર્ય નીકલે છે.

ભગવત્સેવામાં જેઓનું ચિત્ત એકતાન થઈ ગયું છે, પ્રભુની જેને લગની લાગી છે, શુદ્ધ ચિત્તથી સેવામાં પરાયણ થઇ રહે છે, તેઓએ દુઃસંગનો પૂર્ણ ત્યાગ કરીને સ્ત્રી પુત્રાદિ પરિકરમાં ભગવદીયત્વનું સ્મરણ કરીને પૂર્વે કહ્યા પ્રમાણે ચિંતા ત્યજવી. સર્વ સ્થલે એમ જ માનવું કે, હું કંઈ પણ કરવાને અસમર્થ છું, જે કંઈ થાય છે તે ભગવત્કૃપા બલથી થાય છે, મારામાં તંનું સામર્થ્ય અસ્તિત્વ નથી ધરાવતું. આવી રીતે સર્વ પ્રભુનું છે એમ નિશ્ચય કરીને દીનભાવથી નિરંતર પ્રતિપલે **श्रीकृष्णः शरणं मम** એ અષ્ટાક્ષરનું અનુસંધાન-સ્મરણ કરવું. પછી ઉદ્વેગ, ચિંતા, શોક એ સર્વ ત્યજવાં. તે પ્રતિબંધ જ્યાં દૂર થયા કે ત્યાં અલૌકિક અનેક રસાત્મક પ્રભુની લીલાની સાનુભાવતા કરાવનાર આધિદૈવિકી સેવા પણ પ્રાપ્ત થશે. માટે પૂર્વોક્ત પ્રકારે સેવાપૂર્વક સર્વાંશે ભગવાન્‌ને શરણે જવું, ચિંતા ત્યજવી, એ જ પરમ સાધન છે. આ અર્થ નિષ્પન્ન થાય છે.

**कथं लोकासक्तिं सपदि शमयेयुः शमयुताः**
**भवेदाविर्भावो भुवि यदि न वागीश भवतः ॥**

**श्री हरिरायचरणाः ।**

સમાપ્ત